# કુમાર

તંત્રી રવિશંકર રાવળ

અંક ૬૩





ફાગણ ઉગતી પ્રજાનું માસિક ૧૯૮૫






## ચેતવણી




**તંત્રી** રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

**લવાજમ** વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨
**ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.
**લેખકો:** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.




**નૈનીતાલ**

( ચિત્રકાર : રવિશંકર રાવળ )

ફાગણ ’૮૫ના ‘કુમાર’નું મુખચિત્ર

# કુમાર

ફાગણ
૧૯૮૫

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક


## ઝંખના

( દ્રુતવિલંબિત )

પુનિત પાવક અંતર સ્પર્શતા,
પ્રજળતું ચિત ચિંતન-દર્શને;
પ્રબળ પૌરુષ દેશ-હુતાશને
હૃદય ઝંખતું ભવ્ય સ્વતંત્રતા.

પ્રલય-મત્ત પ્રચંડ સમીર શો
દસ દિશે વિકરાળ ઘુમું હવે;
સકળ સ્વપ્ન મૃદુ ઉગી વિરમે
નયન પુણ્ય-પ્રકોપ જળી રહે.

સુભગ ઉજ્જ્વલ યૌવન હોમીને
હૃદય રંગની મંગળ ભાવના
પ્રકટશે યુગ-ચેતન-જ્યોત ને
અટલ સાધીશ જીવન-સાધના.

નૂતન રાષ્ટ્ર તણો ધ્વજ ધારીને
ઘુમીશ જીવન-જંગ પછી જગે.

ચમનલાલ ગાંધી




જાતીય પ્રશ્નોની ચર્ચા એટલે શરીરની નગ્નતા અને ઢાંકેલા અવયવોની જ વાત, એવું ઘણા માની બેઠા હોય છે. પરિણામે જીવનની મહત્ત્વની બાબતો પર સમાજમાં કાયમ પડદો રહે છે ને જે વિષયનું જ્ઞાન દરેક જણને બહુ સ્પષ્ટરીતે સમજણપૂર્વક મળવું જોઈએ તે વિષયના કઢંગા ખ્યાલો દરેક જણ ગમે તે રીતે મેળવીને અનેક ભુલોમાં ગોથાં ખાતાંખાતાં ઘણે વર્ષે સાચી સમજ મેળવે છે. એ લાંબા ગાળા દરમ્યાન તો તેણે જુવાની વીતાવી નાખી હોય છે ને ભૂતાવળ સમી ભૂતકાળની ભુલો તેના હૈયામાં અસંતોષ ને પશ્ચાત્તાપની ભઠ્ઠી જળાવી રહી હોય છે.

નગ્નતા જ દૂષણ રૂપ હોત તો નાનાં બાળકો શરીરનો કોઇ પણ અવયવ ઢાંક્યા વિના રખડતાં દેખાય છે તેમને જોઇ સૌ શરમાત. જાનવરોનું કોઇ અંગ કે ક્રિયા ગુપ્ત હોતાં નથી અને સંસાર તેનાથી શરમ પામતો નથી છતાં જ્યારે પણ મોટાં માણસોને શરીરની ગુપ્ત ક્રિયા કે અવયવ વિષે કહેવાનું હોય છે ત્યારે તે અગાધ શરમના ભારથી માત્ર સંકેત કરતાં પણ અચકાય છે એ શું સૂચવે છે? કે આપણે શરીરના સ્વાભાવિક ધર્મોને પણ પાપની છાપ આપી છે. શરીરના ઢાંકેલા અવયવો, સાધારણ રીતે નાક, આંખ મોં વગેરે જેવાં દ્વાર માત્ર છે. એ અવયવો મારફત શરીરની ક્રિયાઓ રાત દિવસ દરેક જણને કરવી જ પડે છે અને દરેક જણને તેના અસ્તિત્વનું પ્રબળ ભાન પણ હોય છે. એ અવયવોમાં કોઈ જ પાપનો ઉદ્ભવ નથી થતો. માણસો જ ભુલથી એક પ્રકારને બીજામાં ભેળવી દઇને બંનેને સરખા દોષિત ઠરાવે છે.

અવયવોને લીધે જ જાતીય પ્રશ્નો

**મુસીબતો વિનાનો પુરુષાર્થ એ સુગંધ વિનાના પુષ્પ અથવા જળ વિનાના મેઘની પેઠે નિરર્થક છે.**

ઉભા થાય છે એ વાત કેવળ ભ્રમ છે. બાળક અમુક અવસ્થાએ પહોંચે છે ત્યારે તેનામાં સ્વાભાવિકપણે કુદરતી ક્રમે કેટલાક આવેશો ઉત્પન્ન થાય છે. તે કોઇ અજબ માનસક્ષોભ અનુભવે છે. શરીરમાં જણાતી એ નવી સ્થિતિને બરોબર નહિ ઓળખી શકવાથી વિદ્યાર્થી કે યુવાન તેને શાંત કરવા કોઇ પ્રકાર શોધે છે. દુનિયામાં કોઇને પુછવા જતાં તેની મશ્કરી થાય છે, અથવા ચુપકીદીની કડક સીધી આંગળી તેને દેખાડવામાં આવે છે. એથી તો તે ઉલટો વધુ અકળાય છે; અને પોતે એકલો જ આમાં હેરાન થાય છે માની, એકાંતિક રીતે પોતાની મેળે પોતાનો ખુલાસો શોધે છે. શરીરના ઉશ્કેરાટનો સમાવેશ, શરીરમાંથી કંઇક નીકળી જાય તો થાય એવું તેને લાગે છે. તેનું પ્રત્યક્ષ ભાન તેના અવયવો દ્વારા તેને થાય છે, અને તેના પર પ્રયોગ કરતાં તે તેનો દુરુપયોગ શીખી જાય છે. શરીરમાં ઉભરાતો આવેશ આ રીતે શમાવતા જતાં તે જીંદગી આખી માટે શયતાનને વેચાય છે. પછી તો એ ક્રિયા તેના જીવનની મહા ગુપ્ત ઉપાસના બની જાય છે. તે દુનિયામાં બહારથી દંભ કરતો રહે છે:—એટલી હદ સુધી કે મૃત્યુ બિછાને પડેલા દર્દી પાસેથી પણ કબુલાત કરાવવાનું ભલભલા વૈદ્ય ડાક્ટરોને મુશ્કેલ પડે છે.

એ આવેશમય અવસ્થામાં માણસને યોગ્ય જ્ઞાન કે સલાહ મળી જાય તો તે બચી શકે છે, સુધરી શકે છે અને પૂરેપૂરા સજ્જન તરીકે જીવન ભોગવી શકે છે. કેટલાક તો સમજતા છતાં ફરીફરી એ આવેશની મોહનીમાં ફસાય છે, અને પોતઃ જેવા બીજાઓની સાથે પણ ખાનગી નષ્ટચેષ્ટા ચાલુ રાખી દુનિયાથી છુપાવે છે. પણ પરિણામ છુપાં રહી શકતાં નથી. તેમનાં જીવન ધુળ મળી જાય છે; લગ્નસંસારમાં ઝેર રેડાઇ જાય છે; નિરાશા, પશ્ચાત્તાપ કે ઘણીવાર આત્મઘાતના ઓળા હમેશાં તેમની આસપાસ ભયંકર નૃત્ય કર્યા કરે છે.

જાતીય વિકૃતિ એટલે આટલી બધી હદે પહોંચાડનારી મનોદશા. એ મનોદશા આજ આપણાં બાળકો, વિદ્યાર્થીઓ અને યુવાનોમાં ચેપની પેઠે ફેલાતી જાય છે. ચકોર માબાપો, ઉપદેશકો, શિક્ષકો અને વિદ્યાર્થીગૃહોના ભલભલા નિરીક્ષકોની આંખે પાટા બાંધીને આ વિકૃતિ વિદ્યાર્થીઓમાં અમુક ગતિએ તેનું કામ કર્યે જાય છે; છતાં તે ઉપરથી પડદો દૂર કરવાને બહુ જ વિરલ પ્રયત્નો થાય છે. આ વિષય ઉપર શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યામંદિરના આચાર્ય શ્રી હરભાઇ ત્રિવેદીએ પહેલી જ વાર ગુજરાતમાં પદ્ધતિસર શાસ્ત્રીય ચર્ચા શરૂ કરીને વિદ્યાર્થી જગત ઉપર ઉપકાર કર્યો છે.

હરભાઇએ છેલ્લાં ત્રણેક વર્ષથી આ વિષયનો ઉંડો અભ્યાસ કરીને તેનાં મુળ ઝાલ્યાં છે તેને લીધે જ તે મર્મવેધક અસર કરી શકે છે અને વિદ્યાર્થીઓને ખાનગીમાં ખાનગી સલાહ કે માર્ગ બતાવવાની લાયકાત ધરાવે છે. 'કુમાર' માં તેમના અનુભવનો સાર ખુલ્લા જિગરથી આપવા તે તૈયાર થયા છે. તેમાંયે આ વિષય પ્રશ્નોત્તરથી જ ચર્ચવાનું પસંદ કર્યું છે. વાંચનારાઓ તેમનો લેખ વાંચી તે પરથી આગળ પ્રશ્ન મુકતા જાય અને તેનો જવાબ અપાતો જાય એવી તેમની ધારણા છે.


## શિષ્ટ સમાજની ફરજ

જે સમાજ કોઈપણ જાતના ભેદ કે પક્ષભાવ રાખ્યા વિના જ્ઞાનનાં દ્વાર ખુલ્લાં મુકી શકે છે તેને જ સાચી સંસ્કારિતા વરે છે. ઉજળાં લુગડાં પહેરનાર વર્ગમાં જ જ્ઞાનનો ઉદય થઇ શકે અને દારિદ્ર તથા વેતરાંને આંગણે તો અંધારૂં જ હોય એવી સ્વાર્થભાવના હવે હિંદવાસીઓને ન જ શોભે. ઘણી પછાત વર્ગની શાળાઓને 'કુમાર' વાંચવાના કોડ છે, પણ તેને કાંઈ નાગરિકોની સંસ્થા જેવા ધનભંડાર હોય કે વાંચનનાં લવાજમ ભરી શકે? આજ તો તવંગર વર્ગે પોતાના રંક બાંધવોને હાથમાં હાથ આપીને ઉપર લાવવા પોતામાંથી ભાગ આપવા તત્પર બનવું જોઇએ અને એમાં જ એ વર્ગની શિષ્ટતા તથા સંસ્કારની પરિપૂર્ણતા છે. 'કુમાર'ના તંત્રી પાસે ઘણીક અંત્યજ શાળાઓ વગેરે રંક સંસ્થાના ચાલકોએ વિના મૂલ્યે માસિક મેળવવા સવાલ નાખ્યો છે. પણ માંડ પોતાના પગ પર રહી શકતા માસિકને દાન આપવાં શી રીતે પોસાય? એટલે ન છુટકે એવી માગણી સામે અમારે મૌન રાખવું પડે છે. પણ ધનના સુભાગી સ્વામીઓ, તમારા જીગરમાં આ વાતનો મર્મ પહોંચે તો એક બે યા વધારે એવી સંસ્થાઓને 'કુમાર' પહોંચાડવા તમારો હાથ જરૂર લાંબો કરો. 'કુમાર'ની ખરી સાર્થકતા ત્યારે જ સિદ્ધ થશે કે જ્યારે રંકની ઝુંપડીમાં પણ તે પહોંચતું થશે.

---

**અમદાવાદ**
(આલબમ)
જાહેર ખબર પાછલે પુંઠે

---



# જાતીય વિકૃતિ

જાતીય પ્રશ્ન જુવાનોને કેટલો નડે છે તેનું ખરૂં માપ મને આ છેલ્લાં બેત્રણ વર્ષમાં ઠીકઠીક પ્રમાણમાં આવ્યું ગણાય. અમદાવાદ ને ભાવનગરનાં મારાં તે સંબંધેનાં વ્યાખ્યાનો પછી, પત્રો દ્વારા તથા રૂબરૂ મને અનેક પ્રશ્નો પુછાયા છે. તે બધાયના વ્યક્તિગત જવાબો આપવા કરતાં, તમામ જુવાનોને લાગુ પડે તેવા જવાબો લખીને 'કુમાર' દ્વારા આખી જુવાને આલમને તે સંબંધે યોગ્ય માર્ગદર્શન કરાવવું મને ઠીક લાગે છે. આવા વિચારથી પ્રેરાઇને મેં તેવા પ્રશ્નોના જવાબો લખવા માડ્યા છે. તે પ્રશ્નોત્તરમાંથી એકએક બબ્બે 'કુમાર'માં દર માસે પ્રગટ કરતા રહીશું. આવા પ્રશ્નો પૈકી કેટલાક મને લિખિત પુછાએલા હશે અને કેટલાક રૂબરૂ પુછાએલાને લિખિત સ્વરૂપ મેં આપ્યું હશે.

પ્રશ્ન—જાતીય વિકૃતિ કેટલા રૂપમાં હોઇ શકે તે દૃષ્ટાન્ત આપીને સમજાવશો?

ઉત્તર—જાતીય વિકૃતિનાં સ્વરૂપો તો એટલાં બધાં છે કે ગણવા બેસીએ તો પાર પણ ન આવે. આમાં કેટલાંક સ્વરૂપો તો એટલાં બધાં સૂક્ષ્મ છે કે તેને જાતીય વિકૃતિ તરીકે પારખવાં પણ મુશ્કેલ પડે.

પરંતુ આજે જુવાન આલમને જે જાતીય વિકૃતિઓમાં ફસાઇ જવું પડે છે તે તો મુખ્યત્વે બે પ્રકારની કહી શકાય. એક હસ્તદોષની ક્રિયા અને બીજી અકુદરતી મૈથુનની ક્રિયા. આ બંને વિકૃતિઓ પણ જુદા સ્વરૂપમાં દેખા દે છે. ઘણી વખત તો જુવાન જાણતો પણ નથી હોતો કે અમુક ક્રિયા તે હસ્તદોષની ક્રિયા અથવા તો અકુદરતી મૈથુનની ક્રિયા કહેવાય કે નહિ! આ બંને ક્રિયાઓનાં પ્રચલિત સ્વરૂપોથી ભાગ્યે જ કોઇ જુવાન અજાણ્યો રહી ગયો હશે; તેથી તેનો ઉલ્લેખ કરવાનું છોડી દઉં છું.

જાતીય વિકૃતિનાં આ બંને સ્વરૂપો ભારે નુકસાન કરનારાં છે. હસ્તદોષની ક્રિયામાં એક જ વ્યક્તિ સંડોવાએલી હોય છે, જ્યારે અકુદરતી મૈથુનની ક્રિયામાં બે વ્યક્તિઓ સંડોવાએલી હોય છે. આથી આપણને એમ ધારવાનું મન થઈ જાય કે એક ક્રિયા કેવળ વ્યક્તિગત છે તેથી બીજીના કરતાં ઓછી નુકસાનકારક ગણવી. પણ તેમ નથી. બંને ક્રિયાઓ વ્યક્તિ તેમજ સમાજને સરખી જ નુકસાનકારક છે. હસ્તદોષની ક્રિયા એ એક જ વ્યક્તિનું અકુદરતી મૈથુન છે, અને જેને આપણે અકુદરતી મૈથુનના નામથી સમજીએ છીએ તે બે વ્યક્તિઓ વચ્ચેનો અકુદરતી વ્યવહાર છે. બંને ક્રિયાઓથી તે ક્રિયા કરનારનાં શરીર અને મન ઉપર બહુ જ ખરાબ અસર થાય છે.

બંને પ્રકારની વિકૃતિઓનાં પરિણામે જુવાનના સ્વાભાવિક વીર્યનો અકાળે નાશ થાય છે અને એ રીતે દિનપ્રતિદિન તે ઘસાતો જાય છે. જુવાન અવસ્થામાં જે વીર્યનો સંગ્રહ કરવાની અત્યંત આવશ્યક્તા છે તથા જે વીર્યને લોહીની સાથે ભળી જવાની સુલભતા હોય છે, તે વીર્ય જો વેડફાઇ જાય તો જુવાન શરીર નીચોવાઈ જાય તેમાં શી નવાઈ? આજે આપણને મરણ વાંકે જીવતા જુવાનો ચારે કોર માલુમ પડે છે તેનું મોટે ભાગે આ કારણ હોય છે.

જુવાનીની અંદર માણસના શરીરમાં અસાધારણ કૌવત હોય છે. આ કૌવતના બળે તે ખુબ મહેનત કરે છે અને વીર્યવર્ધક પદાર્થોને પચાવી પણ ખુબ શકે છે. જુવાન, દિવસે દિવસે વધારે ને વધારે જુવાન બનતો જાય છે, કારણકે તેના શરીરમાં રહેલો વીર્યનો ઝરો જરા પણ સુકાતો નથી. તેનું વીર્ય તેનામાં તાકાત પ્રેરે છે. આ તાકાતના બળે તે અનેક પ્રકારનાં શરીરનાં તેમજ મનનાં કામો કરી શકે છે. તે જ તાકાત પાછી તેના વ્યાયામ તથા ખોરાક દ્વારા વીર્ય ઉત્પન્ન કરવાના સાધન રૂપ બને છે. આમ જુવાનીમાં વીર્યને ઉત્પન્ન થવાની ક્રિયાઓ તથા વીર્યને જીરવવાની અને પચાવવાની ક્રિયાઓ સતત ચાલ્યા જ કરે છે. આ ક્રિયાઓને સદા યે વહેતી રાખવા માટે દરેક જુવાન પાસે કૌવતવાળું શરીર હોવાની જરૂર છે. આ કૌવતનો મુખ્ય આધાર વીર્યધારણ ને વીર્યરક્ષણ ઉપર રહેલો છે. આટલા જ માટે જુવાનીમાં વીર્યનો ક્ષય એ કોઇ પણ રીતે નભાવી લેવા જેવી પરિસ્થિતિ નથી.

પરંતુ આજના સમાજમાં એવા પ્રકારની કાર્યકારણ પરંપરા ચાલી રહેલી છે કે જેને લીધે જુવાનનાં શરીર તથા મન બંને ઉપર તેની અસર થયા વિના રહેતી નથી. આજનો ખોરાક, આજની વિલાસી રહેણીકરણી, આજની સમાજનીતિ, આજનું કુટુંબજીવન, આજનું શહેરી જીવન વગેરે જુવાનોને ક્ષય તરફ દોરી જનારાં સાધનો બની ગયાં છે. આ બધાં ઉપર વિગતથી વિચાર તો આપણે આગળ ઉપર કરીશું, પરંતુ આ બધી વસ્તુઓ આજે જુવાનને ઉપકારક નથી રહી, પણ અપકારક બની ગઇ છે તે તરફ તો દરેક જુવાનનું લક્ષ પહેલી તકે ખેંચાવાની જરૂર છે. દરેક જુવાનના ખ્યાલમાં આ સત્ય આવી જાય તો પછી તેના જીવનવ્યવહારમાં તે વધારે સાવચેત બની જશે.

આ બધાંમાં પછી જાતીય વિકૃતિઓ તરફ આજના સમાજનાં આંખમીચામણાં ભળે છે ત્યારે તો હદ જ વળે છે. જુવાન મિત્રો, તમને કોઇ દિવસ તમારાં મોટેરાંઓએ આ દિશામાં મદદ કરી છે? આજનો સમાજ આ આખા યે વિષય તરફ અત્યંત બેદરકાર છે. આજના સમાજે આ વિષય તરફ એક પ્રકારનો ભયંકર રહસ્ય-પડદો ઉભો કર્યો છે. કોઇ પણ જુવાન પોતાની જાતીય મુશ્કેલીઓ માટે પોતાના એક પણ વડીલ પાસે મોં ખોલી શકતો નથી. આ ઓછી શોકજનક સ્થિતિ કહેવાય? શરૂશરૂમાં જુવાન અજ્ઞાનને પરિણામે આવી બદીઓમાં ફસાય છે; પણ પછી તેમાં પડ્યોપડ્યો મુંઝાવા લાગે છે અને તેમાંથી બહાર નીકળવાના માર્ગો શોધે છે. તે વખતે તેને દોરે એવું કોણ? તે વખતની તેની દુનિયા તો તેને શૂન્ય ભાસે છે! આવી પરિસ્થિતિમાં જાતીય બદીઓ વધ્યા કરે અને વિકૃતિઓનો રાફડો ફાટે તેમાં શી નવાઇ?

જાતીય વિકૃતિના બે મોટાં સ્વરૂપો આપણે જાણ્યાં. આ બંનેમાં સપડાએલા જુવાન! તું ગભરાઇશ નહિ. તું કોઇ મોટો પાપી કે દુરાચારી નથી જ. તારો એ રોગ છે અને એ રોગને માટે કોઇ પણ ગુનેહગાર હોય તો તે સમાજ છે;–તું તો દરદી જ નહિ. તેમાંથી ઉગરી જવા માટેનો વિચાર આપણે બીજા એક પ્રશ્નના ઉત્તરમાં કરીશું. ત્યા સુધીમાં તું નિશ્ચય કરી લે કે તારે તેમાંથી નીકળી જ જવું છે.

**હરભાઇ**

ભારતે વિસારે પાડેલા એક અનન્ય દેશસેવક પત્રકાર : બંગાળના પાણીદાર મોતી

# મોતીલાલ ઘોષ



આજથી શુમારે નવ વર્ષ પર લોકમાન્યનું અવસાન થયું. લોકમાન્ય માંદા હતા ત્યારે એમના મંદવાડનાં ખબરપત્રકો—bulletins—કલાકે કલાકે છપાતાં. કયાંકયાંયથી દર્શનોત્સુક લોકો મુંબાઇ તરફ દોડી આવતા. સ્વયંસેવકોને ત્રાસ આપીને પણ છેલ્લી વાર દર્શન કરવાનો લ્હાવો લેવા ખુબ ભીડ થતી. જ્યારે અવસાન થયું ત્યારે તો આખું હિંદુસ્તાન ગાંડું થયું. ઠેકઠેકાણે સભાઓ ભરાઈ, છાપાંઓમાં લેખો ઉભરાયા. સૌકોઇ એક જ વાત કરતું. પણ મુંબાઇએ તો હદ કરી. અરધું મુંબાઈ ઉલટયું. માણસની ગીરદી પ્રચંડ હતી. એક પાસ ચોમાસાનો ધુઘવતો ઓઘ, બીજી પાસ શોકની, તીવ્ર દુઃખની, ભક્તિની, પ્રેમની વગેરે વિવિધ લાગણીઓથી હલમલી જતો પ્રચંડ માનવ સમુદ્ર, અને ઉપર ધોધમાર વરસાદ વરસાવી અંજલિ આપનાર મેઘનિધિ;—એમ ત્રિવેણીસંગમમાં ચંદનની ચિતાથી એમના શરીરનો અગ્નિદાહ થયો. લોકમાન્ય સમાધિ પછી પણ 'લોકમાન્ય' રહ્યા, અને એમને યોગ્ય પ્રજાપ્રેમ મળ્યો.

તે પછી બે વર્ષે એક બીજા અપ્રતિમ દેશભક્તે સ્વર્ગવાસ કર્યો. બે વર્ષમાં હિંદુસ્તાને ભારે પ્રગતિ કરી; દેશભક્તોને વધારે પિછાન્યા; જગતના ઇતિહાસમાં ઝળહળી ઉઠે એવા આત્મભોગ આપ્યા; પણ કોણ જાણે શાથી મોતીબાબુના અવસાને હિંદુસ્તાનના રાજકીય વાતાવરણમાં એક લહરીના જેટલી જ અસર કરી. કેટલીક સભાઓ ભરાઇ, કંઇક લેખો લખાયા;—પણ એટલું જ. બંને દેશભક્તોને સરકાર તરફથી જીંદગીભર અન્યાય મળ્યો છે; પણ લોકમાન્યને પ્રજા તરફથી તો પુરો આદર અને પૂજ્યભાવ મળેલાં. મોતાબાબુને તો તે પણ ન મળ્યું.

પણ આ અવમાનના મોતીબાબુને એક રીતે ન્યાય કરે છે. એમના મોટા ભાઇ શિશિરકુમાર પાસેથી એમણે ગ્રહણ કરેલા અનેક ગુણોમાંનો એક, તે પ્રકાશમાં આવવાની અનિચ્છા હતો. તેથી જ કદાચ પ્રજાએ પણ કર્તવ્યભાન ન રાખીને એમને વિસારે મુકયા !

---

એમનો જન્મ ઇ. સ. ૧૮૪૫માં બંગાળાના જેસોર નામના નાના ગામમાં થયો હતો. શિશિરકુમાર અને મોતીલાલ નાનપણથી સાથે જ રહેતા. આજથી છેક સાઠ વર્ષ પર—એટલે ઇ. સ. ૧૮૬૮માં એ ભાઇઓએ એક પત્ર કાઢયું. માતૃવત્સલ પુત્રોએ માતાના નામ પરથી એનું નામ 'અમૃત બઝાર પત્રિકા' રાખ્યું. કેટલાક ઘસાએલા ટાઇપ, લાકડાનું પ્રેસ વગેરે હાસ્યપાત્ર સામગ્રીથી આ સાપ્તાહિક નીકળવા માંડયું. તે વખતે કોને કલ્પના હશે કે એ જ પત્ર વખત જતાં સ્વરાજની રણહાકલ વગાડશે, જુલ્મીઓનાં હૃદયમાં ત્રાસ વર્તાવશે અને સમસ્ત દેશમાં માનીતું થઈ પડશે ? છતાં એ વખતે પણ લેખો તો હાસ્યપાત્ર ન જ નીવડયા. ચાર મહીનાની ટુંક મુદતમાં તો આ કુમળું બાળક એક મૅજિસ્ટ્રેટે માંડેલા 'નામોશી'ના આરોપનો ભોગ થઇ પડયું. કેસ આઠ મહીના લંબાયો. છેવટે ઘોષ ભાઇઓની જીત થઈ; પણ સાથેસાથે તેઓ પૈસેટકે બરબાદ થઇ ગયા.

પરંતુ વિઘ્નોના પ્રહાર પડયા છતાં તેઓનું પત્ર

નાશ ન પામ્યું. ગમે તેમ કરી પૈસાની આપદા ઓળંગી અને કલકત્તેથી 'પત્રિકા' અંગ્રેજી–બંગાળી વર્તમાનપત્રના સ્વરૂપમાં નીકળવા માંડ્યું.

શિશિરકુમારનું ગૃહયંત્ર સંયુક્ત કુટુંબની રીત પ્રમાણે ચાલતું. તેઓ જ ઘરના કર્તાહર્તા. બંને ભાઈઓ સાથે જ રહેતા. આથી મોતીલાલે તો મોટા ભાઈને જ ગુરુ તરીકે સ્વીકાર્યા. બંધુ પાસેથી રાજકારણ, સ્વદેશભક્તિ અને નિર્મળ ચારિત્ર્યના પ્રથમ પાઠ શીખવાનું વિરલ ધન્યભાગ્ય મોતીબાબુ મેળવી શકયા. ભાઈ પર એમનો પ્રેમ અથાગ હતો. દેશસેવામાં વાનપ્રસ્થ થએલા અંબિકાચરણ મઝમુદાર કહે છે કે 'શિશિરકુમાર શ્રી ચૈતન્યને પૂજતા; મોતીલાલ શિશિરકુમારને પૂજતા.'

જોતજોતાંમાં તો પત્રિકા નામાંકિત થઈ પડી. કલકત્તેથી પ્રસિદ્ધ થવાને છ માસ થયા તે પહેલાં તો એની મર્માળી હાર્દિક ટીકા, હૃદયમાં છેક પેસી જાય એવા ચાબખા, કટુ હાસ્ય, વિવિધ વાર્તાઓ લખી મનરંજન કરવાની અનન્ય શૈલી,—એ બધી વિગતોએ પત્રિકાને સશક્ત જોમવાળું પત્ર બનાવી મુકયું.

મોતીબાબુનું જીવન એમના ભાઈના જીવનના અનુસંધાન રૂપ છે; અને એ બંનેની જીંદગી 'પત્રિકા'ની કારકીર્દિ સાથે કંઈ અજબ રીતે સંકળાએલી છે. 'પત્રિકા'નો ઇતિહાસ એ એમનો જીવન–ઇતિહાસ; એ જ એમનું જીવનસર્વસ્વ. લાડથી, ભાવથી ઉછેરેલું બાળક, એમની આશાઓનું કેન્દ્રસ્થાન, એમના હૃદયની સારંગી,—જે કહો તે 'પત્રિકા' હતી.

એ અરસામાં 'પત્રિકા'ના ઇતિહાસમાં—અને તેથી સમસ્ત દેશના પત્રોના ઇતિહાસમાં એક મહત્ત્વનો ફેરફાર થયો. સર ઍશ્લી ઇડન બંગાળાના લેફટેનન્ટ ગવર્નર નીમાયા. એ સાહેબ બહુ બાહોશ હતા! એમને કારભારમાં આડખીલી પસંદ ન હતી; એકહથ્થુ સત્તા વહાલી હતી. ટીકા કરીને ત્રાસ આપનારાં વર્તમાનપત્રો એમને બહુ ખુંચતાં. આવી કોટિમાં આવે એવાં બે વર્તમાનપત્રો એમની નજરે પડ્યાં. એક તો 'હિંદુ પેટ્રિયટ' અને બીજી 'પત્રિકા'. પ્રથમ 'હિંદુ પેટ્રિયટ'ના અધિપતિ ક્રિસ્ટોદાસને એ સાહેબે મનાવ્યા. પછી જે બનાવ બન્યો તે મોતીબાબુએ પોતાની સુંદર શૈલીમાં વર્ણવ્યો છે. અલબત્ત, અહીં તો એની ઝાંખી જ કરાવી શકાશે.

સાહેબે શિશિરકુમારને પોતાને ત્યાં ખાસ આમંત્ર્યા. એમની મરજી આપખુદી સુલતાન તરીકે વર્તવાની હતી; પરંતુ અંગ્રેજનો, જરૂર પડે ત્યાં ખુશામદ કરવાનો સામાન્ય ગુણ પણ એમનામાં પુરેપુરો હતો.

શિશિરકુમાર આવ્યા. એમને ખાસ માનથી બેસાડ્યા અને ગંભીર વાતચીત શરૂ થઈ.

'જુઓ, શિશિરબાબુ, ક્રિસ્ટોદાસે તો કબુલ કર્યું છે. તમે પણ માનો તો આપણે ત્રણે જણ બંગાળાનું રાજ્ય કરીએ. હું કોઈકોઈવાર તમારા પત્રમાં લેખ લખીશ. તમે સરકાર પર ટીકા લખો તે પહેલાં મને બતાવજો. હું તમારા પત્રની ઘણી નકલો સરકાર પાસે ખરીદાવીશ; અને આમ આપણે ત્રણે જણા એકમેકની સલાહથી બંગાળાનો કારભાર ચલાવીશું.'

જેમતેમ કરી રળતા એક પત્રકાર આગળ બંગાળાના 'નવાબ' તરફથી આવી લાલચ આવે, ત્યારે સાધારણ રીતે પરિણામ એક જ આવે. પણ શિશિરકુમાર જુદા જ પ્રકારના માણસ હતા. તેમણે એ નામદારનો ઉપકાર માન્યો, પણ સાથેસાથે જણાવી દીધું કે 'નામદાર, આખા બંગાળામાં એક તો પ્રામાણિક પત્રકાર રહેવા દો!'

બસ, થયું; સાહેબે રાવણ રૂપ ધર્યું. કોની જોડે વાત થાય છે તે શિશિરબાબુને સ્પષ્ટ સમજાવી દીધું. ગર્જના કરી કે ચાહે તો પોતે રાજદ્રોહના આરોપસર એમને ચગદી નાખે, પાછા જેસોર ધકેલી મુકે, વગેરે.

પરિણામની બહુ રાહ ન જોવી પડી. થોડા જ વખતમાં ઇડન સાહેબે ધારાસભામાં 'વર્નાકયુલર પ્રેસ ઍકટ'નો ઠરાવ મુકયો અને બને તેટલી ઝડપે પસાર કરાવ્યો. વર્નાકયુલર પ્રેસ ઍકટ એટલે દેશી ભાષાઓમાં નીકળતાં છાપાંઓના દમનનો કાયદો.

ગુરુવારે 'પત્રિકા' બહાર પડવાની હતી. ઘોષ ભાઈઓ ચેત્યા કે પત્રિકાને છુંદવાને શસ્ત્ર ઘડાયું. પત્રિકા અરધી અંગ્રેજી ને અરધી બંગાળીમાં નીકળતી, એટલે એ કાયદાની જાળમાં આવી શકે. પણ ઘોષ ભાઈઓ માથાના ફરેલા હતા. એક જ દિવસમાં ગમેતેમ કરીને મિત્રોને ત્યાંથી વધારાના અંગ્રેજી ટાઇપ મંગાવ્યા, છાપનારા આણ્યા, લેખો લખી નાખ્યા અને ગુરુવારે નિયમસર પત્રિકા બહાર પડી! જગતે વિસ્મયથી જોયું કે બધો જ ઢંગ ફેરવાઈ ગયો હતો! આખું છાપું

મથાળાથી અંત સુધી અંગ્રેજીમાં છપાયું હતું. આમ, આ કાયદામાંથી 'પત્રિકા' છટકી ગઇ. સર ઍશ્લીએ પોતાનો ખીજવાટ પોતાના કેટલાક બંગાળી મિત્રોને કહી સંભળાવ્યો હતો. જો એક જ અઠવાડિયું મોડું થયું હોત તો 'પત્રિકા' હતી ન હતી થઇ જાત.

અત્યાર સુધી મોતીબાબુ પ્રકાશમાં આવ્યા ન હતા. પણ ઈ. સ. ૧૮૮૯માં પબ્લિક સર્વિસ કમિશન આગળ એમણે જુબાની આપી ત્યારે શિક્ષિત વર્ગે એ રત્ન પારખ્યું. એમણે એમની રીત પ્રમાણે ટપાલખાતામાં સરકારી ઠરાવ વિરુદ્ધ ગોરા લોકોનો જે ધસારો થયો હતો તેની સખત ઝાટકણી કાઢી. એ એક જ ખાતું દેશીઓને માટે સરકારે રાખ્યું હતું, પરંતુ તેમાં પણ અંગ્રેજોએ સારી પેઠે પગપેસારો કરવા માંડ્યો હતો. આ પોકળ એમણે બહાર પાડ્યું.

પણ એથી મોટું પરાક્રમ તો એમણે સર લેપલ ગ્રિફિન જોડે કરેલા યુદ્ધ વખતે કર્યું. સર લેપલ તે સમયે મધ્ય હિંદના પોલિટિકલ એજંટ હતા;—મધ્ય હિંદના જુલમગાર સુલતાન હતા એમ કહીએ તો એ વધારે યોગ્ય ગણાશે. બધા રાજાઓને એ બરાબર કાબુમાં રાખતા. માત્ર એક ભોપાળનાં બેગમ જ એમનું પુરેપુરું નહોતાં માનતાં; અને તેથી એમને શિક્ષા પણ ખુબ ખમવી પડેલી. સર લેપલે બધી સત્તા પોતાના હાથમાં લઇ લીધી અને બેગમને એમના રાજ્યમાં માત્ર શોભાનું પુતળું કરી મુક્યાં. એટલેથી પણ સાહેબ અટક્યા નહિ. બીજા ઘણાની હાજરીમાં સર લેપલે બેગમને એમના પતિ માટે અપમાનકારક શબ્દો કહ્યા. જ્યારે છ માસ લગી બેગમને એમના પતિથી જુદાં રાખવામાં આવ્યાં ત્યારે તો હદ થઈ ગઇ! આખરે, સરકારે બંનેને બેવફા હોવાના આરોપસર રંગુન ધકેલી દેવાનું નક્કી કર્યું.

પોતાની આવી વિષમ સ્થિતિમાં બેગમે 'પત્રિકા'ની મદદ માગી અને પોતાનું અઢળક ધન અધિપતિઓને ચરણે મુક્યું. એ ભાઇઓએ એ ધનનો સ્વીકાર ન કર્યો, પણ એટલું કહ્યું કે પુરવાર થાય એવા મુદ્દાઓ મળે તો અન્યાય દૂર કરવા યત્ન કરીએ.

ત્યાર પછી દર અઠવાડિયે 'પત્રિકા'માં સર લેપલ સામે કોઇ ને કોઇ ધડાકો તો હોય જ. કાગળો, સાક્ષીઓ, મુદ્દાની હકીકતો, જે મળતું તે સર લેપલની સામે ફેંકાતું. જોતજોતાંમાં તો હિંદ આખું આ વાત ઉપર ખળભળી ઉઠ્યું. એક પણ હિંદી છાપું એવું ન હતું કે જે 'પત્રિકા'નો ઉતારો ન લે ને આરોપની તપાસની માગણી ન કરે. કેટલાંક અંગ્રેજી વર્તમાનપત્રો પણ આમાં જોડાયાં અને ખુબ ચર્ચાઓ, ટીકાઓ અને ચુંથણાં ચુંથાવા માંડ્યાં. આ બધું સર લેપલને ભારે પડવા લાગ્યું. એણે સરકારને લખ્યું કે 'પત્રિકા' પર દાવો માંડવો જોઇએ. તે વખતે લૉર્ડ ડફરિન વાઇસરૉયપદે હતા. તેમણે દાવા માટે ના કહી. છેવટે, કેમ જાણે પોતાના પર જ આખા હિંદુસ્તાનનું રાજ્ય ટકી રહેલું હોય એમ ધારીને લેપલ સાહેબે સરકારને ધમકી આપી કે કાં તો 'પત્રિકા' પર કેસ માંડો, કે કાં તો મારું રાજીનામું સ્વીકારો! જવાબમાં રાજીનામું સ્વીકારાયું. એક 'નેટિવ' પત્ર આવા મોટા સરકારી અમલદારને રાજીનામું આપવાની ફરજ પાડે એ અદ્ભુત વાત હતી. પણ આખરે એ બન્યું જ. અન્યાયીને શિક્ષા થઇ અને બેગમને ન્યાય મળ્યો.

બંગાળાના ભાગલા વખતની રાષ્ટ્રીય હીલચાલના નાયક કોણકોણ હતા એમ કોઇને પુછશો તો જવાબ મળશેઃ 'એમાં તે વળી પુછવાનું શું? અરવિંદ ઘોષ, બિપિનચંદ્ર પાલ અને સુરેન્દ્રનાથ બૅનરજી.' પણ મોતીલાલ ઘોષ? કોઇક જ એમને સંભારશે. એ કેવડો મોટો અન્યાય છે તેની બહુ ઓછાને ખબર છે.

ઈ. સ. ૧૯૦૬–૭માં લૉર્ડ મિન્ટો વાઇસરૉય તરીકે હિંદ આવ્યા. મોતીબાબુને ભાગ્યે જ ગવર્નરો કે વાઇસરૉયો સાથે બનતું. પણ લૉર્ડ મિન્ટો નવાસવા આવેલા અને નોકરશાહીના ઝેરી વાતાવરણની અસર હજી નહિ થએલી, એટલે શરૂઆતમાં મોતીલાલ ઘોષને બહુ બોલાવતા. તે વખતે દરેક બંગાળીના મગજમાં એક જ વાત ઘુમ્યા કરતીઃ બંગભંગ રદ કરાવવો. મોતીબાબુએ પણ પહેલી સુચના એ જ કરી. એમણે સુચવ્યું કે સિંધ પ્રાંતનો કારભાર જુદો છે, છતાં એ મુંબાઇ ઇલાકામાં જ ગણાય છે; તેમ આસામ બંગાળામાં ગણાય, અને કમિશ્નર જુદા નીમાય. આ સરળ અને સગવડભરી યોજના લૉર્ડ મિન્ટોને પણ પસંદ પડી. એમણે વિલાયતના મંત્રી લૉર્ડ મોર્લીને આ યોજના જણાવી. એટલામાં ખાનગી ખબર આવી કે લૉર્ડ મોર્લીનો બંગભંગ વિષે અંગત અભિપ્રાય ગમે

તે હોય, પરંતુ પાર્લામેન્ટમાં કોઇ જાહેર ચર્ચા ઉપાડવશે તો તો એ લૉર્ડ કર્ઝનની બાજુએ જ જશે. આ વાત— છાની વાત—ની મોતીબાબુને જાણ થતાં જ એમણે મહાસભાના મુખ્ય નેતાઓને તેની ખબર કરી અને વિલાયત તાર કરાવ્યો કે કોઇએ પણ પાર્લામેન્ટમાં આ સવાલ ઉઠાવવો નહિ. બધા હિંદના હિતૈષી પાર્લામેન્ટના સભ્યોએ આ વાત સ્વીકારી, પણ એકજણ ફફડી ઉઠયા: 'હું હિંદનું હિત કેમ સધાય તે સમજું છું. મારે સલાહની જરૂર નથી.' પરિણામ એ આવ્યું કે એમણે ચર્ચા ઉપાડી અને લૉર્ડ મોર્લીનું, હવે પ્રખ્યાત થઇ ગએલું પેલું વાક્ય 'Partition is a settled fact' (બંગાળના ભાગલા એ તો મુકરર થઈ ગએલી વસ્તુ છે) હિંદે નિરાશાથી, ક્રોધથી સાંભળ્યું. મોતીબાબુએ કરેલા, લગભગ સફળ થવા આવેલા પ્રયત્નનું આ પરિણામ! એમને તે દિવસે દુઃખ થયું તે વર્ણવ્યું જાય તેમ નથી.

'અમૃત બઝાર પત્રિકા'ની યશસ્વી છતાં વિધિવિહિત કારકીર્દિમાં એક બીજો બનાવ ખાસ તરી આવે છે. એ વખતે હિંદના વાઇસરૉય લૉર્ડ કર્ઝન સાહેબ હતા. તેઓ પ્રાતઃસ્મરણીય તો નહિ, પણ ચિરસ્મરણીય તો થઈ જ ગયા છે, એટલે એમને વિષે વધારે વર્ણન આપવું બહુ જરૂરનું નથી.

એક વાર એમણે કલકત્તા યુનિવર્સિટીના ચાન્સેલર તરીકે ભાષણ આપતાં પૂર્વના લોકો ઉપર અસત્યપ્રિયતાનો ગંભીર આરોપ મુકયો. અલબત્ત, બધા પત્રકારોએ અને દેશનાયકોએ તીવ્ર વિરોધ કર્યો. પણ 'પત્રિકા'ની ટીકાથી તો લૉર્ડ કર્ઝન જેવા શબ્દ મહારથીનું પણ હૃદય વીંધાયું હશે. 'પત્રિકા'માં એમનું ભાષણ છપાયું, અને તેની નીચે જ, 'પૂર્વ દેશમાં પ્રવાસ' વિષે લખેલા એમના જ એક પુસ્તકમાંથી ઉતારો છાપ્યો. કર્ઝન સાહેબ કોરીઆના રાજા આગળ કેવી રીતે જુઠ્ઠું બોલ્યા હતા તે પરાક્રમ એ ફકરામાં છટાથી વર્ણવવામાં આવ્યું હતું. આમ 'તારી લાકડી ને તારો વાંસો' થયું. વળી એ અરસામાં એ જ પુસ્તકની બીજી આવૃત્તિ છપાઇ હતી તેમાંથી એ પારિગ્રાફ પ્રામાણિકપણે (!) કાઢી નાખીને જ હકીકત છાપવામાં આવી હતી, એટલે 'પત્રિકા'ને એ ભાગ પહેલી આવૃત્તિમાંથી શોધી કાઢવો પડયો હતો!

કદાચ કોઇને લાગશે કે મોતીબાબુ દેશભક્ત હતા, યોદ્ધા હતા—પ્રચંડ યોદ્ધા હતા, એટલું જ. પણ તેથી યે કંઇક વિશેષ એ હતા. વજ્ર જેવા આવરણની અંદર કેવું સુકોમળ પુષ્પ સમાઈ રહેલું હતું એ એમને પુરેપુરા ઓળખનાર દરેક જણ જાણે છે.

ઇ. સ. ૧૯૨૦નો ઑક્ટોબર મહીનો હતો. અસહકારના પ્રથમ પડઘા વાગવા માંડયા હતા. ખિલાફતની ચળવળ ઉગ્ર સ્વરૂપ લેવાની શરૂઆત કરતી હતી. કલકત્તામાં ખાસ મહાસભાની બેઠક મળી હતી. હિંદુસ્તાનમાં સર્વત્ર ક્ષોભ પ્રસરી રહ્યો હતો. મોતીબાબુ માંદગીથી પીડાતા હતા. પણ એમને આ ક્ષોભ સ્પર્શ કર્યા વગર રહે? ગાંધીજી મહાસભા નિમિત્તે કલકત્તે ગયા ત્યારે મોતીબાબુનાં દર્શન કરવા એમને ઘેર ગયા. મોતીબાબુ બિછાનામાં પડયા હતા, પણ મહાત્માજી આવ્યા કે તરત જ મહેનત કરીને પણ બેઠા થઇને ગાંધીજી હા ના કરે તે પહેલાં તો એમને ભેટી પડયા અને

'ખળખળ જળધારા એમને નેત્ર ચાલી.'

આ બનાવ અંતરિક્ષમાંથી દેવોએ જોયો હશે અને કૃતાર્થ થયા હશે. જે મનુજોએ જોયો તેઓ તો ધન્યભાગ્ય થઇ ગયાં. મોતીબાબુથી શાંત રહી શકાયું જ નહિ. માંદામાંદા પણ દેશની દાઝને લીધે પોતાનો આ નવા કાર્યક્રમ માટેનો અભિપ્રાય ગાંધીજીને એમણે કહી સંભળાવ્યો. એમના સ્વભાવ પ્રમાણે પ્રસંગે પ્રસંગે ટીકા પણ છુટથી કરી.

૧૯૨૨ના સપ્ટેમ્બરની શરૂઆતમાં એ અનન્ય દેશભક્ત ભારતભૂમિમાંથી 'સુર ઉપવનમાં' ઉડી ગયા અને એક પ્રભુભક્ત, દેશભક્ત, ભ્રાતૃભક્ત નિસ્પૃહી જનની દેશને ખોટ પડી; એક કોમળ હૃદયના વીર યોદ્ધાનું અવસાન થયું. આટલી વિટંબનાઓ પછી, હાડમારી પછી, નિરાશા જોડે અને સરકાર સામે જીવનભર સતત યુદ્ધ કર્યા પછી, સરકાર અને પ્રજાજન બંને તરફથી વત્તેઓછે અંશે અન્યાય ખમ્યા પછી, આખરે એ પરમ ધામમાં એ આત્મા શાંતિ પામો અને એમના ધન્ય જીવનની પ્રેરણા વડે આપણને એમનું અનુકરણ કરવાની શક્તિ મળો.

**હેમન્તકુમાર નીલકંઠ**

# ધણી વિનાનાં

**પાત્રો**

શરદ, બટુક, નલિન, રમણ વગેરે . . . . નિશાળિયા

કીર્તિચન્દ્ર : શરદના મોટા ભાઇ — લખમણ : શરદના પટાવાળો

મણિલાલ : નિશાળના મહેતાજી — છોટાકાકા : પાણી પાનાર મહારાજ

## ચિત્ર પહેલું

[હાંફળોફાંફળો શરદ પોતાની ઓરડીમાં આવે છે. હાથ ને મોં લુછી તરત વાળ ઓળી લે છે. પછી બારી વાટે બુમ પાડે છે.]

શરદ: લખમણ!

લખમણ: (બારણામાં આવતાં) હં, ભાઇ.

શરદ: જરા જો તો ખરો કે કેટલા વાગ્યા?

[લખમણ જાય છે.]

શરદ: (કપડાં ફેંદી) મારૂં ખમીસ ક્યાં ગયું? (જોરથી) લખમણ!

લખમણ: (પાછો આવી પહોંચતાં) હં, ભાઇ.

શરદ: (ગુસ્સાથી) કેટલા વાગ્યા?

લખમણ: અગિયારમાં પાંચ કમ.

શરદ: (કપાળ કુટી) ઉંદ! મેં તને કેટલી વાર કહ્યું છે કે દસ વાગ્યા પછી તારે મને રમવા ન દેવો?

લખમણ: (રંક અવાજે) હું તો ઘણો કહું છું, પણ તમે માનો છો ક્યાં?

શરદ: (મુઠી વાળી) અને મારૂં ખમીસ ક્યાં ગયું?

[લખમણ શોધવા જાય છે.]

શરદ: (કકળાટથી) આ નોકરે કેવા મુઆ છે! કહ્યું તો કરતા નથી અને વળી સામું બોલતાં શીખે છે!

[કબાટનું બારણું ઉઘાડી, અંદર ચોંટાડેલા ટાઈમટેબલમાં શરદ જુએ છે]

શરદ: અરે! આજ તો ભૂગોળ છે. યુરોપની નદીઓનાં નામ ગોખવાં રહી ગયાં તેનું શું થશે?

[પગ પછાડે છે. વળી ટાઇમ ટેબલમાં નજર નાખે છે.]

ને ગણિત, ને ડ્રૉઇંગ, અને અંગ્રેજી અને વળી ગુજરાતી! સોમવારે તો બધા અઘરા વિષયો જ આવે છે! (કડક ચીડથી) માસ્તર કોઇ દિ' આવું બધું સામટું ભણ્યા હશે? [ચોપડીઓ ઉથલાવે છે.]

લખમણ: (દાખલ થતાં) લ્યો ભાઇ. ખમીસ તો તમે રસોડામાં ભુલી ગયા હતા.

શરદ: (જલદી પહેરી લઇ) લાવ કોટ–ટોપી;

લખમણ: (ખીંટી પરથી લાવી) લ્યો.

શરદ: (કોટ પહેરી, ટોપી હાથમાં રાખી) બ્રશ લાવ. જોતો નથી કે કેટલી બધી ધુળ ચઢી છે!

[લખમણ બ્રશ શોધે છે. શરદ ચોપડીઓ એકઠી કરે છે. એવામાં— ]

શરદ: લખમણ! મારી ફુટપટ્ટી ક્યાં મુકી?

[લખમણ બ્રશ અને ફુટ શોધી કાઢે છે.]

લખમણ: ભાઈ, લ્યો પટ્ટી. લાવો ટોપી.

[તેમ થાય છે ત્યાં અગિયારના ટકોરા સંભળાય છે.]

શરદ: (હાથ લંબાવી) સાંભળ; અગિયાર વાગી પણ ગયા! (ખુરસીમાં પડી) હું નહોતો કહેતો કે મોડું થશે જ? (જરા વાર ચુપ રહી) અને હવે માસ્તર મારા માર્ક કાપી નાખવાના! પછી મારો નંબર નીચો રહે એમાં નવાઇ શી?

[દરમિયાન લખમણ એકઠી કરેલી ચોપડીઓ દફતરમાં ગોઠવે છે. પછી શરદના હુકમની વાટ જોતો ઉભો રહે છે, પણ શરદ નીચું માથું નાખી બેસી રહ્યો છે એટલે—]

લખમણ: શરદભાઇ!

શરદ: (ઉંચું જોઇ) પણ મારૂં રજીસ્ટર લીધું? (મોં બગાડી) આજે તો એ સહી કરાવી લઇ જવાનું છે. ત્રીસ છોકરામાં ત્રેવીસમો નંબર આવ્યો છે એટલે સહી કરાવતાં ખુબ સાંભળવું પડશે.

[લખમણ ટેબલ પરથી રજીસ્ટર લે છે]

શરદ: (હળવો પડી) લખમણ, સાહેબ છે?

લખમણ: ના. એ તો દસ વાગ્યાના ઑફિસે—

શરદ: (રાજી થઇ) તો જરા મોટાભાઇને બોલાવ ને?

[લખમણ જાય છે. શરદ બુટ પહેરી, કોટનાં બટન બંધ કરી, માથે લગીર વાંકી ટોપી મુકી, હાથમાં દફતર લઈ જાણે હોંશથી નિશાળે જવા તૈયાર થયો હોય એવો દેખાવ કરે છે. એવામાં કોટ, પાટલુન, નેકટાઇ અને હૅટના ભપકામાં સજ્જ બનેલા કીર્તિચન્દ્ર આવે છે. પાછળ લખમણ છે.]

કીર્તિચન્દ્ર: કેમ, શરદ? (હાથપરના ઘડિયાળમાં જોઇ) કેમ; હજુ સુધી તું નિશાળે નથી ગયો?

[શરદ શાંત રહે છે.]

કીર્તિચન્દ્ર: (ફરી ઘડિયાળમાં જોઇ) ચલ; કામ હોય તો જલદી કહે. પછી મારે કૉલેજનો વખત થાય છે.

શરદ: (ગોળગોળ) હું નિશાળે તો ગયો હતો. પણ...

કીર્તિચન્દ્ર: શું?

શરદ: (લુચ્ચી ધીરજથી) મારગમાં સાંભર્યું કે આજે રજીસ્ટરમાં સહી કરાવવાની છે. એટલે પાછો આવ્યો. પણ અહીં આવતાં તો બાપુ બહાર ગયા છે એવું લખમણ કહે છે.

[કીર્તિચન્દ્ર લખમણ તરફ ફરે છે.]

લખમણ: હા; મોટાભાઈ.

શરદ: (વીનવણીથી) એટલે મોટાભાઇ, તમે સહી કરી આપો તો મને માસ્તર સાહેબ વઢે નહિ.

કીર્તિચન્દ્ર: (હાથ લંબાવી, જરા ગુસ્સો કરી) સારૂં, લાવ. ખાવાનું સાંભરે છે ત્યારે સહી કરાવવાનું કેમ ભુલી જવાય છે?

[શરદ રજીસ્ટર કાઢી, સહી કરવાનું પાનું ઉઘાડી આપે છે. અંદરનો એક આંકડો પણ જોયા વગર કીર્તિચન્દ્ર મત્તું મારી દે છે. હોંશપૂર્વક શરદ રજીસ્ટરને દફતરમાં મુકે છે.]



કીર્તિચન્દ્ર: (ઉતાવળો થતો) બોલ; બીજું કાંઇ?

શરદ: (સંભારવાનો ડોળ કરી) આજ પહેલી તારીખ થઈ તે, જો તમે ફી આપો તો મને વધુ માર્ક મળે અને મારૂં નામ ઉપર આવે.

કીર્તિચન્દ્ર: (ખિસ્સાં ખંખોળી) કહે; કેટલી ફી છે?

શરદ: બે રૂપિયા, દસ આના, છ પાઇ.

કીર્તિચન્દ્ર: (ખચકાઇ) હેં?—એટલું બધું તે તમને શું ભણાવી નાખે છે? [શરદ ચૂપ રહે છે.]

(ફી આપીને) લે. સાંજના બાપુ કનેથી લઇ મને પાછા આપી દેજે.

શરદ: હાં. (કાલો થઇ) પણ મોટાભાઇ, આ રૂપિયા તો મારે આપી દેવાના. મારે વાપરવા સારૂ...

કીર્તિચન્દ્ર: (એક આનો આપી) લે; છુટકો કર.

[ઘડિયાળ સામી આંખો જતાં કીર્તિચન્દ્ર ત્યાંથી ઉપડી જાય છે. શરદ રાજી રાજી થયો હોય છે. લખમણ નવાઈથી બધું નીરખ્યા કરે છે.]

શરદ: (લખમણને દફતર સોંપી) ચાલ લખમણ. મોડું થશે તો માસ્તર માર્ક નહિ આપે. (છાતી કાઢી ચાલતાં) તને ખબર છે ને કે એ સાવ મૂરખ માણસ છે.

[લખમણ પોતાનું ઘરડું ડોકું ઉંચુંનીચું હલાવી શરદને પગલે ચાલવા લાગે છે.]

## ચિત્ર બીજું

[ઘંટ વાગતાં અંગ્રેજી પહેલીના વર્ગમાં કેટલાક છોકરાઓ દાખલ થાય છે. એમાં બટુક બધાનો ઉપરી હોય એવું તરી આવે છે.]

એક છોકરો: બટુક, માસ્તર કેમ નથી દેખાતા?

બટુક: (બેપરવાઈથી) કાં તો માંદા પડ્યા હશે.

બીજો છોકરો: અરે! એમ તે હોય?

બટુક: (ચીડથી) ત્યારે મરી ગયા હશે.

ત્રીજો છોકરો: અલ્યા! એવું તે બોલાય?

બટુક: (હીમતથી) શું કામ નહિ? કયાં અમરપટો લઇને આવ્યા છે?

[બધા છોકરા અચંબાથી સાંભળી રહે છે.]

બટુક: (હસી લઇ) તો વળી રજા મળશે!

[મણિલાલ માસ્તર ઠંડે પેટે પધારે છે. છોકરાઓ પોતપોતાની બેઠક સંભાળી લે છે.]

મણિલાલ: (ખુંખારો ખાતાં) કેમ બટુક?—શાની

રજા જોઇએ છે?

બટુક: (ઠંડકથી) એ તો અમે વાતો કરતા હતા કે આવતી કાલે આપણા રાજાસાહેબનો જન્મદિવસ છે એટલે રજા હોવી જોઇએ.

મણિલાલ: બેસ બેસ, હવે. હજુ તો ગઇ બીજીએ તમને એની છુટ્ટી મળી હતી. તમારે રજા જોઇએ એટલા માટે શું મહિને મહિને એમનું વરસ બદલાશે?

[આખો વર્ગ હસી પડે છે. એટલામાં નલિન બારણા આગળ આવી ગયો છે. ગરીબ ચહેરે એ ત્યાં જ ઉભો રહે છે.]

મણિલાલ: (નજર જતાં) છોકરાઓ! ઉભા થાઓ; સાહેબ પધાર્યા!

[નલિન ત્યાંથી અંદર આવતો નથી.]



મણિલાલ: (કાનપટ્ટી પકડી અંદર લાવતાં) કેમ નલિનભાઈ, વહેલાં આવતાં ચુંક આવે છે કે આખા વર્ગને હેરાન કરો છો?

નલિન: સાહેબ, જરા જમવામાં મોડું થઇ ગયું.

મણિલાલ: (ડોક લંબાવી) કેમ; કાંઈ દુધપાક પુરીની જમણવાર હતી કે શું? (વર્ગ સામું જોઇ) અમને બધાને બોલાવવા હતા ને?

[ત્યાં શરદ અને લખમણ આવે છે.]

લખમણ: માસ્તર સાહેબ, અમારે નાનાભાઇને ઘેર જરા કામ હતું તેથી મોડું થયું છે.

મણિલાલ: (લખમણને) વારૂ. જરા સાહેબને સંભારજે કે આજે મહિનો બદલાયો તે માસ્તર યાદ કરતા હતા.

લખમણ: વારૂ જી. (સલામ ભરી પાછો જાય છે.)

મણિલાલ: (નલિન અને શરદને) જાઓ; બેસી જાઓ. [બંને પોતાની જગ્યાએ જાય છે.]

મણિલાલ: બોલો; છોકરાઓ! આજે ફી કેટલા જણાએ આણી છે?

[એકલો શરદ આંગળી ઉંચી કરે છે.]

મણિલાલ: (ગર્વભેર) જા; દસ માર્ક વધારે લેજે.

[છોકરાઓ અંદરઅંદર વાતોએ વળગે છે.]

મણિલાલ: (ટેબલ પર હાથ પછાડી) ચાલો; કેટલા જણ આજે ભૂગોળ પાકી કરી લાવ્યા છો? (ભૂગોળ ઉઘાડી) બોલ; બટુક! રશિયાની મુખ્ય નદી કઇ?

બટુક: સાહેબ, વૅાલ્ગા.

મણિલાલ: કોને મળે છે?

બટુક: કાસ્પિયન સમુદ્રને.

મણિલાલ: બેસી જા. (ચોપડીમાં મોં રાખી) બીજો નંબર ઉભો થાય. બોલ, પો ક્યાંથી નીકળી કોને મળે છે?

[બીજો નંબર મુંઝાય છે. દરમિયાન ત્રીજો બટુકને પુછી લે છે.]

મણિલાલ: ત્રીજો.

ત્રીજો નંબર: સાહેબ, પો ઇટાલીના મેદાનમાં થઇને આડ્રિયાટિક સમુદ્રને મળે છે.

મણિલાલ: ખરૂં. (ચોપડી હેઠી મુકી) રમણ, ઉભો થા. કહે; આટલાંટિક મહાસાગરને કઇ નદી મળે છે?

રમણ: (વિચાર કરી) સાહેબ, દસપંદર મળે છે.

મણિલાલ: (હાથ દેખાડી) બેસી જા, બેસી જા; તને ભણતાં આવડશે તો પછી નાપાસ કોણ પડશે?

[વર્ગમાં ચુપકીદી ફેલાય છે.]

મણિલાલ: (આંગળી ફેરવતાં) પાંચમો, છઠ્ઠો, પછી, પછી, પછી...

[માસ્તરની આંગળી શરદ આગળ અટકે છે.]

મણિલાલ: બોલ; શરદ! સ્પેનના દ્વીપકલ્પમાં થઇને આટલાંટિક મહાસાગરને મળે છે એ નદીનું નામ શું?

શરદ: (બીતાં બીતાં) સાહેબ, ટેઈ....

મણિલાલ: બરાબર, ટેગસ. (પછીના છોકરાને) ઉભો થા. કહે જોઉં; ગંગા–ગોદાવરી શું છે?

[છોકરો મુંઝવણમાં મુંગો રહે છે.]

મણિલાલ: પછી, પછી, પછી......

[છેલ્લા છોકરા સુધી કોઇ કાંઇ કહેતું નથી.]

છેલ્લો છોકરો: (આંગળી ઉંચી કરી) સાહેબ, હું કહું?—ગંગા ને ગોદાવરી તો બંને બહેનો છે. (ફુલાંઇ) અમારી પાડોશમાં રહે છે.

મણિલાલ: (કંટાળો દેખાડી) બેસ, ગાયના ભાઇ, બેસ. અમારા વર્ગમાં તું નહિ હો તો છેલ્લો નંબર કોણ પુરાવશે?

[મણિલાલ બે હાથે તાળી પાડી, વર્ગનું ધ્યાન પોતા તરફ ખેંચે છે.]

મણિલાલ: (ખુરસી છોડતાં) ત્યારે શરદ, આ બારમા મનોયત્નમાંથી પહેલા દસ દાખલા ઉતરાવજે. છોકરાઓ, કોઇએ કોઇનામાંથી ચોરી કરવાની નથી. શરદ, તું ધ્યાન રાખજે. હું લગીર પગારપત્રકમાં સહી કરી આવું.

[મણિલાલ માસ્તર જાય છે. બીજી પળે આખો વર્ગ શાકપીઠ જેવો ઘોંઘાટ મચાવી મુકે છે.]

## ચિત્ર ત્રીજું


[પાણી પાનાર મહારાજ છોટાકાકા એમની ઓરડીના ઓટલા આગળ ખાટલી ઢાળીને બેઠા છે. ત્યાં લખમણ આવે છે.]

છોટાકાકા: આવ લખમણ; બેસ. પાંચ થવા આવ્યા, ખરૂં?

લખમણ: હા કાકા. (જમીનમાં જોઇ) કાંઇ છુટકો છે?

છોટાકાકા: (નવાઇથી) એમ કેમ, ભાઇ?

લખમણ: (થોડું ઉશ્કેરાઇ) કાકા, આ ઉમરે તો હવે થાક ચડે છે. (છાતી પર આગળાં પછાડી) હું



ખાસ ઑફિસનો પટાવાળો, એને આવું ખાનગી કામ કરવું પડે એ કેમ ગમે?

છોટાકાકા (લખમણનો ખરડો થાબડી) ભાઇ, એમ જ ચાલે. હું પણ આ માસ્તરોનું શાકપાંદડું લાવી આપવામાંથી છુટી શકતો નથી. શું કરવું? (નિરાશાથી) સામું એક પણ વેણ બોલીએ તો બીજે દિવસે ઘેર બેસવા વારો આવે.

[થોડી વાર બંનેમાં ગમગીની આવે છે.]

છોટાકાકા: લખમણ, જાણે બધી દુનિયા ફરી ગઈ હોય એવું લાગે છે, ખરૂં? ક્યાં અસલનાં છોકરાં ને ક્યાં અત્યારનાં?

લખમણ: (થોડું હસી) હા, કાકા. તમે તો કેટલાં બધાં છોકરાં દીઠાં હશે!

છોટાકાકા: (ઉમંગથી) અરે! ગણ્યાં ગણાય નહિ એટલાં. (આંગળીના વેઢા ગણતાં) આ તમારે પાંજરાપોળના ઉપરી કાળીદાસભાઇ, પેલા દાક્તર સાહેબ ગુલાબરાયભાઇ, આ મીલવાળા ગણપતરામભાઇ, વળી પેલા મુંબાઇ શહેરમાં મોટા વકીલ છે એમનું નામ સાંભળ્યું છે ના? (લખમણનો હાથ ઝાલી) સરકાર માબાપે એમના નામ અગાડી છોગું ને પછાડી પુછડું લગાડ્યું છે! બધા એમને સર ચંદુલાલભાઈ સાહેબ શી. આઇ. ને એવું એવું કહીને બોલાવે, હોં! નકર કોઇને દાદ ન દે. (મુછપર તાલ દઇ) લખમણ, તને ખબર છે કે આ બધાને મેં પાણી પાયું છે?

લખમણ: બરાબર, કાકા.

છોટાકાકા: (રંગથી) અને તારા સાહેબ પણ મારી આંખ નીચે આવી ગએલા. (ઠંડા થઇ) પણ એ જમાનો જતો રહ્યો!

લખમણ: કેમ કાકા? એમ કેમ કહો છો?

છોટાકાકા: (આંખે આંગળી લઇ) આ ઘરડી આંખ એવું કહે છે. મને લાગે છે કે હવેનાં લોક બધાં એકલપેટાં બહુ થવા માંડયાં છે. આ માસ્તરોનું જ જુઓ ને? પગાર મળ્યો એટલે જાણે ગંગા નહાયા! પેલા મણિલાલ માસ્તર આજે બપોરે બાર વાગ્યાના રઘુચક થયા હતા તે સાંજે ચારને ટકોરે પાછા આવ્યા! આ ભણાવવાના ચાળા છે?

લખમણ: કાકા, એમને તો હું ઓળખું છું. એક દહાડા મારા સાહેબે એમને કહેવડાવેલું કે અમારે નાનાભાઇને ધ્યાન દઇને ભણાવે. તો મને કહે કે સાહેબને મારા સલામ સાથે કહેજે કે શરદભાઈ જરૂર પાસ થવાના છે. પછી શું?

[છોટાકાકા આછું આછું હસે છે.]

(અનુસંધાન સામેના પાને પહેલા કોલમને છેડે)

# ગુજરાતનો રક્ષણહાર

# ઝિંઝુવાડા

લેખક અને ફોટો લેનાર

**હરિનારાયણ આચાર્ય**



તળાવના પૂર્વ કિનારે આવેલો ઝિંઝુવાડાનો પ્રાચીન દરવાજો: જે હાલ એક જીનિંગ ફૅક્ટરીનું પ્રવેશદ્વાર બન્યો છે.

કેમ 'લ્યા જતી, ક્યાં 'ગ્યું તારૂં ધંતરમંતર ?......'

કહેવાય છે કે, ગુજરાતની રાજમાતા મીનળદેવીને પુરા દિવસ થવા છતાં ય પ્રસૂતિ થતી ન હતી; કારણ શોક્યોએ જૈન જતી પાસે કામણટુમણ કરાવી વેર વાળવા ધાર્યું હતું. પરંતુ ચતુર કુળગુરુની સલાહથી રાણી પાટણ તજી યાત્રાને બહાને સોમનાથ ભણી ચાલી. વાટમાં રબારીના નેસડામાં વાસો કર્યો અને ત્યાંથી ગપ ઉડાડી કે રાણીને કુંવર અવતર્યો છે. વાત વાયુવેગે પાટણ પહોંચી એટલે અદેખી શોક્યોનાં કાળજાં ફફડી ઉઠ્યાં. જતીને બોલાવી ધમધમાવ્યો કે 'મુઆ મુંડીઆ, તારા ભરોસે અમે બેઠાં ને તેં તો ધાણ વાળ્યો.' સ્વવિદ્યામાં શ્રદ્ધાવાળા ગોરજીને આથી હાડોહાડ વાપી ગઇ. અને બધાંને પતી જ પાડવા ઉંબરા હેઠળ દાટેલું જંતર ખોદી કઢાવ્યું. જંતરમાં હતી પાણી ભરેલી એક કોરી માટલી અને માંહ્ય નાખ્યા'તી દેડકી. મોં કર્યું'તું બંધ. દેડકી નીકળે ય નહિ ને મીનળને છુટકો થાયે નહિ. બીતાં બીતાં અધારી રાણીઓએ માટલી ઉઘાડી, કે હડફ કરતી દેડકી ઉછળી બહાર પડી. અને ત્યાં તો તરત પેલા નેસમાં મીનળને પ્રસૂતિ થઇ. આ પ્રસૂત બાળક તે ગુજરાતનો નાથ સિદ્ધચક્રવર્તિ જયસિંહદેવ, અને આ સ્થળ તે ગુજરાતની ઉત્તરપશ્ચિમે કચ્છના રણની કોરે આવેલું ઝિંઝુવાડા.

આ તો ઘરડાંની વાત. ઇતિહાસ ગમે તે કહે, પણ એટલું તો સાચું કે ઇ. સ. બારમી સદીમાં અણહિલપુર પાટણનાં બલ્લાળ રાજાઓના રાજની સીમા પર ગુજરાતનું નાક સાચવતો મોખરે ઉભેલો કિલ્લો ઝિંઝુવાડા, સૌરાષ્ટ્ર અને કચ્છના હુમલામાંથી બચવાના પરમ સાધન રૂપ હતો. હજુ પણ અંગ્રેજ સરકારની લેનદોરી—કસ્ટમ્સ લાઇન-ઝિંઝુવાડાને ઘસાઇને જાય છે.



શ્રી હરિનારાયણ આચાર્ય : પ્રવાસ સમયે

---

લખમણ: (હર્ષમાં આવી) અને પછી એક દિ' સાહેબ ઘરમાં વાતું કરે કે નાનાભાઇ પાસ કેમ ન થાય?—શી કાંઇ અમસ્થા આવે છે?—માસ્તરને શું મફતના પૈસા આપીએ છીએ?

છોટાકાકા: અને લખમણ, પછી છોકરાં ભણે પણ શું? માબાપ માસ્તરને માથે નાખે, માસ્તર માબાપને માથે નાંખે; એમાં છોકરાંનું શું વળ્યું?

[ઘંટ વાગે છે. ગરબડાટ કરતા છોકરા બહાર ધસી આવે છે.]

શરદ બટુક નલિન વગેરે:

મણિલાલ માસ્તરે મરચું માર્યું,
ચાલો નિશાળિયા, ઘેર જાઓ.

**યશવંત પંડ્યા**




રૂડા રબારીએ આપેલા આશરાના સંભારણામાં મીનળદેવીએ બંધાવેલો આ કિલ્લો, ભ્રષ્ટ નામે, ઇતિહાસમાં ઝિંઝુવાડા તરીકે ઓળખાય છે. લોકો એને ઝેંઝવાડા પણ કહે છે.

એની ખ્યાતિ તો ઘણા વખતથી સાંભળેલી. વર્ણન પણ વાંચેલું. ને નજરે જોવાની તીવ્ર આકાંક્ષા બે ત્રણ વરસથી હતી. પણ એના પુણ્ય દર્શનનો યોગ તો આવ્યો આ વર્ષના બેસતા દિવસે. અમદાવાદથી વીરમગામ અને ત્યાંથી પાટડી સુધી તો હું અને મારી બાઇસીકલ રેલવેમાં જ ગયાં. અમદાવાદથી વીરમગામ સુધી સાઇકલની મઝા અગાઉ માણી આવ્યો હતો; ને આ વેળા સમય પણ ન હતો, એટલે બને તેટલું અંતર રેલવેમાં જ પુરૂં કરવા ધારેલું. પાટડીથી ઝિંઝુવાડા વીસેક માઇલ થાય. પરંતુ વચમાં ચારપાંચ માઇલ બબ્બે ફુટ રેતી આવતી. તેમાં બે મણની સાઇકલ અને પોણા પાંચ મણનો સેવક! આ બધાનો વિચાર કરી મેં એ રસ્તે જવાનું માંડી વાળ્યું અને પાટડીથી ખારાઘોડા રેલવેની પગથીએ, અને ત્યાંથી રણમાં, એમ સાઇકલ હંકારી.

ડાબી બાજુએ તો, નજર પહોંચે ત્યાં સુધી રણ ને રણ જ. સુકું રૂખડું યે શાનું ભાળો ? શરદ હોવા છતાં પણ ઝાંઝવાનાં જળ હીલોળે ચડેલાં. વચ્ચે વચ્ચે મીઠાના અગર અને ધોળી ફુંમ જેવી ચમક ચમક થતી મીઠાની રેતી. જમણી બાજુ આછાં આછાં ય ઝાડપાન વાળો ગુજરાતનો લીલોછમ પ્રદેશ. અને બંનેની વચ્ચે આવેલી કસ્ટમ્સ લાઇનની પગદંડી: એના પર ચાલતી મારી સાઇકલ. ખરા બપોર હતા અને તડકો માથું ફેરવી નાખે તેવો હતો. છતાં પણ આ ચિત્રવિચિત્ર દૃશ્યમાં પરાણે તદ્રુપ થવાનું હતું. બપોરે બાર વાગે ઝિંઝુવાડા પહોંચ્યો અને રાત ત્યાં જ કાઢવાની હોવાથી નીરાંતે જીવે આ દૂરથી ભવ્ય દેખાતા જીર્ણદુર્ગને જોયો.

ઝિંઝુવાડાની રચના સમ-ચોરસ છે. અખંડિત અવસ્થામાં એની પ્રત્યેક દીવાલ આશરે અરધો માઇલ લાંબી હતી ને તેની વચ્ચોવચ્ચ એકેક દરવાજો હતો. દરેક દરવાજાનું વિશિષ્ટ નામ હતું. ઉત્તરે ધામાપોળ, પૂર્વે નાગરવાડાપોળ, પશ્ચિમે મડાપોળ અને દક્ષિણે રાક્ષસ પોળથી ગઢમાં પ્રવેશ કરી શકાતો. પૂર્વોત્તર ગોળાની વચ્ચે અનેકકોણ એક કુંડ કે તળાવ, ત્રણસો વાર લાંબુ અને આશરે એટલું જ પહોળું છે. સ્થળે સ્થળે ઢોર અને ગાડાંને ઉતરવાના ખાળબાવાટ તથા માણસો માટે નહાવાધોવાના ઘાટ છે. દરેક ખળિયા વાટને બે મોખરે એકેક નાની મંડપિકા છે. આખું ય તળાવ હજી ઘણી સારી સ્થિતિમાં સચવાઈ રહેલું છે. માત્ર પૂર્વ તરફનો ભાગ ખંડિત દશામાં છે. સાંજે પૂર્વમાંથી જોતાં આ સ્થળ ઘણું જ રમણીય અને ગૌરવભર્યું લાગે છે. લીલાંછમ ઝાડ, પાણી ભરતી પાણીઆરીઓ અને સાંજનો આથમતો સૂર્ય ત્રણેનાં સૌન્દર્ય ઓતપ્રોત થઇ અપૂર્વ આનંદ આપે છે. તળાવની પશ્ચિમે એક ભાંગીતૂટી

વાત્ર છે. તળાવ સારી દશામાં હોવા છતાં પણ ગઢ તો જીર્ણ અને વિશીર્ણ દશામાં છે. કંઈયે સચવાઈ રહ્યું હોય તો માત્ર એક દીવાલ અને ત્રણ દરવાજાઃ તે પણ ખંડિત દશામાં. છતાં પ્રાચીન ગૌરવની સાક્ષી પુરવા એ ઓછાં નથી.

મુસલમાન શહેનશાહતે ગઢની વચ્ચે બીજો નાનો ગઢ રચેલો, જેમાં અત્યારનું ગામ વસેલું છે. ભીલોના તાબાના આ ગામમાં હાલ તો મરામતની શી આશા રાખી શકાય? પરંતુ અમદાવાદની કળાને આકાશે ચડાવનાર મુસલમાનોએ પણ અહીં તો આંખે પાટા રાખીને વર્તન બતાવ્યું છે. દક્ષિણ દરવાજાની બરાબર વચ્ચોવચ કોઈ મુદાના આદમીએ એક કબર બનાવી, ઉપર લીલું લુગડું ઓઢાડી દીધું છે. માણસ અને ઢોરને ચાલતાં પણ અડચણ પડે, ત્યાં ગાડું તો શા રીતે નીકળી શકે? પ્રાચીનતાના પૂજારીને તો એ દૃશ્ય કારી ઘા જેવું લાગે છે.

ઝિંઝુવાડાના ગઢની ખરી મહત્તા તો એના વિશિષ્ટ સ્થાનમાં છે. સ્થાપત્યની નજરે એ ડભોઈ અને ઘૂમળીના ગઢોની જોડે બેસી શકે. ડભોઈ કરતાં એના દરવાજામાં તથા ભીંતોમાં કોતરકામ ઓછું છે, છતાં જેટલું છે તેટલું પણ પૂર્ણ વિચારપૂર્વક અને સુન્દરતાની નજરે કરેલું છે. એના ભગ્નાવશેષો હજુ પણ નજરને અને હૈયાને ઠારે છે.

પરંતુ આથી પણ વધારે અસરકારક તો એનું સીમાબંધન છે. એક બાજુ ગુજરાતનો રમ્ય પ્રદેશ ને બીજી બાજુ એના આંગણે જ—ભાગ્યે પાંચસો વાર છેટે–શરૂ થતું કચ્છનું રણ. કેમ જાણે કરસીથી કોરી કાઢ્યાં ન હોય, તેમ રણ અને રસાળ પ્રદેશ અહીં આગળથી સાવ નોખાં પડે છે! દૂર દૂર ક્ષિતિજ સુધી પહોંચતું સફેદ દુધ જેવું રણ અને તેમાં આસ્તે આસ્તે ઉતરતું લાલ સૂર્યબિમ્બ: આછી રેતીથી આચ્છાદિત, શાન્ત પગરવથી ગામમાં અને ગોંદરે વાડામાં પેસતાં ઘેટાં બકરાંનાં ધણ ને રણની સુક્કીભીની વાયુ લહરી; —ગઢની ઉંચામાં ઉંચી જગ્યા રાજબા માતાના ધાબા પરથી આ બધું

## આશિષ

(ઇન્દ્રવજ્રા)

બ્હેનાં! કદિ હોઉં કની હું રાજા,
બાંધું હમેશાં કુલમ્હેલ તાજા;
તું મૂર્તિનું મંદિર ત્યાં બનાવું,
ને દર્શનાર્થે વળી રોજ આવું.

તારે હૃદે આ મુજ નેત્રધારા,
એમાં ઢળેલાં મૃદુ નેન તારાં;
એવી રૂડી આરસમૂર્તિ કલ્પી,
કોરી દીધી હોત કદિ હું શિલ્પી.

ને બ્હેન! જો હોત કની ચિતારો,
પીંછી ધરીને હૃદ-રંગ ન્યારો;
આલેખીને મેં તુજ નેન હેત,
એની ધરી હોત તને જ ભેટ.

કે હોત જો હું ફીલસુફ યોગી,
બ્રહ્માંડ સર્વે મનથી વિલોકી;
કો મંત્ર મોંઘો તુજ માટ શોધી,
આજે રહ્યો હોત તને હું બોધી.

ને હોત જો ગાયક ગીત ગાત,
સંગીતની ધુન સદા જગાવી;
ગાંધર્વ ગુંથે સુર બાળી સાત,
છાયા ધરે એ, મુજ બ્હેન વ્હાલી.

કે હોત જો હું કવિરાજ મોટો,
એવું લખું કાવ્ય મળે ન જોટો;
એ કાવ્યનો આત્મ તને બનાવી,
સૌ કલ્પના હોત તને ધરાવી.

ને બ્હેન જો હોત કની હું દેવ,
તો અપ્સરા પાસ કરાવી સેવ;
નિત્યે રચાવું નવી સ્વપ્નસૃષ્ટિ,
એથી જ વાધે તુજ જ્ઞાનદૃષ્ટિ.

હું તો ઇલા! એકલ રંક ભાઇ,
મારી ય તારે નથી કૈં નવાઈ;
તો બ્હેન! શો આશિષ બોલ બોલું?
ને હૈયું આ શીદ અબોલ ખોલું?

ચન્દ્રવદન મહેતા

જોનાર સહૃદયને કંઇકંઇ થઇ જાય છે. ગૌરવથી ઉભેલા આ ગઢના અવશેષોમાંથી હજુ ય એને પ્રાચીન વીરશ્રી નીતરતી લાગે છે, અને લુટારૂનાં ટોળેટોળાં પાછાં વાળવામાં સહાયભૂત, ગુજરાતનો આ એકલો અટુલો રક્ષણહાર એની ભૂતકાળની સમૃદ્ધિની કરુણ કથની કહી રહ્યો લાગે છે. ગુજરાતના રાજ્યની પૂર્વ-દક્ષિણ મર્યાદાનો રક્ષક ડભોઇનો ગઢ અને પશ્ચિમોત્તર મર્યાદા સાચવતો ઝિંઝુવાડા! સમાનતામાં અનેક રીતે બંને સરખા જ છે.


ઝિંઝુવાડાની પાસે જ રણમાં ઝિલ્લાણંદ નામનું મહાદેવનું રમણીય તીર્થ છે. ત્યાં બારેક માઇલના વનથી ઘેરાએલો નાનો ટાપુ છે. * એમાં સજીવ જળવાળા બે કુંડ છે. એકમાં ગરમ પાણી આવે છે, ને બીજા-માંથી, આવા રણમાં પણ વીરડી જેવું મીઠું ઠંડુ પાણી નીકળે છે! રણની દાઝતી ધરતીમા આંખને ઠારનાર વનસ્પતિથી ભરપુર આ બેટ રોઝ, વરૂ, સુવર, જંગલી ઘોડા, હરણ વગેરે જનાવરોનું ભારે રહેઠાણ છે. ગુજ-રાતની જુની રાજધાની પંચાસર અહીંથી દસ માઇલ થાય. આની પૂર્વે શંખેશ્વર, વનોડ, લોટેશ્વર વગેરે પ્રાચીન સ્થળો આવેલાં છે. આખો ય પ્રદેશ સ્થળે સ્થળે ભૂત-કાળના ગૌરવથી ભરેલો છે. એકાદ અઠવાડિયાની વન-યાત્રા આ પુણ્યપ્રદેશ જોવા માટે પુરતી છે,—જો સાબુત પગ હોય તો.

ઝિંઝુવાડા જોયું અને છોડયું. રણમાં બબ્બે ત્રણત્રણ ઇંચ બાઝેલા મીઠાના થરમાંથી પસાર થતાં સરરરર સરરરર ચાલતી સાઇકલના સૂરમાં ઝિંઝુવાડાની સૌભાગ્યશ્રીના મૂક સ્વર સાંભળતો હું વિદાય થયો. એનું પ્રૌઢ સ્વરૂપ, એના કલેવરનો માળો અને એ માળામાં યે જોનારને દેખાતો ભવ્ય આત્મા આ બધું ભુલાય એવું ન હતું. ગુજરાતના ખુણેખોચરે પડેલાં ખરી જતાં થોડાંઘણાં જે વીર તીર્થો છે, તેમાંનું આ એક ઝિંઝુવાડા. એને જોયા પછી કેમ ભુલાય?

એ દિવસની યાત્રા બે ક્ષણ જેવી લાગી. સ્કૉટની નવલકથામાં ભગ્નકલેવર કિલ્લાઓના આત્માની ભવ્યતા વિચારમાં અનુભવેલી, તે અહીં દૃષ્ટિગોચર થઇ. એમાં ય ઉમેરો કરનાર સૌજન્યમય બે અંગ્રેજોનું આતિથ્ય હતું. બંને કસ્ટમ્સના ઇન્સ્પેક્ટરો. એક મિ. ફીલ્ડહાઉસ. બૉક્સિંગ, સંગીત, નિશાનબાજી, નૃત્ય વગેરે અનેક વસ્તુ-ઓનો શોખીન આ અંગ્રેજ અહીં સુકા રણમાં પોતાનું કર્તવ્ય બજાવતો એ બધી વસ્તુઓથી તલેતલભાર પરિચિત હતો. મને તો સમાનધર્મી મળી ગયા જેવું થયું. વાતોમાં કલાકના કલાક અમે સાથે બેસી પસાર કર્યા. બીજા મિ. બૅરટ. એ પણ પુરા **sportsman.** આમના જેવી ઉદાર આતિથ્યપ્રિયતા મેં જવલ્લે અનુભવી છે. ઝિંઝુવાડાની યાત્રામાં પૂર્ણતા લાવનાર આ બંને હતા; અને એ બંનેનો યોગ સાધનાર અને ઝિંઝુવાડા પહોંચાડનાર મારી પુરાણપ્રિય સાઇકલ હતી. એ પુણ્યતીર્થને નમસ્કાર કર્યા, પરદેશી છતાં દેશી જેવી મમતાવાળા બંને અંગ્રેજો-ના સૌજન્યને સ્મરતો સ્મરતો હું નીકળ્યો ત્યારે મારી ઉદાસીનતાને ટાળનાર એ દ્વિચક્રી હતી.


ઞ ઞ

હજુ ય એનો સરરરર સરરરર સ્વર કદિકદિ ઝિંઝુવાડાનું સ્મરણ ઉ-ભરાવે છે.



ઝિંઝુવાડાના જીર્ણ થઈ ગએલા દુર્ગની અંદર મુસલમાનોએ બાંધેલા નવા ગઢનો પશ્ચિમાભિમુખ દરવાજો

* આ ટાપુના છેડે એક પ્રચંડ પત્થરની છાટ હતી. તેમાં દરેક મણનું લોઢાનું કડું બેસાડેલું. આ માટે એવું મનાય છે કે જ્યારે કચ્છનું રણ રણ નહોતું બન્યું અને ત્યાં આરબી સમુદ્રની છોળો ઉછળતી ત્યારે ત્યાં આવતાં વહાણ આ ટાપુએ નાંગરતાં અને તેમને બાંધવા માટે આ કડું વપરાતું. હાલ આ પત્થર જડતો નથી. છતાં ત્રીસ-ચાળીસ વરસ ઉપર નજરે જોનાર મને મળ્યા હતા.



કચ્છના રણની સન્મુખ આવેલો
**ઝિંઝુવાડાનો પશ્ચિમ દરવાજો**

ગુજરાતની પશ્ચિમ સરહદના એક સમયના રક્ષણહાર સમા એ પ્રાચીન દુર્ગની માડના સ્મરાવતો આ દરવાજો ભવ્ય તેટલો જ સુંદર છે અને હિંદુ સ્થાપત્યકૌશલનો ઉત્તમ નમુનો છે.



**ગૌરશંકર**

નગાધિરાજ હિમાલયના શિખરમણિનું એક કલ્પનાદર્શન

( ચિત્રકાર : રવિશંકર રાવળ )

# ગિરેબાજ ચિત્તુ



અનુસંધાન ગયા અંકના પૃ. ૬૪થી

આમ, નવા શિખાઉ તરનારની પેઠે, એકવાર હવામાં કુદી પડવાની બે' ભાંગી ગઇ એટલે તો પછી ચિત્તુએ ધીમેધીમે લાંબી અને ઉંચી સફરો કરવાની હીમત કરવા માંડી. એકાદ અઠવાડિયામાં તો એ અરધા અરધા કલાક સુધી લાગટ હવામાં રહી શકવા લાગ્યો અને પાછો ઘર પર આવે ત્યારે પોતાનાં માબાપની પેઠ જ લહેકો લઇને છાપરા પર ઉતરતાં શીખી ગયો.

એનાં માબાપ શરૂશરૂમાં શીખવવા માટે એની લગોલગ ઉડતાં, તે હવે એને એકલો પાછળ મુકીને ખુબ ઉંચે ઉડવા લાગ્યાં. પહેલાં તો મને થયું કે ચિત્તુને ઉંચે ને ઉંચે ઉડતાં શીખવવાને તેઓ એમ કરતાં હશે; કેમકે એ પણ માબાપની ઉંચાઇએ રોજરોજ પહોંચવાની મહેનત કરતો. એટલે મેં તો એમ જ ધાર્યું કે માબાપ પોતાના બચ્ચા આગળ ઉંચા શિક્ષણની આકરી કસોટીઓ મુકતાં જાય છે. પણ તરત જ મારી આ કલ્પનાને ખોટી પાડનારો એક આફતભર્યો કિસ્સો બન્યો.

જેઠ મહીનાની આકરી સવાર હતી. નવેક વાગ્યા હશે; પણ આકાશ જાણે પ્રકાશથી ફાટફાટ થતુ હતું. ચિત્તુ ખુબ ઉંચે ચડ્યો હતો; પોતાના કદથી અરધો દેખાતો હતો. એનાં માબાપ એનાથી પણ ઉંચે—મુઠી-મુઠી જેવડાં દેખાતાં હતાં એટલે ઉંચે—ચડયાં હતાં અને બરાબર ચિત્તુની ઉપર ગોળાકારમાં ઉડયા કરી ચક્કર પર ચક્કર મારતાં હતાં. હું આ જોઇને કંટાળ્યો; —આ શું અર્થ વિનાનાં કુંડાળાં માર્યે જતાં હશે? પ્રકાશ અને કંટાળાથી થાકેલી આંખ મેં ફેરવી લઇ નીચે ઉતારી ત્યાં તો દૂરથી એક કાળું ટપકું તીરની પેઠે સુસવાટ કરતુ આવતું મારી નજરે પડ્યું. હું ચમકયો: આ શું?

પક્ષીઓ સામાન્યરીતે તીરની જેમ સીધું ઉડતાં નથી, પણ લાંબાટૂંકા વળાંકા થોડી-થોડી વારે લે છે. એટલે, ક્ષણે ક્ષણે મોટું થતું જતું આ સીધું સુસવાટ કરતું પક્ષી શું હશે એ ખ્યાલે હું વિચારમાં પડ્યો. પણ એ જ મિનિટમાં એ વર્તાઇ ગયો. નાના ચિત્તુ ઉપર ઝપટ કરતો આવતો એ શિકારી બાજ હતો. બીજી જ પળે ભય અને ચિંતાથી મારી નજર ઉંચે ખેંચાઇ, ત્યાં તો મેં અજબ દશ્ય જોયું.

ચિત્તુનો બાપ ગિરી પર ગિરી ખાતો ઝપાટાભેર નીચે ઉતરતો હતો; અને તેની મા પણ પોતાના બચ્ચાને બચાવવાના ઉદ્દેશથી જોશથી ગુલાંટો મારતી નીચે આવતી હતી. ખુની બાજ હજુ ચિત્તુથી દસેક વાર દૂર હતો ત્યાં તો ચિત્તુનાં બંને પડખાં પર તેનાં માબાપે આવી તેને રક્ષી લીધો. ત્રણે કબુતરોએ હવે એકી સાથે, બાજના હુમલાની દિશાથી બરોબર કાટખુણે નીચે ઉતરવા માંડ્યું. આ ચાલથી જરા પણ છેતરાયા વિના ફરી બાજે હુમલો કર્યો. પણ ત્રણે કબુતરોએ એવી ગિરી ખાધી કે બાજની ઝડપ અફળ ગઇ, અને હુમલાના વેગમાં ને વેગમાં તે કબુતરોથી કયાંય દૂર નીકળી ગયો. આ તકનો લાભ લઈ બીજી એક મિનિ-ટમાં તો કબુતરો અરધું અંતર નીચે ઉતરી આવ્યાં.

પણ બાજે હવે નવો વ્યૂહ રચ્યો. તેણે આકાશની દિશા લીધી અને એટલો ઉંચે ચડ્યો કે તેની પાંખનો સુસવાટ સરખો પણ કબુતરો સાંભળી ન શકે. તે બરોબર તેમને માથે અદ્ધર ચડેલો હોવાથી કબુતરો તેને જોઇ શકતાં ન હતાં. આમ, પોતાને સલામત માની કબુતરોએ પોતાનો વેગ જરા ઢીલો કર્યો, અને છુટકારાનો દમ લીધો. પણ એ જ પળે મેં ઉપર બાજને પોતાની પાંખો બીડતો જોયો. જોતજોતામાં તો એ પત્થરની માફક ઢગલો થઇને તેમના પર તુટી પડ્યો.

નિરાશાની તીવ્ર ઝનુનમાં મેં મોંમાં આંગળાં નાખી

જોસથી તીણી સીસોટી મારી મારાં પક્ષીઓને ચેતાવ્યાં. એ સાંભળતાંવેંત, કોઇ તલવાર વીંઝાતી હોય એમ, તેમણે સુસવાટો મારીને વેગથી એક લાંબો વળાંક લીધો. હજી બાજ તો એમની પુંઠે જ હતો.

પ્રત્યેક ક્ષણે, તસુ તસુ કરતો તે તેમની નજીક ને નજીક ધપતો જતો હતો. ધ્રુવના મહાસાગરનાં મોજાંની જેમ કાળ જેવો તે વેગથી તેમની ઉપર ઝપટ નાખ્યો આવતો હતો. તેની અને મારાં ગભરૂ કબુતરોની વચ્ચે માંડ વીસેક ફુટનું જ અંતર રહ્યું હતું. તેની ઝપટ નાનકડા કુણા ચિત્તુ ઉપર જ હતી એ ચોક્કસ હતું. તેના કરાળ પંજાનો તલસાટ હું જોઇ શકતો હતો. મેં દુઃખથી ધામા હાથ નાખી. બાજ બે-એક હાથને છેટે આવી પહોંચ્યો. એ—એ ઝપટ મારી...

પણ બરાબર એ જ પળે કબુતરોએ ફટાકો બોલાવી ગિરી ખાધી અને મોટો ગોળાકાર વળાંક લઇ ઉંચે ચડયાં. બાજ તેમની પાછળ જ ચડયો. કબુતરોએ ગોળાકારમા ઉડવું જારી રાખી વર્તુળ મોટું ને મોટું કરવા માંડયું. પક્ષી વર્તુળમાં ઉડવા માંડે છે ત્યારે તે બે રીતે ઉડે છે. કાં તો તે વર્તુળ સાંકડું કરતું કરતું મધ્યબિંદુ તરફ વળે છે, અથવા તો તે વર્તુળ મોટું કરતું જાય છે. બાજ અહીં કબુતરોનો ઇરાદો પરખવામાં ચુકયો અને સાંકડું વર્તુળ કરતો ઉડવા લાગ્યો.

જેવી એની પીઠ પોતા તરફ ફરી કે તરત કબુતરોએ ફટાક કરતી ગિરી ખાધી અને સુસવાટ કરતાં અમારા છાપરા તરફ ઉતરી આવ્યાં. પેલો બદમાશ તરત પાછળ જ આવ્યો. લબકારા લેતી વિજળીની પેઠે ઝપટ કરતો તે વાસોવાંસ નીચે ઉતર્યો. પણ જોતજોતાંમાં કબુતરો મારા પહોળા કરેલા હાથ તળે લપાઇ ગયાં. સનનન કરતી ગોળી જાય એમ મારા માથા ઉપર થઇને સુસવાટ કરતો બાજ ઉડી ગયો. ખુનતરસી તેની આંખો અને સાપની જીભના લબકારા જેવા ધ્રુજતા તેના કાતિલ પંજા હું બરાબર જોઇ શકયો.

મારા ધડકતા હૈયા આગળ ત્રણ નાનકડાં હૃદય ફફડતાં ચંપાઇ રહ્યાં હતાં.

આ ઘાત ગયા પછી મેં ચિત્તુને દિશાજ્ઞાનની તાલીમ આપવી શરૂ કરી. એક દહાડો ત્રણે પંખીને પીંજરામાં નાખીને હું અમારા ઘરથી ખુબ છેટે, ગામના છેક પૂર્વ દરવાજાની બહાર લઇ ગયો અને ત્યાં તેમને છોડી મુક્યાં. ઘેર આવું ત્યાં તો ત્રણે આવીને છાપરા પર બેઠાં હતાં. બીજે દહાડે ગામના પશ્ચિમ સીમાડાથી દૂર વધારે છેટે લઇ જઈ છુટાં મુકયાં. ત્યાંથી પણ એ આપમેળે સલામત ઘેર ઉડી આવ્યાં. અઠવાડિયામાં તો તેઓ મારા ગામની ચોમેર સાતસાત આઠઆઠ ગાઉ દૂર ગમે તે દિશામાંથી ઘેર ઉડી આવતાં થઇ ગયાં.

પણ દુનિયામાં સૌ દહાડા સરખા આનંદના નથી જતા. આટલી ઝડપથી સરસરીતે સંધાતી આવતી ચિત્તુની તાલીમ અંતમાં એક કરુણ બનાવથી અંકિત થવાની હતી એ કોણ જાણતું હતું?

અષાડ મહીનો બેસી ગયો હતો. એક ફુટતે મળસ્કે ચિત્તુ તથા તેનાં માબાપને લઇ ગંગા નદી પર હોડીમાં બેસી હું નીકળ્યો. આકાશમાં ઝીણાંઝીણાં વાદળાં જણાતાં હતાં અને દક્ષિણનો મધુરો પવન આવતો હતો. અષાડનાં ઓચિંતાં તોફાનોથી મારે સાવચેત રહેવું જોઇતું હતું. પણ મને એ વેળા કાંઇ સુઝયું નહિ.

વીસેક માઇલ અમે હોડીમાં કાપ્યા હશે, એવામાં આકાશમાં વાદળાં ઘેરાવા લાગ્યાં. પવનનો વેગ એટલો વધી ગયો કે અમારી હોડીના સઢબઢ તુટીફાટીને કયાંય ઉડી ગયા. હવે વખત ખોવો નકામો છે એમ ધારી મેં મારાં કબુતરોને પીંજરામાંથી ઉડાડી મુકયાં. હવામાં પડતાં જ તેઓ નીચે ઉતર્યાં અને પાણીની સપાટીની લગોલગ ઉડવા લાગ્યાં. આમ લગભગ પાએક કલાક સુધી તેઓ પાણી પર ઉડયાં કર્યાં, પણ પવનના જોરને કારણે સામે વહેણે બહુ ઉડી ન શકયાં. પરંતુ હાર્યા વિના તેમણે ઉડવું તો જારી જ રાખ્યું. દસેક મિનિટમાં તો તેઓ નદી પરથી બહાર નીકળી જમીન તરફ ઉડયાં.

તેઓ માંડ કિનારા પરનાં ગામડાંની હાર આગળ પહોંચ્યાં હશે એવામાં આકાશ બીવણુ વાદળોથી ઘેરાવા લાગ્યું. ચારે દિશાએથી જાણે પૃથ્વીને ગળવા આવતાં હોય એવાં સીસા વાદળોના વિકરાળ ગોટગોટ ઉભરાઇ આવ્યા અને એક પણ દિશા તોફાન વિનાની સલામત ન રહી. દાવાનળની જીભ જેવી વિજળીના ચમકારા આ કાળાં વાદળાંને ચીરીચીરીને મુશળધાર પાણી વહેવડાવવા લાગ્યા. મારા પેટમાં ધ્રાસકો પડયો. મેં મારાં પંખીઓની આશા છોડી દીધી.

અમારી હોડીના તો હાલહવાલ થઇ ગયા. સુભાગ્યે અમે ગળકાં ખાતા માંડ કિનારે પહોંચ્યા, અને

એક ગામડામાં આશ્રય લીધો. બીજે દહાડે સવારે હું ટ્રેનમાં બેસી મારે ગામ આવ્યો તો ત્રણને બદલે બે જ કબુતર ઘેર પાછાં આવેલાં: તે પણ પાણીથી તરબતર અને પીછાં પીંખાએલાં. ચિત્તુનો બાપ તોફાનનો ભોગ થઇ નાશ પામ્યો હતો.

એ મારી જ ભુલ હતી: કોને દોષ દઉં? ઘર આખું દિલગીરીમાં ગરકાવ થઇ ગયું. જરાક વરસાદ રહેતો કે હું—ને પેલાં બંને કબુતર પણ—બહાર નીકળી છાપરે જઇ ચોમેર નજર કરતાં કે કયાંય ચિત્તુનો બાપ આવતો જણાય છે? પણ અફસોસ! કયાંથી આવે? એ કદિ જ પાછો ન આવ્યો.



**ચો**માસું બેસતું ગયું અને ઉકળાટ વધતો ગયો. આ અરસામાં અમારે હિમાલયમાં જવાનું થયું. હિંદુસ્તાનની ઉત્તર કોરાણ પર વિસ્તરીને પડેલા એ નગાધિરાજની મહત્તા તે ભવ્યતાનાં ગાન તો જગદ્વ્યાપી છે. એ કુદરતના કુબેરને આશ્રયે જવાની વાત થતાં જ મારૂં હૈયું આનંદથી નાચી ઉઠ્યું.

દાર્જીલિંગ તો જાણીતું ગિરિ-ગ્રામ છે. બંગાળાની અંગ્રેજ રાજસત્તા અને શ્રીમંતોનો એ ગિરિનિવાસ હિમાલયના સર્વોચ્ચ શિખર ગૌરશંકરની બરોબર સામે આવેલો છે. દાર્જીલિંગ પહોંચ્યા પછી અમે એક નાનકડી વણઝારને માર્ગે થોડે દિવસે અમારા મુકામ દંતામ ગામે પહોંચ્યા. મુસાફરી બહુ જ ધીમી પણ આનંદજનક હતી. કહેવાની જરૂર નથી કે મારાં બંને કબુતર અમારી સાથે જ હતાં.

દંતામ દસેક હજાર ફૂટની ઉંચાઇએ આવેલું છે. યૂરોપ-અમેરિકામાં તો આટલી ઉંચાઇએ સદા બરફ જામેલો રહે છે; પરંતુ હિંદુસ્તાન વિષુવવૃત્તની તદ્દન નજીક આવેલો હોવાથી ( હિમાલય વિષુવવૃત્તથી માંડ ત્રીસ જ અંશ ઉત્તરે આવેલો છે ) અહીં દસ હજાર ફૂટ સુધી બરફ જણાતો નથી. અલબત્ત ઠંડી ઘણી હોય છે. નીચે તળેટીનાં ઘાડાં જંગલોમાં ચોમાસું બેસતાં તો એટલી બધી ઠંડી વ્યાપી જાય છે કે હિંસક પશુપ્રાણીઓ એ પ્રદેશ છોડી દક્ષિણ તરફ ચાલ્યાં જાય છે.

અમારા રહેઠાણનો હું તમને બરોબર ખ્યાલ આપું. ઉત્તુંગ ગિરિમાળાઓની બરાબર કેડ ઉપર અમારૂં ગામ વસેલું હતું. અમારૂં ઘર પત્થર ને માટીના ચણતરનું હતું અને તેના આંગણામાંથી નજર કરતાં નીચેના ઢોળાવ પર વિસ્તરી રહેલાં ચાનાં લીલાં વાવેતર આંખોને ઠારતાં હતાં; તેની પેલી મેર ટેકરીઓની તળેટીનાં નાનકડાં મેદાનોમાં પર્વતમાળાને ચરણે બિછાવેલા ગાલીચા સમાં ડાંગર અને મકાઇનાં હરિયાળાં ખેતરો તથા ફળથી લચી રહેલાં ઉપવનો સોહાતાં; અને તેની યે પાર, ઘેરા લીલા રંગનાં ઘાડાં જંગલોની કટિમેખલા ધારણ કરી ઉભેલી, શ્વેત હિમાચ્છાદિત શિખરોવાળી ગૌરશંકર અને કાંચનગંગાની ગગનચુંબી ગિરિમાળાઓ પૃથ્વીને સ્વર્ગ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરતી હતી.

હિમાલયનું સૌથી સુંદર દર્શન પ્રભાતે જ થઇ શકે છે. દિવસનો મોટો ભાગ એ ગિરિમાળાઓ વાદળોથી ઢંકાએલી હોય છે. પણ પ્રભાતે કોઇ સુભગ પળે એનાં ધન્ય દર્શન લાધે છે. પ્રભાતની પહેલી કુંપળ ફુટતાં જ સ્ફટિકના પુંજ જેવી એ શિખરમાળા થોડીક પળ ઘેરા અંધકારને વિદારતી ઝળહળી રહે છે. આ દશ્ય અલ્પ સમય રહે ન રહે ત્યાં તો જોતજોતાંમાં ઉષાનાં કિરણો આવીને એને કસુંબલ કેસરી રંગે રંગી નાખે છે. સાચે જ જાણે પ્રવાહી કાંચનની ગંગા વહી રહી! એ દશ્ય અદ્દભુત છે, અપ્રતિમ છે, અવર્ણનીય છે.

હિમાલયના આ પ્રભાતદર્શનનું મૂલ્ય હિંદુઓને મન પ્રભુદર્શન તુલ્ય છે. કેમ ન હોય? માનવીનાં પગલાંથી હજી અસ્પૃશ્ય અને અતીત એવો એ શિખરરાજ માનવથી પર એવો ભવ્ય ને દિવ્ય નથી શું? માનવ શક્તિથી વણસ્પર્શી રહેલી એની પવિત્રતા પ્રભુની અગમ્યતાની પ્રતીક નથી શું? જેણેજેણે એ ઓજસ્વી પ્રભાતદર્શન કર્યાં છે તે સૌ કહે છે કે માત્ર થોડી પળ જ એ સાંખી શકાય એવું હોય છે. એ દિવ્ય દર્શન સામે તમે લાંબો વખત નજર માંડી શકો જ નહિ. તેથી જ તો એ વિરલ દર્શન કેવળ થોડીક પળનું હોય છે: પ્રભુદર્શનની જેમ.

હિમાલય અમે અષાડની અધવચ પહોંચેલા. એ

સમયે તો એનું આ દર્શન અત્યંત વિરલ હોય છે. લગભગ ચોવીસે કલાક વાદળો ઘેરાએલાં જ હોય; એવાં કે તમારી નજરથી વીસ ડગલાં દૂર પછીથી બધું વાતાવરણ જેના કોઇ ભુરા અલખ પડદા પાછળ ઢંકાએલું લાગે. ક્વચિત્–કોઇ વિરલ પળે એ પડદો અચાનક દૂર થઇ જાય અને કોઇ અવર્ણનીય ઉઘાડમાં, શુભ્ર વાદળગોટની દિવ્યમાળાઓ ધારણ કરેલાં, શ્વેત અગ્નિ જેવાં એ શિખરો ઝળહળી ઉઠે.

મારો મિત્ર રાજુ તથા અમારા કુટુંબના બહુ જ જુના અને માનનીય સંબંધી ધોંડકાકા અમારી સાથે આવ્યા હતા, એ હું તમને કહેતાં ભુલી ગયો. ધોંડકાકા બહુ નામી શિકારી છે. મને ને રાજુને સમજણા થયા ત્યારથી જ એમના હાથ નીચે જંગલજીવનની તાલીમ માટે મુકવામાં આવેલા. જંગલની એકેએક વનસ્પતિને, એકેએક પંખી ને પ્રાણીને એ પિછાને; જંગલની હવાની એકેએક તાસીરને એ ઓળખે; જંગલના જાતજાતનાં ભય અને જોખમોના એ જાણકાર; જંગલની ભવ્યતા, અદ્દભુતતા ને પવિત્રતાના એ પુજારી. એમના જેવા શિકારમાં એક્કા, જંગલજીવનના પારંગત, હીમતવાન અને હીકમતબાજ, ચકોર અને વિચક્ષણ શિકારી મેં હજી કોઇ જોયા નથી.

દંનામ પહોંચીને તરત મેં મારાં કબુતરોને એ સ્થળના દિશાજ્ઞાનથી વાકેફ કરવા માંડયાં. એકાદ દિવસ જરાકે ઉઘાડ થતો કે અમે ત્રણે જણ—હું રાજુ ને ધોંડકાકા ચડતે પહોરે નીકળી પડતા અને દેવદારૂની ઝાડીઓ તથા ઘેરી વૃક્ષઘટાઓ વટાવતા દૂર-દૂરનાં ઉંચાં શિખરો પર જઇ, કોઈ સાધુની લામાસરાઇમાંથી કે કોઇ અમલદારની ગઢી ઉપરથી કબુતરોને છોડી મુકતા. સાંજે ઘેર પહોંચીએ ત્યાં તો ચિનુ તથા તેની મા અચુક આવીને હાજર થઇ જ ગયાં હોય.

અષાડના આખા અંધારિયામાં માત્ર પાંચ છ દહાડા જ અમે આમ બહાર નીકળી શકેલા. પણ સાથે સર્વજ્ઞ જેવા ધોંડકાકા અને મારો પ્રિય દોસ્ત રાજુ હતા, એટલે એટલી ટુંક મુદતમાં પણ અમે ચોમેરનો ઘણોખરો પ્રદેશ ખુંદી વળેલા, તથા ચપટાં નાક અને ચોરસ ચહેરાવાળા પહાડી લોકોની એકેએક જાતિનો અમે પરિચય કરી લીધેલો. એ લોકો બહુ જ સરળ તથા મોજી સ્વભાવના અને ઉદાર આતિથ્યવાળા હોય છે.

કબુતરો તો આ સફરો દરમ્યાન હમેશ અમારી સાથે હોય જ. અહીં અમે ઘણુંખરૂં તેમને પીંજરાંને બદલે અમારા ઝભ્ભા તળે ઢાંકીને ફરતા: કેમકે વરસાદ કઇ પળે તુટી પડે તેનો ભરોસો નહિ.

આમ, અષાડ આખરે તો, અમે એ પ્રદેશમાં આવેલા એકેએક ગિરિશિખર પરની લામાસરાઇ અને સિક્કીમના એકેએક અમીર–અમલદારના ગઢ ફરી વળ્યા. દૂરમાં દૂર આવેલી સીંગાલેલેની મોટી સુંદર લામાસરાઇની પણ પેલી પાર ફલુત અને અગમ સુધી અમે પહોંચ્યા. અહીંથી પહાડી ગરુડોનો પ્રદેશ શરૂ થતો હતો. ચોમેર કરાળ કાળમીંઢની ઉંચી સીધી કરાડો આવી રહેલી હતી, ને તેને ફરતાં શાલ તથા દેવદારૂનાં ટચુકડાં લાગતાં વૃક્ષો પથરાએલાં હતાં. સામે દૂરદૂર કાંચનગંગાનાં શિખર ભવ્યતા ભરતાં ઉભાં હતાં.

આવી જગ્યાએ, એક અતિશય ઉંચી કરાડ પર ચડી અમે કબુતરોને છોડી મુકયાં. હવા એટલી તાઝગીભરી અને મસ્ત હતી કે કબુતરો તેના આનંદના નશામાં ચકચુર થઈ ખુબ ગેલ કરવા લાગ્યાં અને ચિનુની માએ પોતાના બચ્ચાને ભવ્ય ઉડ્ડયનોનો ખ્યાલ આપવા તેને સાથે લઇ ઉંચે ને ઉંચે ચડવા માંડયું.

એટલી અતીન ઉંચાઇએથી તેઓ શું શું જોતાં હશે તેની અમે કલ્પના કરવા લાગ્યા. પોતાની છાતી પર નગતરંગોને નચાવતા એ અફાટ પ્રદેશનું સૌંદર્યદૃશ્ય દૃષ્ટિ ભરીભરીને તેઓ પીતાં હશે. અને એથી યે અદ્દભુત તેમની સામે પડેલા પેલા કાંચનગંગાનાં ભવ્ય શિખર બેલડીનાં દર્શન કરતાં હશે. કાંચનગંગા પણ ગૌરીશંકરની પેઠે જ હજી માનવસ્પર્શથી અછૂત અને પવિત્ર છે એ ખ્યાલે અમારાં હૈયાં પૂજ્યભાવથી ભરાઇ આવ્યાં. પ્રભુની પ્રતિમા સમક્ષ પડેલા કોઇ દૈવી દર્પણ સમા એ નગરાજને અમે ભક્તિભાવે નયન ઢાળી નમ્યા અને મારાથી મનમાં ને મનમાં બોલાઈ જવાયું: 'પ્રભુના પૃથ્વી પરના પ્રતીક સમા ઓ નગાધીપ! તું છો એવો અતીત ને અનંત સદા ય રહો. કોઈ માનવીનો સ્પર્શ તને કલુષિત મા કરો. ઓ વિશ્વપીઠ સરખા અમરતાના પાર્ષદ! તારી દિવ્યતા, ભવ્યતા ને પવિત્રતા સદા અખંડ રહો.'

[ ચાલુ ]

ઈ. ત.

# ભાવિ દુનિયાનો માનવી

**.** 'ભાવિ દુનિયા' નામના પુસ્તકનો કર્તા પ્રો૦ એ. એમ. લો ઇંગ્લંડનો વિપુલ વિદ્વત્તાવાળો વિજ્ઞાનશાસ્ત્રી છે. તે લખે છે કે 'આજનો આટલી વિવિધ વિજ્ઞાન-સામગ્રીવાળો યુગ જોઈ આપણે આશ્ચર્યચકિત થઇએ છીએ; પણ એ તો ભવિષ્યના યુગની હજી શરૂઆત માત્ર છે. હવે પછીની સદી જ દુનિયાની તવારીખમાં મહાન પ્રગતિમય યુગનો યશ મેળવશે. નાનપણમાં સાંભળેલી પરીઓની વાતો કે કલ્પનાની કથાઓને પણ વટાવી દે એવી ઘટનાઓ ભવિષ્યમાં વિજ્ઞાન કરી બતાવશે.' આપણે કોઈ કલ્પી પણ ન શકીએ એવા અજબ રૂપમાં એ વિદ્વાન નીચે મુજબ ભાવિ જગત વર્ણવે છે.



આવતા એ જમાનાના એક સાધારણ ગૃહસ્થને પણ સવારના પહોરમાં રેડિયોની ઘડિયાળ મારફત જાગવાની ચેતવણી મળશે અને તરત રેડિયોથી જ થોડી ચંપી ને ઘર્ષણ મળશે, જેથી તે પુરતી હોશિયારીમાં આવી જવાનો. તરત તે બનાતના એક સળંગ પોશાકમાં સજ્જ થઇ જશે. એણે માથે ટોપી તો સદા પહેરેલી જ રાખવાની, કારણકે સૌનાં માથાં એ જમાનામાં ટાલવાળાં થઇ જશે! ઉપરાંત ભુલથી પોતાની બૈરીનો પોશાક પહેરી ન લેવાની પણ તેને કાળજી રાખવી પડશે; કારણકે સ્ત્રીપુરુષોના પોશાક એ વખતે લગભગ સરખા થઈ જવાના!

સવારનો નાસ્તો લેતાં લેતાં છાપાંને બદલે રેડિયોની નાદ-નળીમાંથી તે સાહેબ દુનિયાના ખબરો સાંભળશે અને સાથેસાથે દૂરદર્શક યંત્રના પડદા ઉપર કેટલાક બનાવો નજરે નિહાળશે. જરા ચાવી ફેરવીને જે સ્થળના સમાચાર જોઇશે તે મેળવી શકશે. એનો નાસ્તો પણ કોઇ હૉટેલથી ટ્યુબ મારફતે જ હાજર થઇ જશે.

ત્યાર બાદ રાત્રે આવેલા ટેલિફોનો (જે આપોઆપ નોંધાએલા પડ્યા હશે) તે વાંચી લેશે, અને એ જ પ્રમાણે રેડિયો મશિનની વાતચિત પણ નોંધાઇ ગએલી મળશે.

આવો એ ભવિષ્યનો વેપારી ગૃહસ્થ તેની મોટરમાં ઑફિસે પહોંચતાં પહેલાં તો ઑફિસની સાથોસાથ કામ કરતો હશે અને તેની બધી નોંધ ખીસામાં રહેલા નોંધ કરનારા યંત્ર પર થતી જતી હશે. એક યંત્ર તેની ગાડીને ઉચકીને તેના માળ આગળ ખડી કરી દેશે. ઑફિસો વાળાં મકાનોના દાદર ઉપરનીચે ફરતા જ રહેતા હશે. રસ્તાની પગચાલી અને સ્ટોરની દુકાનો વચ્ચેની પગથીઓ પણ ચાલતી જ રહેશે: માણસ તે પર ચડ્યો કે પ્રવાસ ચાલુ. મુસાફરી તો એ જમાનામાં ઘણે ભાગે વિમાનમાં જ થવાની અને અઠવાડિયાની ટિકિટમાં તો માણસ આફ્રિકા કે ઑસ્ટ્રેલિયાના પ્રવાસો કરી આવવાનો.

આજના કરતાં તે વખતે દુનિયામાં અવાજ ઘણો જ ઓછો થઈ ગયો હશે તેથી શાંતિ ઘણી લાગશે. અવાજથી વાતાવરણ ગરમ બને

છે ને યંત્રો તથા મગજ ઉપર તે ખરાબ અસર કરે છે. એ વેળા અવાજ વિનાના પાતાળમાર્ગો રચાશે. આજ પણ લંડનમાં એવી પાતાળરેલવે છે. તેમાં એટલી શાંતિ હોય છે કે એમાં બેસો ત્યારે ઘડિયાળનો કટકટાટ પણ સાંભળી શકો. ગાડીઓ ને બારીઓ પર એસબેસ્ટોસ વપરાશે તે પણ અવાજ કમી કરાવશે.

આ બીનઅવાજી દુનિયામાં રાત્રે રેડિયોનાં મોજાં દીપમાળ પ્રગટાવશે. વિજળીના તારો તો ક્યાં ય નહિ હોય. માત્ર પ્રકાશ મોકલનારાં મથકોનો સંબંધ રાખતી ચાવીઓ દાબતાં જ પ્રકાશ થશે.

એ વખતે વળી માણસ ખીસામાં નાની રેડિયો સેટ રાખશે. જુદાંજુદાં મથકોના વેપારીઓની સભા તો દૂરદર્શક યંત્રથી ગમે તે વખતે મેળવી શકાશે. અને બધી શાળાઓનો સંબંધ રેડિયો વડે સાંધી દેવાથી યુનિવર્સિટીનો એક જ પ્રોફેસર સૌને એકીસાથે એક જ વખતે ભાષણ કરી શકશે તથા વાયરલેસની મદદથી તેના પાટિયાની આકૃતિઓ પણ બધી શાળાઓનાં પાટિયાં પર પડતી જશે. કારખાનાંઓ જંગલમાં કે ગામડાંમાં ગમે ત્યાં હશે છતાં વિજળીનો પ્રવાહ તેમને હવામાંથી પહોચાડી શકાશે.

ઇલેક્ટ્રોનિક ઍમેનેશન (વિજળીનાં મોજાંમાંથી થતી ઉત્પત્તિ)થી જે કામો બનશે તેની આગળ તો ઉપર કહેલી બાબતો તમને કંઇ વિસાતમાં નહિ લાગે. દરેક પદાર્થ વિજળીક દબાણથી બનેલો છે એમ જો પુરવાર થશે તો આપણે આપણાં ખુરશી, ટેબલો અને આપણી જાતને પણ એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં ફેરવી શકીશું. વળી ભવિષ્યમાં માલના કોથળા ને ગાંસડીઓ યુરોપથી અદ્ધર હવામાં ફેંકાઇને છેક દક્ષિણ અમેરિકા સુધી જઈ શકશે. દરેક વસ્તુને અદ્ધર હવામાં ધક્કેલવામાં આવશે અને તે જ્યાં મોકલવી હશે ત્યાં જઇને પડશે. આવી રીતે પછી માલ લઇ જવા લાવવા માટે સ્ટીમરો યા મોટરોની જરૂર નહિ પડે.

તે વખતે આજની મોટરની કરામતને ભુલાવી દે એવી તાકાતવાળી અને કામ આપનારી મોટરો માણસને દંગ કરી દેશે. તે મોટરનું આખું શરીર સ્થિતિસ્થાપક અને સંકોચાઇને પુષ્કળ નાનું થઈ જાય તેવું હશે, અને ગમે તેમ વળાય એવા કાચમાં ગોઠવેલું હશે. તેને ચાર અથવા છ પૈડાં હશે અને તે ઉપર અવાજ ન થાય એટલા માટે લુગડાંના ટોપ અથવા ઢાંકણ હશે. મોટરની અંદરના ભાગમાં હવાથી ભરેલી ગાદીઓ હશે. મોટરનું ઍંજિન આજના ઍંજિન જેવું નહિ હોય, પરંતુ 'ગૅસોલિન સ્ટીમ ટર્બિન'ની જાતનું હશે અને ઍંજિનના નાના કદને લીધે તે મોટરમાં ક્યાંયે ઢંકાઈ ગયું હશે. તે મોટર ઘડીઘડી બગડશે નહિ; માત્ર વર્ષમાં એકાદ વાર જ રીપેર કરવી પડશે. આખરે એવો દિવસ આવશે કે જ્યારે દરેક વાહનને ઍંજિનની જરૂર જ નહિ પડે; કારણકે તે પોતાને જોઇતો બળપ્રવાહ વાયરલેસ વડે હવામાંથી જ મેળવી શકશે. છેવટે તમારા આશ્ચર્યની અવધિ તો પેગેસસ (હવામાં ઉડતી) મોટર જોઇને આવશે. તે હવામાં પણ ઉડી શકશે અને જમીન ઉપર પણ દોડી શકશે. તેમાં રેડિયો ટેલિફોન, લાઉડસ્પીકર, માઇલો માપવાનું યંત્ર, ઇન્કલીનોમીટર (મોટર કેટલી વાંકીચુંકી થાય છે તે માપવા માટે); ઍરોમીટર (હવાનું વજન માપવાનું યંત્ર); એ વેરોમીટર, સ્પીડોમીટર, (ગતિ માપવાનું યંત્ર); એવાં દરેક જાતનાં ઉપયોગી યંત્રો ગોઠવેલાં આવશે.

રસાયણવિદ્યા પોતાની ઍટમિક ડિસઇન્ટીગ્રેશનથી (છુટાં પરમાણુઓથી) શું નહિ કરે! આપણા દૈનિક જીવનમાં ઉપયોગી દરેક વસ્તુને સંયોગિકરીતે જાણે કુદરતે જ આપી હોય તેવા પ્રકારની બનાવવામા આવશે, અને દુનિયામાં લગભગ એક પણ વસ્તુ એવી નહિ રહે કે જે રસાયણશાસ્ત્રી ન બનાવી શકે.

સૌથી વધુ વિસ્મયકારક તો બીજા ગ્રહોમાંથી આપણે વિજળી મેળવી શકીએ તેવી યોજના હશે. આ વાત ખરેખર સત્ય સ્વરૂપ લેશે. એક ગ્રહમાંથી બીજા ગ્રહમાં સંદેશા લઈ જઇ શકાશે. રાક્ષસી સર્ચલાઇટોમાં કેલ્શિયમ ફ્લેર્સ અને રિફ્લેક્ટર્સથી એકએક એવાં તેજના કિરણો અને પ્રકાશ નીકળશે કે જેમાં કરોડો મીણબત્તીઓના પ્રકાશ જેટલું તેજ હશે અને ૩૫ કરોડ માઇલ જેટલે દૂર સુધી તે કિરણ પોતાનું તેજ ફેંકી શકશે. એટલે કે આપણી દુનિયાથી તે મંગળના ગ્રહ સુધી તે કિરણનો પ્રકાશ પહોંચશે. આવી જાતનું તેજ મોટા ગંજાવર વાયરલેસના ટ્રાન્સમિટિંગ સ્ટેશનમાંથી પણ મેળવી શકાશે.

વિજ્ઞાનના અનંત પ્રદેશમાં માનવીનો પુરુષાર્થ શું શું નહિ કરી બતાવે તેનો હદ નથી. [અંગ્રેજી ઉપરથી]

# ક્લિયોપેટ્રા : એક વિચિત્ર વહાણ

લંડનની ટેમ્સ નદીને કાંઠે એક નક્કર પત્થરનો મિનારો ઉભો છે. આને ત્યાં ક્લિયોપેટ્રાની સોય કહે છે. એની એક બાજુએ ચોડેલી તખ્તીમાં છ નાવિકોનાં મૃત્યુની નોંધ કોતરેલી છે. આ સોયને મિસરના રેતાળ રણમાંથી લંડનમાં લાવવા માટે કેવી વિટંબનાઓ પડી હતી તેનો ટુંકો ઇતિહાસ બહુ સરસ છે.


ખ્રિસ્તની પૂર્વે કોઈ દોઢેક હજાર વર્ષ ઉપર નીલ નદીના મુખ પાસે મિસરી સમ્રાટ ફરાહે આ નક્કર મિનારો ઉભો કર્યો કહેવાય છે. આમાં ખાસ જાણવા જેવું તો એ છે કે મિસરી મિસ્ત્રીઓએ આ પ્રચંડ મિનારો, એને ઉભો કરવાની જગ્યાથી ખાસ્સા ૩૫૦ ગાઉ–૭૦૦ માઇલ છેટે કોરી કાઢ્યો હતો! ત્યાંથી એને નિયત સ્થળે લઈ જતાં જે જહેમત પડી હશે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. આ મિનારો તૈયાર થયો કે તરત જ એની નીચે ઝાડનાં મજબુત થડો રેતી ખોદીને સેરવી દીધેલાં. આવાં અનેક થડોનો તરાપો બનાવી દીધો. પછી જ્યારે જ્યારે નીલ નદીમાં પૂર આવતાં ત્યારે આ તરાપો નિયત સ્થાન તરફ હંકારવામાં આવતો. આમ એણે ૭૦૦ માઇલની સફર પુરી કરી. પિરામીડ જેવાં પ્રચંડ બાંધકામ કરનારાઓની ધીરજ અને ખંત જ આવું કાર્ય પુરૂં કરી શકે!

અને પછી એ મિનારો ઉભો કરવામાં પણ આવી જ ધીરજ અને ખંત ઉપયોગી થયાં હશે. ત્યાર પછી પંદરેક સૈકા વીતી ગયા, અને ઑગસ્ટસ સીઝર નામના રોમન સમ્રાટને આ અને એવો જ એક બીજો મિનારો ઍલેક્ઝાંડ્રિયા લઇ જવાનું મન થઇ આવ્યું. રોમન પ્રજાની ખુબ વખણાએલી સંસ્કૃતિમાં પણ એવા ઇજનેરો ન હતા જે આ કામ કરી શકે. તે વખતે મિસરમાં રાણી ક્લિયોપેટ્રા રાજ કરતી હતી. પણ મિસરના ઇજનેરોમાં આગલું ખમીર ખુટ્યું હતું, એટલે તેઓ તે મિનારાને ખસેડી શક્યા નહિ; અને મહારાણીને નામે ઓળખાતી આ સોય, એમ ને એમ અડીખમ હતી ત્યાં જ, આકાશનાં વાદળાં વીંધતી ઉભી રહી.

વળી પંદરેક સૈકા વીતી ગયા, અને 'અવ્યાપારેષુ વ્યાપાર' કરવાની વાનરવૃત્તિવાળા અંગ્રેજો આ સોય પોતાને વતન લાવવા લલચાયા. આ વખતે નીચેનો પાયો કુદરતી રીતે ધોવાઈ જવાથી એ પ્રચંડ સોય જમીનદોસ્ત થઇ ગઇ હતી. અંગ્રેજો તે વખતે મિસરના રણમાં જંગ ખેલતા હતા, અને એ જંગને મશહૂર બનાવવા આ સ્થંભ લંડનમા ઉભો કરવો એમ ઠર્યું. સૈનિકોએ પોતાના ટુંકા પગારોમાંથી પણ લાખેક રૂપિયાનું ભંડોળ કર્યું. પરંતુ તે વખતે એ મુરાદ બર ન આવી. આશરે ઈ. સ. ૧૮૭૦માં એક પ્રખ્યાત અંગ્રેજ ડૉક્ટરે ૧૦,૦૦૦ પૌંડ આપ્યા અને એ સોય લંડનમાં લાવવા વહાણવટીઓને વિનંતિ કરી. કોઇપણ વહાણ એ મહાભારત કામ કરવા તૈયાર ન હતું, એટલે એક સાહસિક વાડિયાએ એ મિનારાની આસપાસ વહાણ બાંધવાનો પ્રારંભ કર્યો. એ વિચિત્ર વહાણનું નામ રાખ્યું ક્લિયોપેટ્રા.

મિનારો જમીન પર પડ્યો હતો તેની નીચે રેતીમાં ખાઇ ખોદી મોટાં ધીંગાં લાકડાનાં ચોસલાંઓ ઉપર એને ટેકવ્યો. પછી એની આસપાસ પોલાદની મોટી ગોળ ટાંકી બનાવી દીધી. ટાંકીનાં બંને મોં બંધ કરી, પાણીમાં તે સહેલાઇથી ગતિ મેળવે એવી, મગરનાં મોં જેવી બે કોઠીઓ બે બાજુએ બનાવી. અને ક્લિયોપેટ્રા વહાણ સફર માટે તૈયાર થયું!

પણ હવે એ વહાણને પાણીમાં કેમ લઈ જવું એ સવાલ ઉઠ્યો. છેવટે પીપની પેઠે ગબડાવી ગબડાવીને પાણી ભેળું તો કર્યું. પરંતુ એ તો પાણીમાં પણ પીપની પેઠે ગબડવા માંડ્યું! એટલે એની નીચે ખુબ નીરમ બાંધી, એક જ બાજુ ઉપર રહે એમ કર્યું. ઉપરની બાજુએ થોડુંક બાંધકામ કરી તુતક બનાવ્યું અને ક્લિયોપેટ્રા લંડન જવા નીકળ્યું! મદદમાં ઑલ્ગા નામનું એક મજબુત 'ટગ' હતું. ઑલ્ગાને વાંઢારે (એટલે પાછલા ભાગે) રસા બાંધી, એ રસા ક્લિયોપેટ્રાને મોરે સિકડી લીધા. આ પ્રમાણે છેડાછેડી બાંધી આ સાહસિક ખાખવાઓ દરિયે પડ્યા.



લંડનમાં ટેમ્સ નદીને કાંઠે ઉભેલો 'ક્લિયોપેટ્રાની સોય' નામનો આખા અખંડ પત્થરનો જંગી મિનારો

ફ્રાન્સના દક્ષિણ કાંઠા સુધી તો મુસાફરી સલામત ચાલી. પણ ત્યાર પછીનો દરિયો હમેશ ભયંકર હોય છે, એટલે મુલતવી રહેલી આફત મોડી પણ આવી પડી ! સદાના તોફાની બિસ્કેના અખાતે ક્લિયોપેટ્રાના છેડા તોડી નાખ્યા. હવે મજબુત મોજાંઓના મારથી આમતેમ અફળાતું ઑલ્ગા ક્લિયોપેટ્રાની સોડમાં જઇ શકે એમ ન હતું. જાય તો એ લોખંડી પીપ જોડે અફળાઇને ભુક્કા ઉડી જાય તેમ હતું. ક્લિયોપેટ્રાના તુતક પર એક અંગ્રેજ નાખુદો અને પાંચ માલ્ટાના ખારવા હતા. એમના પણ જીવતા રહેવાની આશા ન રહી. એનો બચાવ કરવા જીવને જોખમમાં કોણ નાખે? ઑલ્ગાનો નાખુદો હતાશ થઇ ગયો, અને ક્યારે ક્લિયોપેટ્રા ઉંધું વળી જઇ, નીચે દરિયામાં ટાંપી રહેલી શાર્ક માછલીઓનાં મોંમાં છ બહાદુર જીવોને હોમી દે એ ફાટે ડોળે જોઇ રહ્યા.

પણ ઑલ્ગાનો નાનો માલમ આ જોઈ ન શક્યો. તેણે બચાવ માટે જવા હીમત બીડી. એની બહાદુરીથી આશક બનેલા બીજા પાંચ ખારવા એની સંફમાં મોતનો દાવ ખેલવા તૈયાર થયા. આ છ જવાનો એક નાનકડા મછવામાં કુદી પડ્યા અને મછવો ક્લિયોપેટ્રા તરફ કાગળની હોડી પેઠે નાચતો ચાલ્યો. સોડમાં પહોંચતાં જ ક્લિયોપેટ્રાની ઝાપટે છ યે જણને ઘુઘવતા દરિયા પર પટકી નાખ્યા, અને આ બહાદુર જવાંમર્દોની હસ્તી થોડાક પરપોટામાં નાબુદ થઇ ગઈ!

પણ ક્લિયોપેટ્રા પરના નાવિકોને એ મછવો હાથ આવ્યો, અને પોતાના બચાવનારાઓને ખ્યાલે ગમગીન બનેલા એ ઑલ્ગા ઉપર સહીસલામત પહોંચ્યા. હવે એકલું પડેલું ક્લિયોપેટ્રા જ્યાં મોજાં ઘસડે ત્યાં ઘસડાતું અદ્દશ્ય થયું !

કેટલાક દહાડા પછી એક અંગ્રેજ વહાણે એને મોજાં ઉપર અથડાતું જોયું, અને દરિયો શાંત હોવાથી એને રસાથી કબજે કરી લંડન આણ્યું. અંદરની સોય કહાડવા માટે ક્લિયોપેટ્રાને તોડી નાખવું પડ્યું.

આજે એ સોય, મિસરની કાબેલિયતની, અંગ્રેજોની મુજાહમતની, નાવિકોનાં સાહસની ને એક વિચિત્ર જહાજની તવારીખ સમી, લંડનની નદીને કાંઠે ખડી છે!

'સુકાની'

## શરીરનાં પોષક અને વર્ધક ત્રણ ઉપયોગી મધુર ફળો

# લીંબુ નારંગી અને દ્રાક્ષ

### આરોગ્યની દષ્ટિએ તેમનું મહત્ત્વ

હાલનું યૂરોપીય વૈદક જ્ઞાન હિંદુસ્તાનના ભૂતકાળમાં અજાણ્યું હતું એ ખરી વાત, પણ વનસ્પતિજન્ય ઔષધિનું જ્ઞાન તો આપણા લોકોમાં ઘણું સારૂં હતું. આજે પણ કેટલાક રોગોને મટાડવામાં આ ઔષધિ પ્રમાણભૂત ગણાય છે. તિબેટના લામાઓ અને હિંદના યોગીઓની પાસેની હિમાલયની વનસ્પતિ રૂપી ઔષધિએ મરણકાંઠે આવેલા દરદીઓને સાજા કર્યાના દાખલા આપણે સાંભળીએ છીએ. આ ઔષધિનું કેટલુંક નહિ જેવું જ્ઞાન ડોશીવૈદા રૂપે જનસમાજમાં આજે હયાત છે અને ગામડાંઓમાં આપણે તે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ. કોઇ માંદું પડે કે તરત ઘરડી ડોશીઓ પાસેના ખેતરોની વાડોમાંથી વેલાઓ અને પાંદડાં શોધી લાવી તેના ઉપચારથી દરદીને સાજો કરે છે. અલબત્ત ઔષધિનું શાસ્ત્રીય જ્ઞાન તેમનામાં ન હોવાને કારણે કોઇ વખત દરદી માર્યો પણ જાય છે. આમ છતાં કેટલીક વખત આ વનસ્પતિજન્ય ઔષધિથી કરેલી મહેનત સફળ થાય છે.

આનો મુખ્ય સિદ્ધાંત 'શરીર એની મેળે સાજું થાય છે' એ સૂત્ર ઉપર અવલંબી રહેલો છે. હાલની દવાઓની માફક આ વનસ્પતિજન્ય ઔષધિઓમાં કેવળ અતિશોધિત અને તીવ્ર રસાયનિક પદાર્થો હોતા નથી. શરીરનો મળ કાઢવામાં પણ એ મદદ કરે છે અને તેથી માંદું શરીર જલદી સાજું બને છે. કુદરતની આવી ઔષધિઓમાં લીંબુ, નારંગી અને દ્રાક્ષ પણ છે એ આપણામાંના બહુ ઓછા જાણે છે. હવા અને સૂર્યના પ્રકાશથી આ ફળોમાં ઘણાં કીમતી દ્રવ્યો એકઠાં થાય છે, અને શરીર સાજું કરવામાં તે બહુ ઉપયોગી નીવડે છે.

આપણા કોઈની અજાણમાં ભાગ્યે જ હશે કે સામાન્ય તાવમાં દરદીને જ્યારે ઉલટી થાય છે ત્યારે લીંબુનો રસ પાણી સાથે આપવામાં આવે છે. મોં બગડી ગયું હોય, મોળ આવતી હોય, ખાવા ઉપર અરૂચિ થઇ હોય ત્યારે દરદીને લીંબુનો રસ મીઠા સાથે ચુસાડવામાં આવે છે. મંદાગ્નિ ઉપર તો લીંબુનો રસ અકસીર ઇલાજ છે, એટલું જ નહિ પણ તે આંતરડાં અને અન્નનળીના નીચેના ભાગોમાં ઉત્પન્ન થતા ઝેરી સૂક્ષ્મ જંતુઓને મારી હઠાવવાની પણ શરીરને શક્તિ આપે છે. નારંગીનો રસ તો હવે દરિયાઈ મુસાફરીના પિત્તરોગ ઉપર પ્રમાણભૂત ગણાય છે. સામાન્ય શરદી ઉપર લીંબુનો રસ અતિ ઉત્તમ કામ આપે છે. લીલી દ્રાક્ષનો રસ મેલેરિયા અને ઇન્ફ્લુએન્ઝા જેવા તાવને અટકાવી શકે છે. આ ત્રણે આમ્લરસ વાળાં ફળો ઘણાં દરદ ઉપર ઉપયોગી થઈ પડે છે. પાચનશક્તિને મદદ કરવામાં અને ઉલટી ઉપર તેમનો ઉપયોગ ખાસ હિતાવહ છે. વળી તેનાથી શરીરની નબળાઇ દૂર થાય છે, દાંતના ક્ષયને અટકાવી શકાય છે તથા ચામડીનાં દરદ માટે પણ લીંબુ બહુ ઉપયોગમાં લેવાય છે.

આમ આ ફળોનો ઉપયોગ ઘણી કીમતી ઔષધિ તરીકે હોવા ઉપરાંત સ્વાદમાં તો તેઓ ઘણાં મધુર છે જ; એટલે એના ફાયદા વિષે સાચું જ્ઞાન લોકોને મળે તો તેનો સારો પ્રચાર થાય. આપણી તરફ સામાન્ય રીતે ઘણા લોકો દાળશાકમાં મીઠાશ લાવવા માટે લીંબુના રસનો ઉપયોગ કરે છે; પરંતુ તેમને ખબર નથી હોતી કે આ દ્વારા તેઓ વિટામિન 'સી' નામનું ઘણું ઉપયોગી તત્ત્વ પોતાના ખોરાકમાં લે છે. આજથી લગભગ અરધા સૈકા પહેલાં મોટી દરિયાઇ સફરોમાં ખલાસીઓ પિત્તરોગથી પીડાતા. મુસાફરીના અંતે ઘણા મરી જતા અને કેટલાકને લોહીવિકાર થતો. આના ઉપાય તરીકે જમીન ઉપર ઉતર્યા પછી તેઓ લીંબુનો ઉપયોગ ઘણી છુટથી કરતા અને આમ ખોએલી તંદુરસ્તી પાછી મેળવી શકતા. હવે તો લીંબુનો આ ગુણ સૌ જાણે છે અને દરિયાઇ સફરો કરતું દરેક જહાજ લીંબુનો રસ અને બીજાં આમ્લરસવાળાં ફળો ન બગડી શકે તેવી રીતે મોટા જથ્થામાં રાખે છે. આપણામાં લીંબુનાં અથાણાં કરી રાખવાનો રિવાજ હોય છે. ઉનાળામાં જ્યારે લીંબુની

બહુ અછત હોય છે તે વખતને માટે આવાં અથાણાં, અથવા હવા દાખલ થઇ શકે નહિ તેવી રીતે લીંબુનો રસ શીશામાં ભરી જરૂર પુરતો રાખી તેનો ઉપયોગ કરવામાં આવે તો લોકોને, શરીરબંધારણમાં ઉપયોગી વિટામિન 'સી' મળી રહે અને દવાઓનું થતું ખર્ચ ઘણા અંશે ઓછું થાય.

વિટામિન 'સી' થોડું થોડું તો ઘણી જાતના ખોરાકમાં રહેલું છે જ; પણ કેટલાકમાં તો તે નહિ જેવા પ્રમાણમાં હોય છે અને ઘણી વખત ખોરાકને રાંધવાની ક્રિયામાં જ ખલાસ થઇ જાય છે. એટલે તે મેળવવું હોય તો આમ્લરસવાળાં ફળો ખાસ લેવાં જોઇએ. બીજાં કાચાં ખાઈ શકાય એવાં શાકભાજીમાં તે હોય છે ખરૂં, પણ લીંબુ, નારંગી અને દ્રાક્ષમાં તો તે ઘણા જ સારા પ્રમાણમાં છે; અને એ ત્રણ ફળમાંનું હરકોઇ હમેશાં થોડું થોડું મળતું રહે તો માણસને પુરતું વિટામિન 'સી' મળી રહે. નાનાં બાળકો કરતાં મોટેરાઓ જુદીજુદી જાતના ઘણા ખોરાક ઉપર રહેતા હોવાથી તેમને કદાચ આ વિટામિન ઘણે સ્થળેથી મળી રહે; પણ નાનાં બાળકોને તે પુરતું મળી રહેતું ન હોવાથી તેઓ અશક્ત અને ઘણાંખરાં લોહીવિકારથી પીડાતાં માલુમ પડે છે તથા તેમનાં શરીર ફિક્કાં, નિસ્તેજ અને દુબળાં લાગે છે. સારાં પ્રમાણમાં દુધ લેવા છતાં પણ કેટલાંક બાળકોનાં શરીર વળતાં નથી. તેમને વિટામિન 'સી'ની જરૂર હોય છે અને તે આ ફળોમાંથી મળી રહે છે. તાજા દુધમાં આ વિટામિન હોય છે ખરૂં; પણ તે ઘણા ઓછા પ્રમાણમાં. વળી દુધને આપણે ખુબ ઉકાળીએ છીએ એટલે જે થોડું હોય છે તેનો પણ સમુળો નાશ થાય છે. ઉનાળામાં જ્યારે ગાય ભેંસને સુકું જ ઘાસ મળે છે ત્યારે તેમના દુધમાં આ કીમતી વિટામિન નહિ જેવું જ મળી આવે છે. આવે વખતે તાજા દુધમાં પણ આ વિટામિન જોઇતા પ્રમાણમાં આપણે મેળવી શકતા નથી; જ્યારે લીંબુ નારંગીના એક ચમચા જેટલા રસમાંથી તે જોઇએ તેટલું મળી આવે છે. નારંગીનો રસ ખાસ કરીને બાળકોને આપવાથી તેમની પાચનશક્તિ સુધરે છે અને તેમનો શારીરિક વિકાસ સુધરવા માંડે છે. સારા પ્રમાણમાં દુધ લેવા છતાં પણ જે બાળકોનું વજન જોઇએ તે કરતાં ઓછું હોય તેઓ નારંગીના રસના ઉપયોગથી સારૂં વજન મેળવી શકે. આનું કારણ એ છે કે આમ્લરસ પાચનશક્તિમાં વધારો કરી ખોરાકનાં દ્રવ્યોનો સારો ઉપયોગ શરીર માટે કરી શકે છે. સ્નાયુઓના વિકાસ માટે આવશ્યક એવો નાઇટ્રોજન પણ આમ્લરસવાળાં ફળોના ઉપયોગથી જોઇએ તેટલો મળી રહે છે. વળી હાડકાંના બંધારણ માટે કૅલ્સ્યમ તથા તે ઉપરાંત ફૉસ્ફરસ, મૅગ્નેસ્યમ અને બીજાં ઉપયોગી તત્ત્વો શરીરમાં મોટા પ્રમાણમાં રહેવા પામે છે. એટલે આ ઉપયોગી તત્ત્વો શરીરમાં વધારે પ્રમાણમાં રહે તેમ શરીરનો બધી રીતે વિકાસ થાય છે, હાડકાં મજબુત બને છે અને બીજા અવયવો સારા પ્રમાણમાં ખીલે છે. એકલા ખોરાકથી જેટલો વિકાસ સાધી શકાય તેના કરતાં આ આમ્લરસવાળાં ફળોના ઉપયોગથી વધુ વિકાસ સાધી શકાય છે. અલબત્ત, દુધનો ઉપયોગ ભુલી જવો જોઇએ નહિ. કુદરતની આ બે મહાન ઔષધિઓ—દુધ અને આમ્લરસવાળાં ફળો——બીજા બધા ખોરાકથી ચડિયાતી છે. ઘણા લોકો આ બંનેને ભેગાં લેતાં અચકાય છે એ વહેમ છે. દહીં અને તાજી છાશ જેમ તંદુરસ્તી માટે ઘણી સારી ગણાય છે તેવું જ આ બંનેનું છે. લીંબુ, નારંગી તથા દ્રાક્ષ દુધની સાથે લેવાથી એ જ પરિણામ લાવે છે અને વધારામાં 'સી' વિટામિન સારા પ્રમાણમાં મળે છે.

સામાન્ય શરદી, કબજિયાત, દાંતના રોગ, ચરબીને લીધે શરીરની સ્થૂલતા નબળાઇ વગેરેને પણ આ ફળોનો રસ દૂર કરે છે. કેટલાકને એવો ભય રહે છે કે આ ફળોના ઉપયોગથી જઠરમાં આમ્લરસનો ગોટાળો થઈ શરીર અવ્યવસ્થિત બની જાય; પણ એ માન્યતા ભુલભરેલી છે. આ આમ્લરસ બીજા ભૌતિક આમ્લરસ (મિનરલ ઍસિડ)ના જેવો નથી પણ તેમાં મુખ્યત્વે હાઇડ્રોજન અને કારબન તત્ત્વો હોય છે, (જે તત્ત્વો ખાંડ અને ચરબીમાં હોય છે જ) તેથી આ ફળોનો વધુપડતો લાગતો ઉપયોગ પણ ખાસ નુકસાન કરતો નથી. ઉલટું તેથી જઠર અને આંતરડાંમાં કબજિયાત વગેરેને લીધે પેદા થતા ઝેરી જંતુઓ મરી જાય છે. શરીરની વધારાપડતી ચરબીને ગાળી નાખવાનો પણ તેમાં ગુણ હોવાથી સ્થૂલ શરીરવાળાઓ તથા ગર્ભિણી સ્ત્રીઓને માટે

પણ આ ફળો ઘણાં અસરકારક છે. ઘણી ગર્ભિણી સ્ત્રીઓમાં એવો વહેમ હોય છે કે તેવે વખતે તેમણે કંઇક વધારે ખાવું જોઇએ. પરિણામે તેમનામાં વધારે પડતી ચરબી એકઠી થવા માંડે છે. આવી ચરબી પાછળથી ઘણું નુકસાન કરે છે. ઉપલાં ફળો આ ચરબી ઘટાડવામાં ઘણાં અકસીર તથા ગર્ભને પોષક પણ છે.

ચોમાસાની ઋતુમાં ઘણાઓને મેલેરિયા તથા ઇન્ફ્લ્યુએન્ઝા જેવા તાવ આવે છે. આવા તાવના જંતુઓ આમ્લરસની સામે વધારે વખત જીવી શકતા નથી. ખાસ કરીને લીલી દ્રાક્ષના રસથી તેઓ વહેલા મરી જાય છે. આથી આ ઋતુમાં આ ફળોનો ઉપયોગ એ તાવ વગેરેથી મુક્ત રહેવાનું અકસીર સાધન છે. ગુજરાતમાં ચોમાસાની ઋતુમાં લીંબુ ઘણાં સસ્તાં મળે છે. જેઓ તાવથી પીડાતા હોય તેમજ જેઓ ન પીડાતા હોય તેમણે પણ શારીરિક તંદુરસ્તી જાળવવા માટે લીંબુ લેવાની ટેવ કેળવવી જોઇએ. આથી તેમની તંદુરસ્તી સારી રીતે જળવાઇ રહેશે અને આખું વર્ષ કામ કરવાની શક્તિ રહેશે.

**ચુનીભાઈ ધ. પટેલ**

---

(અનુસંધાન માધુરીને છેડેથી)

બાટલીઓ ઉપરાઉપરી ઢીંચાતી હોય, અને એમાં, કાર્નિવાલને અંગે અહીં તો વ્યવહારૂ થઈ પડેલી એવી સામયિક ઉચ્છૃંખલતાનું સામ્રાજ્ય જામ્યું હોય, ત્યારે જે ક્લિષ્ટ વાતાવરણ ત્યાં જન્મે તેની અસરમાંથી છટકનારમાં સારીપેઠે આત્મબળ હોવું જોઇએ. કાર્નિવાલનું ખરેખરૂં મુળ રહસ્ય આજ દિનપ્રતિદિન સવિશેષ વિસરાતું જાય છે અને એના જમે બાજુમાં કેવળ મોટું મીંડું મુકવાનું જ રહે છે; છતાં એના હિમાયતીઓ માનસશાસ્ત્રની મદદ માગીને એને આ જમાનાની એક જરૂરિયાત ઠરાવવાનો પ્રયત્ન કરવાનું ચુકતા નથી. અહીંની પ્રજાનો ઘણો ભાગ આવો કાર્નિવાલ-ભક્ત છે; છતાં એનાથી ઉલટો પક્ષ પણ પ્રજામાં ઓછો નથી. એક આવો કાર્નિવાલભક્ત સવારના ચાર વાગ્યે નાચીનાચીને થાકી જઇ, દારૂની અસરથી લગભગ બેભાન જેવો બનીને નૃત્યાલયમાંથી ઘર તરફ જતો હોય, ત્યારે બીજો એક રાતની મીઠી નિદ્રા ભોગવી ચાર વાગ્યે વહેલો ઉઠીને પોતાનો સરંજામ ઉપાડી બરફ પર 'શીઇંગ' કરવા જતો હોય એવું પરસ્પર વિરોધી દૃશ્ય મને એક બે વખત જોવા મળેલું.

આમ, શિયાળાના દિવસોમાં કોઇ લાભનો તો કોઇ લહેરનો રસ્તો શોધી લે છે. આમ છતાં પણ મોટે ભાગે શિયાળાના દિવસો એ માનસિક તેમજ શારીરિક વિકાસના દિવસો તરીકે ઓળખાવું તો જરા યે ખોટું ન ગણાય.

(એક પત્રમાંથી) લવજી થોરિયા

# પરિભ્રમણ

ગઇ તા. ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચે કરાંચીમાં ત્યાં વસતા ગુજરાતીઓએ સાહિત્ય અને કલાનો મહોત્સવ ઉજવ્યો.

સિંધ એ બૃહદ ગુજરાતનો નજીકમાં નજીકનો અને ચોક્કસ પ્રકારની વિશિષ્ટતાવાળો કટકો છે. પુરાતત્ત્વ શોધકોએ ત્યાં કરેલી 'મોહેં જો ડેરો'ની છેલ્લી શોધ પછી એ, દુનિયાની જુનામાં જુની સંસ્કૃતિનું સ્થાન ઠર્યું છે. હિંદુસ્તાનની પશ્ચિમ સરહદનું એ દરિયાઇ તથા ખુશ્કી માર્ગોનું સંયુક્ત નાકું છે, અને તેથી રાજદ્વારી ભૂગોળના દૃષ્ટિએ તેનું મહત્ત્વ ઘણું છે. ખુશ્કી માર્ગે બલુચિસ્તાન અને તેની પારના મધ્ય એશિયાના મુલકો તરફથી, તથા દરિયાઈ રસ્તે સિંધુ નદીના મુખ આગળ, હિંદુસ્તાનની સમૃદ્ધિથી લોભાઇ આવેલાં અનેક પરદેશી જાતિઓનાં ટોળાંના હુમલા તેણે વારંવાર ખમ્યા છે, તેમને ખાળીને હિંદુસ્તાનનું રક્ષણ કર્યું છે, તેમની વિવિધ અસરોથી પોતાની સંસ્કૃતિને રંગાવા પણ દીધી છે. આમ, અભ્યાસ કરવો હોય તેને સિંધ એ બહુ જિજ્ઞાસાપ્રેરક અને રસભરી માહીતીઓ આપે એવો દેશ છે.

અંગ્રેજ હકુમત તળે મુંબાઇ ઇલાકામાં તેનો સમાવેશ થયા પછી તે ગુજરાતનું અંગ બન્યો અને ગુજરાતીઓનાં ટોળેટોળાં ત્યાં ધંધાધાપા અને વેપાર રોજગાર માટે ગયાં છે; છતાં આપણા એ બાંધવો આજ છેલ્લી અરધી સદીથી ત્યાં કેવી રીતે રહે છે, તેમની શી પરિસ્થિતિ છે, તે વિષે આપણું જ્ઞાન લગભગ નહિ જેવું છે. ઘણે ભાગે ત્યાં ગુજરાતનો કારીગર અને વેપારી વર્ગ રહે છે એ સાચું. પણ વેપારના ખીલવા સાથે ત્યાં યે થોડોઘણો સંસ્કારી અને કેળવાએલો વર્ગ જામતો થયો છે; કેળવણીને અંગે ગુજરાતી વિદ્યાર્થીઓ પણ ત્યાં ઠીક સંખ્યામાં જાય છે; પરંતુ આજ સુધી એ લોકોએ પણ એ પ્રાંત વિષે આપણને પુરતી માહીતી આપી નથી. એ પ્રાંતની, ત્યાંના લોકોની અને આપણા ગુજરાતીઓની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવે તો બહુ રસમય નીવડે એવી સાબિતી, અરધી કલાકની વાતચિતમાં એક વિદ્વાન મિત્રે આપી. એનો સારભાગ પણ રસ ઉત્પન્ન કરશે.

ઉપર કહ્યું તેમ, હિંદુસ્તાનની પશ્ચિમ કોરાણ ઉપર આવેલો હોવાથી, પરદેશીઓ—મુસલમાનો—નાં અનેક આક્રમણો સિંધે ખમ્યાં છે. બલુચ, મકરાણી, આરબ, સોમાલી, ઈરાની, એ બધી જાતિઓના હલ્લા સિંધે ઝીલ્યા અને એ બધાની અસર પોતાની સંસ્કૃતિ પર થવા દઈ તેમને પણ પોતાનામાં શમાવી

દીધા. પરિણામે સિંધમાં આજ વસ્તીનો મોટો ભાગ મુસલમાનોનો છે. મુસલમાનોનું ત્યાં પરિબળ છે અને સિંધી હિંદુઓ પણ અજાણ્યાને ૯૦ ટકા મુસલમાન જેવા લાગે. હિંદુત્વ સચવાઇ રહેલું જણાતું હોય તો તે માત્ર સ્ત્રીઓમાં. પુરુષો ૯૦ ટકા માંસાહાર કરે છે. ચાળીસ પિસ્તાળીસ વરસે 'વૈષ્ણવ' થાય અને માંસાહાર છોડે, એટલે પછી 'બકાલા' સિવાય બીજું ન ખવાય. સ્ત્રીઓ માંસાહાર બાલકુલ ન કરે; પણ દારૂ પીએ. આપણે ત્યાં ચા જેટલો અહીં દારૂ સામાન્ય છે. પાંચ સ્ત્રીઓ એકઠી મળે તો વ્હિસ્કીની બાટલી ઉઘાડે. તમે ઘેર મહેમાન થાઓ અને દારૂ ન પીઓ તો, આપણે ત્યાં ચા ન પીનારને જોઈ જે ભાવ થાય તે અહીંની સ્ત્રીઓને થાય. દારૂ પીવો એ પાપ હશે એ માનવું જ એમને માટે મુશ્કેલ.

ધર્મમાં માત્ર સાધુઓનું માહાત્મ્ય જ સમજે. રામને કેટલી સ્ત્રી હતી એ પુછો તો પુરુષો તો વિચારમાં જ પડે. સ્ત્રીઓને કથા સાંભળવાના પ્રસંગને લીધે આવી માહીતીઓ હોય ખરી. બાકી મહંત અને સાધુઓની પૂજામાં જ અહીં ધર્મનું સર્વસ્વ આવી ગએલું મનાય છે. અને ધર્મનું અંતિમ સ્વરૂપ, મોટામાં મોટી ધર્માનિતા, એ ગુરુ નાનકની પૂજા. સિંધમાં ગુરુ નાનકનો જન્મદિન દીવાળીની પેઠે ઉજવાય છે. એ દહાડો Bank Holiday—સરકારી, વેપારી ને જાહેર તહેવાર તરીકે માન્ય ગણાય છે, બજારો ચાર દહાડા સુધી બંધ હોય છે, અને આ પ્રાંતના હિંદુઓનો એ મોટામાં મોટો વાર્ષિક ઉત્સવ ગણાય છે.

ॐ

ગુજરાતીઓનો, મોટે ભાગે, ત્યાં કારીગર વર્ગ છે. કચ્છ કાઠિયાવાડ તરફ એવી મતલબની કહેવત છે કે 'રોટલો ખુટશે એટલે સિંધ જાશું.' એમ ખરેખર એવી સ્થિતિમાં આવી પડેલાં માણસો અહીં આવેલાં અને સુતારી, લુહારી, વણાટ, સીવણ, મજુરી વગેરે કામોમાં પડેલાં. પણ એમનું પાણી અહીં કોઇ રીતે ઉતરતું નથી. અહીં મુસલમાનોનું પરિબળ હોવાથી હિંદુઓને તેઓ અનેક રીતે દબાવે છે: પણ આ ગુજરાતી કારીગર વર્ગને નહિ. વેપારી વર્ગ મુસલમાનોથી દબાતો રહે ખરો; સિંધી હિંદુઓને તેઓ સતાવે ખરા; પણ ગુજરાતી કારીગરોથી તો તેઓ દૂર જ રહે. મકરાણીઓ જેવા પણ ગુજરાતી લત્તામાં આવતાં ડરે. વેપારી ને કારીગર ગુજરાતી વચ્ચે જે સ્વભાવભેદ છે એ અહીં સ્પષ્ટ જણાઇ આવે છે. વેપારીઓ ઢીલા–ડરપોક છે: કારીગરો પાણીદાર–તીખા છે.

આજ આટલાં વર્ષોથી આ ગુજરાતીઓની અહીં વસ્તી છે, પણ ગુજરાતી સંસ્કારિતા તરી આવતી જણાતી નથી. કારીગરવર્ગ તેમની રોજી મેળવવા પાછળ મચ્યો હોય છે; વેપારીઓ ધન અને ધંધા પાછળ. કેળવણીનો પ્રચાર પણ હમણાં સુધી નહિ જેવો હતો. છોકરાને પાંચ છ ચોપડી ભણાવી ફરી ધંધે વળગાડે. લોહાણા, ભાટિયા, થોડા વણિક અને મોટે ભાગે બીજા કારીગર વર્ગની વસ્તી, એટલે સંસ્કાર અને કેળવણી પાછળ ખાસ પ્રયત્ન થએલો નહિ. પણ હમણાં શ્રી. ચંદ્રશંકર બૂચ વગેરે સંસ્કારી ગુજરાતીઓના પ્રયત્નથી ગુજરાતી સંસ્કારની અસ્મિતા કેળવવા અને પ્રકટ કરવાના પ્રયત્નો ત્યાં થઇ રહ્યા છે. કરાંચીમાં એક ગુજરાતી મિડલ સ્કૂલ સ્થપાઇ છે: થોડા વખત પછી તે હાઇસ્કુલ થશે. તેર ભાવનાશાળી ગ્રૅજ્યુએટો તેમાં કામ કરે છે: બે પ્રિન્સિપાલો પોણા બસ્સોબસ્સોના પગારે રોકયા છે. શ્રી. બૂચના પ્રમુખપદે ચાલતું આ ગુજરાત કેળવણી મંડળ સુંદર કામ કરી રહ્યું છે. અને એ સૌના બીજા પ્રયત્નોની પ્રતીતિ હમણાં ત્યાં ભરાએલા સાહિત્ય અને કલા મહોત્સવની માહીતીઓથી પ્રજાને સ્પષ્ટ થશે.

ॐ

કલકત્તામાં નવા જનારને પંદરેક દહાડાના વસવાટમાં બંગાળના વિવિધ વર્ગનાં માણસોની ભિન્નભિન્ન છાપ પડે છે. ત્યાંનો સામાન્ય જનસમાજ, વેપારીવર્ગ અને સંસ્કારી કેળવાએલો વર્ગ બધાના અનુભવ ભિન્નભિન્ન થાય છે.

બંગાળમાં મધ્યમ વર્ગ બહુ જ ઓછો છે એમ કહીએ તો ચાલે. એક કેવળ ગરીબ અને બીજો શ્રીમંત, બે જ વર્ગો. મધ્યમ વર્ગ જે થોડો જોવામાં આવે તે ફક્ત શહેરમાં. ગુજરાતમાં મધ્યમ વર્ગનું સારૂં પ્રમાણ છે તેમ અહીં નથી. પરિણામે શ્રીમંત અને ગરીબ એ બંને વચ્ચે ખુબ અંતર લાગે. એક વૈભવી, પ્રમાદી અને લા-પરવા; બીજા અજ્ઞાન, દબાએલા અને અરધે પેટે જીંદગી જીવતા.

ॐ

વેપારી બંગાળીઓને જોઇને એમ જ થાય કે તેમને 'વેપારી' કહેવા કે નહિ! ઉદ્યમશીલતા, ચપળતા, ચીવટ, ઘરાકને મનપસંદ માલ કાઢી આપવાની તત્પરતા, વિવેક અને મીઠાશ —વેપારીનાં આ લક્ષણો એ બંગાળી વેપારીઓમાં ભાગ્યે જ જાણવામાં આવે. ગુજરાતી મુસાફરને તો તેઓ વેપારી તરીકે નિષ્ફળ જ લાગે. આ નિયમને અપવાદ જે ઘણાખરા હશે તેમને અન્યાય કરવાનો આમાં હેતુ નથી; પણ સામાન્ય પરિસ્થિતિનો નિર્દેશ છે. કદાચ આ જ કારણે બંગાળમાં મારવાડીઓ, ગુજરાતી વણિકો અને મુસલમાન તથા વહોરા ભાઇઓને હાથ ઘણોખરો વેપાર છે.

બીજા હિંદુ અને મુસલમાન વેપારીઓની દુકાનો નિયમ મુજબ સવારના પહોરમાં ઉઘડી ગઇ હોય; બંગાળી બાબુની દુકાન ૧૦ વાગ્યા પછી ઉઘડે. વાળીઝુડી સાફસુફ કરે, પાણી છાંટે, ધુપ કરે ત્યાં ૧૧ વાગી જાય. પછી નીરાંતે બેસે અથવા આડે પડખે પડે. પાન હુક્કો ચાલતાં હોય. ઘરાક આવે ને મોજમાં હોય તો થોડો વેપાર કરે. નહિતર નજર સામે માલ પડ્યો હોય છતાં કહે કે 'માલ નથી; જાઓ.' માથાકુટ તો જરા પણ સહન ન થાય.

ॐ

કેળવાએલા બંગાળીઓમાં પ્રાંતિકતાનો પવન વિશેષ પ્રમાણમાં હોય છે તેનો અનુભવ ઘણાને હશે. 'આપણે સૌ

ભાઈઓ ખરા, પણ હું મોટા ભાઈ' એ ભાવ તમને હરકોઈ ભણેલા બંગાળી સાથે થોડો સમય ગાળતાં લાગે જોકે આ અભિમાન પાછળ રહેલી પ્રાંતીય અસ્મિતાએ એક ફાયદો કર્યો છે એ પણ સ્વીકારવો જોઇએ. બંગાળની આટલી સંસ્કારિક પ્રગતિ તેઓ પોતાનામાં પ્રાંતિક અસ્મિતા હોવાને કારણે જ સાધી શક્યા છે. સાહિત્ય, કલા, સંગીત, વિજ્ઞાન અને બીજી વિદ્યાઓમાં બંગાળે કોઈપણ પ્રાંત કરતાં, વધારે (સંખ્યા અને શક્તિ બંનેમાં) વ્યક્તિઓ પ્રગટાવી છે ને હિંદમાં જ નહિ પણ જગતમાં નામ કાઢયું છે તે એ અસ્મિતાને બળે.

પણ બંગાળીઓમાં એ અસ્મિતા અભિમાનનું સ્વરૂપ ધારણ કરતી જણાય છે; અને બહુ વિરલ બંગાળીઓ એમાંથી મુક્ત લાગે. એવા એક વિરલ પુરુષને જોવાનો પ્રસંગ મળી ગયો. બે વખત એને મળવાનું થયું, અને એ બંને વખતની છાપ બીજા બંગાળીઓ કરતાં બહુ જુદી જ પડી છે.

'મૉડર્ન રિવ્યુ' ઑફિસમાં 'નવચેતન'ના તંત્રી શ્રી ચાંપશી ભાઇએ એમનું ઓળખાણ કરાવ્યું ગૌરવર્ણો, જરા તપખીરિયા છાંટની આંખોવાળો, હસમુખો, સામાન્ય દડીનો પણ કસરતબાજ સ્નાયુઓ વાળો ને પ્રફુલ્લતા ફોરતો પાંત્રીસેક વરસનો એ જુવાન જીંદગીભર યાદ રહેશે. એણે મિઠાશથી ઓળખાણ કરી અને સાથે સોમાલાલ શાહ હતા તેમના જોડે પ્રમોદકુમાર ચેટરજીના ચિત્રો વિષે વાતચિત કરી. કહે કે 'એ કલાકારની આર્ટના લોકો પુરી કદર કરતા નથી. એનું અશ્વિનીકુમારનું ચિત્ર તો ઘણું સુંદર છે. પછી તો એક પછી એક અનેક વિષયો પર વાણીની ધારા ચાલી. નવો મૉડર્ન રિવ્યુનો અંક બતાવી કહે, 'આ પુઠાની રંગયોજના તમને કેવી લાગે છે? કૉફી, ગ્રીન અને ચૉકલેટ. મને આવી નવી નવી રંગયોજના રચવાની ધૂન છે. એ કરવા પાછળ હું હર વખત એક બે દહાડા બગાડું છું.' એટલામાં એમનો ફોટો લેવાની રજા માગતાં કહે, 'ના; મને એકલાને નહિ. આ બનારસીદાસ ને ચાંપશીભાઇને પણ સાથે લો.' બહાર આવ્યા; નીચે ઉતર્યા. વાગ્ધારા તો ચાલુ જ હતી. 'મહાસભામાં નથી જતા?' એમ પુછતાં કહે, 'આપણા લોકોને કોઇને કામ કરવું નથી; માત્ર ભાષણો કરવાં છે, બોલ્યા કરવું છે. વોલંટીઅરોમાં તાલીમ ક્યાં છે? અને આ યુનિફૉર્મો પાછળ આટલાં ખરચ શાં? સાદા ધોળા પોશાક સારા ન લાગે? આ ગરીબ દેશનો પૈસો બચત. પણ આપણે તો અનુકરણો કરવાં છે—કેવળ નિર્જીવ અનુકરણ. અને એમાં જ પ્રજાનો પ્રાણ મરી જાય છે. અનુકરણથી ખાખી રંગ પણ શા માટે રંગીએ? ધોળો પોષાક પહેરીએ તો વીરતા નહિ આવે એમ? વીરતા ખાખી રંગમાં ભરી છે કે આપણા હૃદયમાં? સંસ્કૃતિ કદિ અનુકરણથી જળવાતી નથી. એથી તો એનું મૃત્યુ થાય છે. અંગ્રેજો આ સમજે છે એટલે આપણને અનુકરણ કરતા જોઈને રાચે છે. આવાં પોલાં અનુકરણોની એમને લેશમાત્ર બીક નથી. ભય છે એમને રચનાત્મક કાર્યક્રમનો. પણ એ કોઇને કરવું નથી.' આ ધારા ચાલતી હતી ત્યાં ઉપરથી ડૉ. બેનરજી ઉતર્યા. વાતેવાત નીકળી ને તે કહે કે 'આ મુસલમાનોને સરકાર પક્ષમાં લઈ ચડાવે છે એ હિંદુઓ માટે ભયભરેલું છે.' ત્યાં તો ઉત્તર વળ્યો જ છે: 'તેથી શું? હિંદુઓની સંસ્કૃતિ જ્યાં સુધી જીવતી છે ત્યાં સુધી કશું થવાનું નથી. પણ હું તો મુસલમાનોની વિરુદ્ધમાં જ નથી. હું તો ગમે ત્યાં સંસ્કૃતિના રક્ષણની તરફેણમાં છું. આથી જ તો હિંદુ મહાસભાનો સભ્ય હોવા છતાં તેમને કહું છું કે મને તમારા કાર્યક્રમમાં શ્રદ્ધા નથી. હિંદુમાં પોતાની સંસ્કૃતિનું રક્ષણ કરવાની તાકાત હશે તો હિંદુ તારાજ થવાનો નથી. રાજસત્તા જીતતી નથી, લશ્કર જીતતાં નથી, તાત્કાલિક વિજય ભલે જણાય પણ અંતે તો બળવાન સંસ્કૃતિ જ જીતે છે. એ જીતનારને પણ પોતાના રંગથી રંગી નાખીને ગાળી નાખે છે. આપણે આપણી સંસ્કૃતિ જ જાળવવાની છે.' પણ આપણે માત્ર વાતો જ કર્યા કરવી છે; કામ કરવું નથી. જર્મનોએ ફ્રાન્સ જીત્યું ત્યારે ફ્રેન્ચો પોતાના દેશબાંધવોને કહેતા કે 'ભાઇઓ, આપણે જીતાએલા છીએ એની વાતો ન કર્યા કરો. માત્ર એનો વિચાર અંતરમાં રાખ્યા કરો.' (Do not talk of it; only think of it.) એ રીતે આપણે પણ બોલ્યા કરવું ન જોઇએ આપણી પરતંત્રતાનો વિચાર સદાકાળ મનમાં જાગૃત રાખવો જોઇએ, ઘુંટયા કરવો જોઇએ અને તેની પાછળ કામ કરવા મચી રહેવું જોઇએ.' પણ એટલામા તો, અંદરથી કોઈ બોલાવવા આવ્યું હતું તેને ઉભો રાખેલો એની ઉતાવળ તરફ ધ્યાન ગયું અને ચાલતાં ચાલતાં પગથિયાં ચડીને કહે, 'માફ કરજો, વાતોએ ચડીને તમારો સમય લીધો.' અમને નમસ્કાર કરી અમે છુટા પડયા. એ ૨૫–૩૦ મિનિટ જાણે પ્રફુલ્લતા ને પ્રેરણાની, વિચાર અને સંસ્કારની ધારા ચાલી હતી.

વળી બીજી વાર મળવાનો પ્રસંગ મળ્યો. અને એ મોહક, સંસ્કારી અને તેજસ્વી વ્યક્તિત્વની છાપ દૃઢતર થઈ. વાતોના વિષય વિલાયતની રંગભૂમિથી માંડીને કલકત્તાના બજારના ઘીના ભાવ સુધીના હોય. કલકત્તા શહેરની એકેએક વિગત જ નહિ, પણ બંગાળી, મારવાડી ને ગુજરાતીઓની સંસ્કૃતિ, રાહરસમ ને સ્વભાવોનો અનુભવ, પ્રાંત અને દેશની સંસ્કૃતિનો અભ્યાસ, યુરોપીય તથા બીજાં વિદેશી સંસ્કારબળોનો નિકટ પરિચય,—અને આટલી વિદ્વાન બહુશ્રુતતા છતાં રમણીય સરળતા—કલાકો સુધી તમારી સાથે પ્રેમપૂર્વક ભેળાઇને વાત કરતાં ન થાકે એવી નિરભિમાનિતા કોઇ બંગાળીમાં જવલ્લે જ જોઈ છે.


એ 'મૉડર્ન રિવ્યૂ'ના તંત્રી શ્રી રામાનંદ ચેટરજીના પુત્ર અને 'વેલફેર'ના તંત્રી શ્રી અશોક ચેટરજી.

ઇ. ત.



## ચારસો માઈલનું બીજું સાઈકલ પર્યટન

'કુમાર'ના ૩૮મા અંકમાં ભાઈ છોટાલાલ માકડે, પોતે કાઠિયાવાડમાં પહેલી જ વાર કરેલા સાઇકલ ઉપરના ૩૦૦ માઈલના પર્યટનનો રસભર્યો અહેવાલ આપ્યો હતો. એવું જ—એનાથી જરા મોટું—૪૦૦ માઈલનું બીજું પર્યટન એમણે ગયા ઑક્ટોબરમાં બીજા ત્રણ સાથીઓ જોડે કરેલું તેનો નકશો આ નીચે આપ્યો છે.




ઘેરી કાળી લીટી આ સમયના પર્યટનના માર્ગ સૂચવે છે.
ઝીણી લીટી ગઇ વખતનું પર્યટન બતાવે છે.

આગલી સફર વેળા એમને સાથી વિના જ ચલાવવું પડેલું. તૈયાર થએલા તે પાછળથી ઢીલા પડી ગયેલા; જોકે છેવટે રસ્તામાંથી એક ભાઇ ભેગા મળેલા. પણ આ વેળા તો એમને ત્રણ જબરા, ઉત્સાહી, કસરતબાજ અને એક તો આવા પર્યટનના અનુભવી સાથી મળેલા: એમનું નામ ભાઇ મગનલાલ પલાણ. મુસાફરીમાં એમનાં અનુભવ અને સહાય ખુબ કામ લાગેલાં. બીજા ભાઇ ભૂપતરાય સુતરિયા સુરતના રોવર સ્કાઉટ અને રાજકોટની હાઇસ્કૂલના શિક્ષક હતા; ને ત્રીજા એ હાઈસ્કુલના મૅટ્રિકના વિદ્યાર્થી ભાઈ મહેતા કરીને હતા.

નવમી ઑક્ટોબરે સવારે પોણા નવે એ ચારે જણ ઉપડ્યા અને નકશામાં બતાવેલે માર્ગે ગોંડળ, વીરપુર, પીઠડિયા, જેતપુર, જુનાગઢ, વંથળી, કેશોદ, ચોરવાડ, વેરાવળ, પ્રભાસ-પાટણ, પ્રાચી, કોડીનાર, ઉના, કાગવદર, રાજુલા, મહુવા, તળાજા, ભાવનગર, શીહોર, સોનગઢ, માંડવા, ઢસા, બાબરા, આટકોટ, અને સરધાર—એટલાં ગામો ફરી ૧૮મી તારીખે રાજકોટ પહોંચ્યા. કાઠિયાવાડ દ્વિપકલ્પના દક્ષિણ તરફના ત્રીજા ભાગની ચારસો માઇલની આ ગદક્ષિણા તેમણે ઘણી જ ઝડપથી નવ દિવસમાં પુરી કરી. તેમાં નાનીમોટી મુસીબતો તો નડેલી જ. પણ તે ઘણીખરી ખરાબ રસ્તાને અંગે. ખાસ કરીને જુનાગઢની હદનો સોરઠ સરકારનો રસ્તો તેમને બહુ નડ્યો, અને તેમાં યે વંથળી અને કેશોદ વચ્ચેના ત્રીસ-ત્રીસ ચાળીસચાળીસ ફુટ ઉંચા ઢેરા, તથા કેશોદથી ચોરવાડ વચ્ચેનો ભાંગી ગએલો મારગ બહુ કપરો હતો. રસ્તામાં નદીઓ આવતી તે તો તેઓ ઉતરી જતા, કેમકે કાઠિયાવાડની નદીઓમાં ક્વચિત જ ઉંડાં પાણી હોય છે. એમના માર્ગમાં મોટી નદી આવી તે તળાજા પાસે શેત્રુંજી.

મહુવાથી તળાજા જવા નીકળેલા ત્યારે સવારમાં તેમની જ સાથોસાથ એક ૫૦ વર્ષનો વૃદ્ધ બ્રાહ્મણ પગે ચાલતો નીકળેલો. રસ્તામાં ચડાણ બહુ આવતાં તેથી સાઇકલો પર એમને મુસીબતો નડેલી, અને રસ્તે એકાદ બે ઠેકાણે પંક્ચર સાંધવા ને હટાણાં કરવા રોકાએલા. એટલો સમય બાદ કરીએ તોપણ પેલો પગે ચાલતો બ્રાહ્મણ તેમના કરતાં ઘણી વધારે ઝડપે ચાલતો હોવાથી ઘણો આગળ નીકળી ગએલો; તેને તેઓ ઠેઠ ૨૨ માઇલ દૂર પકડી પાડી શક્યા. હજી પણ આટલી ઝડપે પગે ચાલનારા કાઠિયાવાડમાં પડ્યા છે: અને તે ૫૦ વર્ષની વયે! એ બ્રાહ્મણનું નામ પ્રભાશંકર ગંગારામ જોષી; તણસા પાસે વાવડી ગામના રહેવાશી.

મુસાફરીના સામાનમાં તેમણે સાથે સાઇકલ રીપેરનાં પુષ્કળ સાધનો, પાણી માટે વૉટરબૅગ અને જરૂર પુરતાં જ કપડાં લીધેલાં. ભાદરવાના તડકાના દિવસ હતા એટલે વૉટર-બૅગનું પાણી ખુટ્યે તરશ લાગે ત્યારે સાથે લીધેલાં લેમન-ડ્રૉપ્સ (પીપરમૅન્ટ)નો ઉપયોગ કરતા. ખોરાક માટે તો રસ્તે જે ગામ આવે ત્યાંથી અનુકુળ પડે તે હટાણું કરી લેતા. મોટાં ગામોમાં કોઇ ને કોઇ ઓળખીતા હોય; નાનાં ગા-મડાંમાં જ્યાં ઓળખીતા ન હોય ત્યાંથી ચણા, ખજુર, ગોળ, ઘી, મગફળી, ટોપરૂં, દુધ (અને મળી શકે ત્યાં પેંડા પણ) એમાંનું જે મળે તે વડે ચલાવતા. કોઇ ગામમાં જ્યાં કાંઇ પણ ન મળી શકે ત્યાં બ્રાહ્મણને ત્યાંથી ક્ષુધા તો મળે જ. મુસાફરીમાં એમને આવી સગવડો બહુ આદરપૂર્વક મળેલી. આપણી અતિથ્યભાવના હજી ઓસરી ગઈ નથી.

યૌવનનું ચેતન જેનામાં છે તેને આવાં આવા નાનકડાં સાહસો કરવાનો તનમનાટ થઈ આવવાનો જ. એવા તન-મનાટભર્યા 'કુમાર'ના વાંચનારાઓને આ હકીકતોમાંથી કાંઇક રસ અને સૂચન તો મળી રહેશે જ.

આમ બે હપતે ભાઇ માકડ કાઠિયાવાડ તો લગભગ ફરી વળ્યા છે. હજી નજીક ઉત્તર તરફનો ભાગ બાકી છે; પણ એમનો વિચાર એ પર્યટન બીજાઓને માટે રહેવા દઇ વધારે મોટું પર્યટન ઉઠાવવાનો છે:—અમદાવાદથી દિલ્હી, અથવા

તો અમદાવાદથી પૂના. એ નવી સફર માટે તેઓ ખુબ આતુર છે અને યોગ્ય તકની રાહ જોઈ રહ્યા છે. એમની એ આતુરતામાં અમારો સાથ પુરી અમે એમને યશ ઇચ્છીએ છીએ.

## પગરસ્તે અફઘાનિસ્તાનની મુસાફરી કરનાર પારસી યુવાન

બરજોર એફ. માદન નામના એક સાહસિક પારસી યુવકે મુંબાઇથી અફઘાનિસ્તાન સુધીની લગભગ આખી મુસાફરી પગે ચાલતાં જ કરી છે. આ ભાઇ મુંબાઇથી પંદરમી માર્ચે એક સોબતી સાથે ઉપડયા હતા. તેઓ પહેલી જુલાઈએ લાહોર અને ઓગણત્રીસમી જુલાઇએ પેશાવર પહોંચ્યા. ત્યાં પોતાના સાથીને મુકીને જલાલાબાદ થઇ ૧૨મા ઑગસ્ટે કાબુલ પહોંચ્યા. કાબુલથી સોળ માઈલને અંતરે પાઘમાન આવેલું છે. તે અફઘાનિસ્તાનના અમીરનું ઉનાળામાં હવા ખાવાનું સ્થળ છે ત્યાં જઇ ભાઇ બેરજોરે ત્યાંના કેળવણી ખાતાના પ્રધાન મી. ફઇઝ મુહમ્મદને ત્યાં દસ દિવસ પરોણા તરીકે રહી ત્યાંના સ્વાતંત્ર્યના દિવસોના ઉત્સવમાં ભાગ લીધો. ત્યાં આ પારસી યુવકને અમીર અમાનુલ્લાના હસ્તાક્ષર અને પાંચસો રૂપિયા ભેટ મળ્યાં. ત્યાંથી કાબુલ થઇ તેઓ પોતાના સાથી જોડે આગળ વધ્યા, ને આયબાક, મઝર શરીફ અને બાલ્ખ જોવાં તથા મૈમાન હઝાર વગેરે ફરીને કાબુલ પાછા વળ્યા. ત્યાથી છેલ્લું નવમી ઑક્ટોબરે કાબુલ છોડયું અને કંદહાર, ચમન તથા ગઝની થઈને બલુચિસ્તાનની રાજધાની ક્વેટા પહોંચ્યા.

સાયકલનાં પૈડાં પર દુનિયાભરની સફર કરનાર ત્રણ પારસી યુવક વીરો જાલ બાપાસોલા, રૂસ્તમ ભમગરા અને અદી હકીમ, તેમજ છેલ્લી ખબરો પ્રમાણે એમેઝોન નદીનાં મુળ તરફ આગળ વધતા વીર સ્કાઉટર મિ. દાવર, એ સર્વની પંક્તિમાં આ ભાઈ બરજોર એફ. માદનનું પણ પોતાના સાહસિક પરાક્રમોથી ઉંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

અમે આ ઉત્સાહી, સાહસિક પારસી યુવાન તેમની મુશ્કેલીભરી પણ ફતેહમંદ મુસાફરી માટે અભિનંદન આપીએ છીએ.

## વસંત શાળા

[ગયે વર્ષે નર્મદાતીરે નીકોરા પાસે કબીરવડને છાંયડે ગુજરાતના યુવાનોએ એક નાનું સંમેલન ભર્યું હતું. તેમાં હાજરી આપનારાઓને એ થોડા સમયના સુંદર વાતાવરણની યાદ જરૂર હશે. નીકોરા યુવક મંડળના ઉત્સાહી મંત્રીઓના પરિશ્રમથી જ એ પ્રસંગ બની શકયો હતો. તેમની પેઠે બીજા કોઇ સ્થાનમાં કોઈ ઉત્સાહી મંડળ કે યુવાનો આગળ પડીને એવું જ સંમેલન આમંત્રે એવી તેમની અને બીજા ઘણાઓની ઇચ્છા છે એમ અમારા પર આવી ગએલા પત્રો પરથી લાગે છે.

આવાં સંમેલનોનો મુખ્ય ઉદ્દેશ એ હોય છે કે માત્ર દેખાવના ઠરાવોથી જેમ બને તેમ દૂર રહેવું તથા યુવાનો વચ્ચે દંભ વગરની મૈત્રી અને સંબંધ જમાવવાં, અને સંમેલનો સમાજની ભારરૂપ સંસ્થા ન બનતાં પોતાની મેળે જ પોતાની યોજના સાધી શકે એવા રૂપમાં ભરવાં. કોઇ મહેમાન નહિ કોઇ યજમાન નહિ; સૌ પરસ્પર સહકારથી કામ પાર ઉતારે. કામમાં ય આંડબરવાળી યોજનાઓ ન જોઇએ. સક્રિય સહકાર અને સેવાની તૈયારી માટે સ્વયોજિત નિયમન સ્વીકારવું અને અરસપરસનો વ્યવહાર વિશાળ તથા ઉદાર થાય એવો શિષ્ટાચાર કેળવવો.

મોરબી મુકામે કાઠિયાવાડના યુવાનો આ માસની આખરે યુવક પરિષદ મેળવવાની તથા યુવકોનો સંઘ સ્થાપવાની હીલચાલ કરી રહ્યા છે. ગુજરાતનાં મુખ્ય મુખ્ય સ્થળોમાં પણ યુવકસંઘો છે; પરંતુ એ બધા પોતાનું બળ કાયદા અને ઠરાવોમાંથી મેળવવા ઇંતેજાર હોય એમ દેખાય છે. એક મિત્રે યુવાનો વચ્ચે પરસ્પર સૌહાર્દ, સંયોજના અને તાલીમ જમાવવા નીચેની દરખાસ્ત લખી મોકલી છે. તે અમે વાંચનારાઓ આગળ મુકીએ છીએ. આ બાબતમાં રસ લેનારાઓ તરફથી તે ભાઇ સૂચનાઓ અને સહકાર મેળવવાની ખુબ આશા રાખે છે. અમે સૌને ભલામણ કરીએ છીએ કે જેમને આ યોજના પસંદ પડે તેઓ તેમાં સુધારા વધારા સૂચવીને સક્રિય ભાગ આપવા આગળ આવે. —તંત્રી ]

### યોજના

શહેર અને વસ્તીથી દૂર, કોઇ પહાડી પ્રદેશમાં, નદીકાંઠે કે દરિયા કિનારે—નૈસર્ગિક સ્થળમાં દસ દહાડાનો પડાવ નાખવો.

એ દસ દિવસ સુધી ઇંટમાટીની દીવાલ અને છાપરાંનો બહિષ્કાર કરવો.

એ પડાવનું ધ્યેય સ્વનિયમન-શિસ્ત, ચિત્તાવધાન-ધ્યાન, અને સંસ્કૃતિની પોષક તથા વિકાસક પ્રવૃત્તિ—વાંચન મનન અને ચર્ચા હોય.

સાધારણ કાચો કાર્યક્રમ નીચે મુજબ રહે.

| | |
|---|---|
| ૬ થી ૬॥ | વ્યાયામ |
| ૬॥ થી ૮॥ | પ્રાતઃકર્મ, સ્નાન, નાસ્તો. |
| ૮॥ થી ૧૦॥ | વ્યવસ્થિત સમૂહ-સંમેલન; અને કડક શિસ્ત મુજબ વર્તન |
| ૧૧ થી ૧૨॥ | ક્રિયાત્મક અભ્યાસઃ તરવું, ચીતરવું, ઘોડેસવારી, નિશાનબાજી, નૌકા ચલાવવી વગેરે |
| ૧ વાગ્યે | ભોજન. (ભોજન વખતે અતિ વ્યવસ્થિત રીતભાત અને શાંતિનો અમલ કરવો. તેના નિયમો ખાસ ઘડવા જોઇએ.) |
| પછી | થોડો વિરામ |
| ૩ વાગ્યે | પરસ્પર વાર્તાલાપ, ચર્ચા, સૂચનો, પોતપોતાને પ્રિય વિષયોનું મનન; નિસર્ગ |

| | |
|---|---|
| | અવલોકન; જાતીય ચર્ચા, શરીર-સ્વાસ્થ્ય સામાજિક પ્રશ્નો પર વિવેચન; પોતાના અભ્યાસ—અનુભવનું પરસ્પર કથન વગેરે. |
| ૪ વાગ્યે | ચા, ફળફળાદિ, નાસ્તો: જેને ઇચ્છા હોય તેને. |
| ૫ થી ૭ | ફરજિયાત કસરતો કે રમતો (ફુટબૉલ, મુક્કાબાજી, ગેડીદડો વગેરે) |
| ૭ા વાગ્યે | રાત્રિભોજન (તેના ચોક્કસ નિયમો અને વ્યવસ્થા ઘડીને તે મુજબ) |
| ૮ા વાગ્યે | ગાનતાન, નાટ્ય-સંગીત, નૃત્ય-જલસા, આનંદવિનોદ વગેરે |
| ૯ા વાગ્યે | જીવનચર્ચા, પ્રાર્થના. |
| ૧૦ વાગ્યે | કેવળ શાંતિ, નિદ્રા. |

દસ દિવસમાં એક દિવસ નાના પગવાટ પ્રવાસનો પણ રાખવો. એક દિવસ તદ્દન છુટ્ટી રમતગમત તથા આનંદ વિનોદનો અને આઠ દિવસ ઉપરના સમય પ્રમાણે નિયમબદ્ધ અભ્યાસ અને તાલીમના રાખવા.

ભાગ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીની ઉંમર ૧૭ વર્ષ ઉપરની જોઇએ. ગ્રૅજ્યુએટ કે કૉલેજિયનને ખાસ તક આપવી.

આ દિવસોમાં કોઇ વિદ્વાન, કળાકાર કે કોઇ પ્રોફેસર ભાગ લેવા ધારે તો તેને નિમંત્રિત સભ્ય તરીકે લેવા.

માનવસ્વભાવ, કુદરત અને ઇતિહાસનું (સ્થળ, સમય અને વ્યક્તિનું) ઊંડું જ્ઞાન મેળવવા પ્રયાસો વધારવા, શોધ-ખોળો કરવી, અભ્યાસ કરવો અને જ્ઞાનની જુદીજુદી શાખાઓ માટે પ્રજામાં રસ ઉત્પન્ન કરવો એ આવા મંડળની ભાવિ યોજનાના વિષયો થશે.

મંડળના સભ્યો જે જે અભ્યાસ તૈયાર કરે તેનું એક પત્ર બહાર પાડવું અને પ્રચારવું.

પ્રજામાં તાલીમબદ્ધ જીવન અને સંસ્કારી વર્તન પ્રસરે તે આ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ છે. આપણામાં ભોજન સમયે અને સમૂહ-મિલનોમાં અસભ્યતા, અને અવ્યવસ્થા હોવાનો આરોપ બીજા દેશો આપણા પર મુકે છે તે ઘણે અંશે સાચો હોવાથી નવયુગનાં સ્ત્રીપુરુષોએ તેમાંથી મુક્ત થવું જોઇએ તથા અભ્યાસમય જીવનક્રમ પણ યોજવો જોઇએ.

'સૈનિક'


---

'તુજ ચરણે' નામનું પ્રભુભક્તિના કાવ્યનું એક નાનકડું પુસ્તક નડિયાદથી 'ભક્ત' નામથી એક ભાઈએ પ્રગટ કર્યું છે. એ પુસ્તકની નીપજમાંથી ખર્ચ કાઢી કાશ્મીરની મુસાફરીએ જવાની એમની ઇચ્છા છે. દર વખતે તેઓ હિંદુસ્તાનના જુદાજુદા ભાગમાં મુસાફરી કરી દેશાટનનો લાભ મેળવે છે. પોતે ગરીબ હોઈ ખર્ચ આ રીતે મેળવે છે. એમને મદદ કરવા ઇચ્છનારાઓ બે આનાની એ ચોપડી ખરીદી સહાય કરી શકે.



## બાળવિભાગ

# વસંત દેવીનો ન્યાય



માહ મહીનો ઉતરી ગયો છે; કડકડતી ટાઢ ચાલી ગઇ છે. ફાગણના વા વાઇ રહ્યા છે; પણ રાજાની વાડીના ફુલક્યારાઓ હજી મહેકતા નથી.

માળી બીચારો રોજ પાણી પાય છે; ક્યારાઓમાં રોજ ખાતર પુરે છે; દિવસ આખો વાડીની સંભાળ રાખે છે; પણ વાડી મહેકતી નથી.

વસંત દેવી જગત આખામાં સહેલે નીકળી પડ્યાં છે. જ્યાંજ્યાં એની નાજુક પગલીઓ પડે છે ત્યાંત્યાં પીમળ પસરી રહે છે; છતાં રાજાની વાડી લુખ્ખી લુખ્ખી લાગે છે.

એમ કરતાં વસંત દેવી પોતે જ ફરતાં ફરતાં એ રાજાની વાડીએ આવી ચડ્યાં. દેવી વાડીમાં પેઠાં ખરાં પણ કોઈ ફુલે એમને આવકાર ન આપ્યો. વસંત દેવી તો ચમકીને ઉભાં રહ્યાં. પણ દિવસ હતો એટલે દેવી મુંગામુંગાં ત્યાંથી ચાલી નીકળ્યાં.

રાત પડી ને મધરાતનો અમલ થયો કે દેવી ફરીથી રાજાની વાડીમાં આવ્યાં. આવીને પોતાની જાદુઇ લાકડી વાડીનાં તમામ ફુલઝાડ ઉપર ફેરવી.

ત્યાં તો જાઇ ને જુઈ, ચંપો ને ચમેલી, મોગરો ને ગુલાબ, ડમરો ને કરેણી, બકુલ ને માલતી, નવમાસિકા ને કેતકી, શિરીષ ને પારિજાત—બધાં જ ફુલો પરીઓનાં રૂપમાં બની ગયાં. એક મેંદીની બેઠક હતી એના ઉપર વસંતદેવીએ જાદુઇ લાકડી ફેરવી ત્યાં તો એ સુંદર મજેનું સિંહાસન બની ગયું.

વસંત દેવી એ સિંહાસને બેઠાં ને એમની જમણી ડાબી બંને બાજુએ ફુલપરીઓ હારબંધ ગોઠવાઇ ગઇ.

બેઠા પછી દેવીએ મધુર સાદે સર્વને સંભળાય તેમ કહ્યું, 'આ રાજાની વાડીમાં જ મને આવકાર ન મળે એ નવાઇની વાત છે. તમને વાંધો શો પડ્યો? ખુલ્લાં દિલથી બધી વાત કરો તો હું કાંઇક સમજી શકું.'

ફુલપરીઓ એકબીજાના સામું ટગરટગર જોવા

લાગી; પણ કોઈ કાંઈ બોલશે નહિ.

છેવટે દેવીએ ગુલાબને આંગળી ચીંધીને કહ્યું, 'ગુલપરી, તમે ય મુંગાં બેસી રહેશો એ નહિ ચાલે! કહેવા જેવું હોય તે મને કહો તો કાંઇક નિકાલ પણ થાય. તમારી આ રીતભાતથી તો મને ખેદ થાય છે.'



ત્યારે ગુલપરી કટાણું મોઢું કરી ધીમે સાદે બોલી, 'દેવી, માફ કરજો. અમે આ વાડીની ફુલપરીઓએ ઓણ સાલ સંપ કર્યો છે કે અમારે ખીલવું જ નહિ.'

દેવી કહે, 'પણ એનું કાંઇ કારણ? તમે સંપ કર્યો એ તો બહુ સારી વાત. સંપમાં જ સુખ છે; પણ ખરી વાત શી છે તે તો દિલ ખોલીને કહો!'

ગુલપરી કહે, 'દર સાલ અમે તમને માન આપવું ચુકતા નથી એ તો તમે જાણો જ છો; પણ ઓણ સાલ અમને એમ થયું કે વસંત દેવી અમારૂં દુઃખ દૂર ન કરે ત્યાં સુધી અમારે ખીલવું જ નહિ!'

દેવી કહે, 'પણ તમારૂં દુઃખ શું છે એ તો કહો. હું જરૂર મારૂં બનતું કરીશ. જાઓ મારો કોલ છે.'

ગુલપરીએ વાત આગળ ચલાવી, 'દેવી, રોજ ઉઠીને અમને ત્રણ જણાઓ પજવ્યા કરે છે. એક તો પતંગિયું, બીજી મધમાખી ને ત્રીજો ભમરો.' અમે જરા ખીલીને દાદમાદથી નીરાંતે બેઠાં હોઇએ ત્યાં એક નહિ પણ અનેક પતંગિયાં અમારે આંગણે આવી ભરાય ને અમારે એ દુઃખ સહન કર્યા કરવું! પતંગિયા તો હજી ઠીક; પણ મધમાખી તો ચટકા બાગીભરીને અમારૂં મધ જ ચુસી જાય છે. એનાથી તો અમે તોબા પોકારી ગયાં છીએ! અને પેલો ભમરો તો અમને જંપીને બેસવા જ દેતો નથી! એ આવે કે તરત એવો ધાંધાટ મચાવી મુકે કે અમને ઘડી ભર દરીને ઉંઘવા ય ન દે!! આ દુઃખમાંથી અમે છુટીએ નહિ ત્યાં સુધી અમને સુખ નથી.'

બોલતાં બોલતાં ગુલપરીની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં ને એનાથી વધારે બોલાયું નહિ.

બીજી ફુલપરીઓ ટાપસી પુરતી બોલી ઉઠી, 'ગુલપરીની વાત ખરી છે; અમને બહુ દુઃખ છે.'

વસંત દેવી મોં મલકાવીને બોલ્યાં, 'ઓ...હો! આ તે કયું મોટું દુઃખ છે! એ દુઃખ આપનારાંને તો અબઘડીએ સજા કરૂં!'

આટલું બોલવાની સાથે વસંતદેવીએ જાદુઇ લાકડી જમીન ઉપર એક, બે ને ત્રણ વાર અફાળી. ત્યાં તો પીળી સાડી ને પીરોજી ચણિયો પહેરીને પતંગ પરી ખડી થઇ; એક પળ વીતી ત્યાં ઘેરી કીરમજી સાડી ઓઢીને મધમાખી આવી ઉભી; ને બીજી પળ ન વીતી ત્યાં તો કાળો જામો ને પીળો લેંઘો પહેરીને ભમરો ખડો થયો.



વસંત દેવીએ તાડુકીને કહ્યું, 'તમે ત્રણે અમારા ગુનેહગાર છો! તમે મારી ફુલપરીઓને બહુ દુઃખ આપ્યું છે ને આપો છો; માટે હું તમને સખતમાં સખત શિક્ષા કરવાની છું. પણ તે પહેલાં તમારે કાંઇ બચાવ કરવો હોય તો તમને બોલવાનો વખત આપું છું.'

તરત જ પતંગપરી નમન કરીને બોલી, 'દેવી! ફુલપરીઓને હું દુઃખ આપતી હોઇશ તો હું જ દાઝી મરીશ! હા; હું એમના આંગણે જાઉં છું; ત્યાં રમું પણ છું. પણ એથી તો એમનું આંગણું ઉલટું દીપે છે! આજથી ના પાડશો તો હું ત્યાં ડોકાઇશ નહિ!'

વસંતદેવી કહે, 'વારુ; તારો વિચાર કરીશ; હવે તું બેસી જા.'

પછી તરત મધમાખી સાડીની કોર સંકેલતી બેઠી થઇ ને નમન કરી તે બોલી, 'દેવી. ફુલપરીઓને ને અમારે તો કેટલા યે જન્મારાનો સંબંધ છે. અમે દર સાલ ફુલપરીઓના રસકસમાંથી થોડો ભાગ

લઇએ છીએ. પણ એ ભાગ અમે અમારા માટે લેતા નથી, પરંતુ એમના જ ભલા માટે લઇએ છીએ. કારણકે એમના રસકસનું અમે મધ બનાવીએ છીએ; એ મધ માણસજાત સ્વાદથી ખાય છે ને તે વખતે એ સ્વાદમાં ફુલપરીઓની સુવાસ માણસો અનુભવે છે. કડકડતી શિશિરમાં પણ અમે એ મધ વાટે ફુલપરીઓને જીવતી જાગતી રાખીએ છીએ. આવાં અમારા કામ બદલ અમને શિક્ષા કરવાની હોય તો જેવી દેવીની મરજી. અમે તો ગાંડાં છીએ કે ફુલપરીઓને માટે મહેનત લઇ રહ્યાં છીએ!' આટલું કહીને મધમાખ તો લહેકાથી સાડી 'સંકોરીને બેસી ગઈ.

તરત ભમરો કાળો જામો સમો કરતો સલામ ભરીને ઉભો થયો. એ કહેવા લાગ્યો કે, 'હું મૂર્ખો છું એની મને આજ જ ખબર પડી! નહિતર આમ ફુલપરીઓને રીઝવવા રોજ આવીને મારૂં ગળું ન તાણત! મને શી ખબર કે મારા એ ગાનથી ફુલપરીઓ ઉલટી દુ:ખી થાય છે? હું તો એમ જ જાણતો હતો કે મારાં ગાનતાનથી હું ફુલપરીઓને રીઝવું છું ને વળી બીજાઓનું ધ્યાન એમની તરફ ખેંચી એમની કીમતમાં વધારો કરૂં છું. પણ હવે આજ સમજ્યા કે એવી કડાકુટ કરી કોઇને રીઝવવાની જરૂર નથી. હવે ભુલ્યા ત્યાંથી ફરી ગણીશું.'

ભમરો પણ આટલું બોલી બેસી ગયો. પછી વસંત દેવી બધી ફુલપરીઓ તરફ નજર નાખીને કહે, 'બોલો; હવે તમે કહો તે સજા આ ત્રણે અપરાધીઓને કરીએ: પણ સજા ફરમાવતાં પહેલાં એટલું ધ્યાન આપજો કે આ ભમરા વિના તમારાં ગુણગાન કોઇ ગાવાનું નથી. તમારાથી રાજાની વાડી શોભે છે અને ભમરાઓથી તમે શોભો છો. આ મધમાખી તમારા ભલા માટે જ તમારી સુવાસ સંઘરે છે; અને આ પતંગિયું તમારે આંગણે આવી નાચનાચ કરી તમને રીઝવે છે તે તમારી જ શોભામાં વધારો કરે છે. છતાં તમે બધાં એમ જ માનતાં હો કે એ બધાં દુ:ખ દેનાર જ છે, તો તમે કહો તે સજા હું ફરમાવું. પણ જે બોલો તે સો વખત વિચાર કરીને બોલજો.'


સર્વ સભા શાંત થઇ ગઈ; ફુલપરીઓ એકબીજા સામે જોવા લાગી. થોડી વાર થઈ ત્યાં ગણગણાટ થવા લાગ્યો. છતાં કોઇ કાંઈ બોલ્યું નહિ અંતે વસંત દેવીએ ફરી ટહુકો કર્યો, 'કેમ, તમે કાંઇ વિચાર કર્યો કે નહિ?'

આખરે ગુલપરી ઉભી થઈ ને નમન કરી બોલી, 'દેવી! ગુનેહગારોનાં વેણ સાંભળ્યા પછી તો અમને એમ લાગે છે કે અમે જે કર્યું તે ખોટું કર્યું છે. નકામાં આપને અમે હેરાન કર્યાં; અને એ બદલ આ સર્વ ફુલપરીઓ વતી હું આપની માફી માગું છું. હવે અમારી સાન ઠેકાણે આવી છે અને અમને અમારી ઉતાવળ માટે પસ્તાવો થાય છે. આવી મૂર્ખતા હવે અમે ફરી કોઈ દિ' નહિ કરીએ. આ વખતની અમારી ભુલ માફ કરો અને ગુનેહગારોને માન સહિત છોડી મુકો. હું સર્વ ફુલપરીઓ વતી પતંગપરી, મધમાખ, અને ભમરાની માફી માગું છું અને એમને વીનવું છું કે તેઓ અમારા આ ઉતાવળિયા કામને ભુલી જાય અને વર્તતાં હતાં તેમ જ વર્તે.'

ગુલપરી આટલું બોલીને બેસી ગઇ. ત્યાં તો પતંગપરી, મધમાખ, અને ભમરો—ત્રણે આખી સભામાં ફરી ફર્યાં અને બધી ફુલપરીઓને મળી મળીને અરસપરસ ક્ષમા માગી લીધી.

વસંત દેવી હસતાં હસતાં બોલ્યાં, 'ત્યારે હવે હું જાઉં છું. તમને બધાંને હસતાં અને હળીમળીને વાતો કરતાં જોઈ મને બહુ આનંદ થાય છે.'

આટલું બોલીને વસંતદેવીએ પોતાની જાદુઇ લાકડી ત્રણ વાર જમીન ઉપર અફાળી. ત્યાં તો ફુલપરીઓ અને વસંતદેવી સર્વ અલોપ થઇ ગયાં!



બીજે દિવસે સવાર પડી ને માળી વાડીએ આવ્યો. આવીને જુએ છે તો વાડી મઘમઘી રહી છે. ફુલઝાડ હસી રહ્યાં છે.

માળીનો હરખ માતો નથી. એણે રાજાને કાને વાત પહોંચાડી કે 'હવે વાડીએ જરૂર આવજો; વાડીમાં વસંતદેવીની પધરામણી થઈ ચુકી છે.'

[અંગ્રેજીને આધારે] **જે. છ. ચોધરી**

# મધુકરી



### માજીનું સ્તોત્ર

સ્વર્ગગા સેંથો મા તારો,
માનસસર શિરમણિ રૂપાળો,
ભાલ-ત્રિવલ્લિ વિમલ હિમ-હારો,
જય જય મા મારી!

. . . . . .

સપ્તસિન્ધુ પંજાબ એક કર,
પરશુ અરવલ્લી બીજો કર,
તેગ લટકતી સહ્યાદ્રિ કટિ પર,
જય જય મા મારી!

રામ સૌમ્ય તુજ દગ પલકારો,
બુદ્ધ ઉદધિકિરનો ધબકારો,
ગુરુ ગોવિન્દ પ્રકોપ ફુંફાડો,
જય જય મા મારી!

ભક્તિ-ગાન-ધુનિ માને વ્હાલી,
એ સ્વરગ્રહ વિશે લે તાળી,
અગણિત ગાતા સંત-પ્રણાળી,
જય જય મા મારી!

દિવ્ય ચક્ષુ જ્યારે મા ખોલે,
જ્ઞાન-સમાધિ-પ્રકાશ જ ઢોળે,
વ્યાસ, પતંજલિ, શંકર બોલે,
જય જય મા મારી!

શું શું મા તુજ સ્તવું વખાણી,
યુગ યુગ રાજ રતનની ખાણી—
અશોક, અકબર, વિજયારાણી,
જય જય મા મારી!

બળવંતરાય ક. ઠાકોર

## યતીન્દ્રનાથ મુકરજી

૧૯૧૫-૧૬નો એ જમાનો હતો. મહાન યૂરોપીય યુદ્ધ પુર જોશમાં ચાલી રહ્યું હતું. અંગ્રેજ સરકાર હિંદુસ્તાનમાંથી ફોજ પર ફોજ જર્મન સત્તાને મહાત કરવા યૂરોપ ધકેલી રહી હતી. એ વખતે હિંદમાં કેટલાક માતૃપ્રેમથી પાગલ બનેલા દેશદાઝી યુવાનો વિપ્લવની છુપી તૈયારી કરી રહ્યા હતા. યતીન્દ્રનાથ મુકરજી તેમાંનો એક હતો.

તેનો જન્મ ૧૮૭૮માં નદિયા જીલ્લાના કાયા ગામમાં એક બંગાળી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેની ફક્ત પાંચ વર્ષની ઉમરે જ તેના પિતા મરણ પામવાથી બાલકેળવણીનું કામ તેમની સુશીલ માતાને માથે પડ્યું. માતાનો આદેશ હતો કે 'બેટા! હમેશાં સત્યનિષ્ઠાથી ચાલજે અને નિર્ભય થઇને સંસારમાં વિચરજે.' માતાનો આ આદેશ તેણે જીંદગીના છેલ્લી પળ સુધી પાળી 'પુત્ર' શબ્દને સાર્થક કર્યો.

મોસાળમાં રહીને યતીન્દ્રે મૅટ્રિક પાસ કરી કલકત્તાની સેન્ટ્રલ કૉલેજમાં એક વર્ષ ગાળ્યું. પણ અભ્યાસ તરફ બહુ રૂચિ ન હોવાથી તે પડતો મુકી શૉર્ટ હૅન્ડ શીખી લઈ પહેલાં કલકત્તાની કોઇ વેપારી પેઢીમાં અને તે પછી મુઝફ્ફરપુરમાં એક બૅરિસ્ટરને ત્યાં તે નોકર રહ્યો. થોડા જ વખતમાં તેને બિહારના આગલા ગવર્નર સર હેનરી વ્હીલરની ઑફિસમાં નોકરી મળી.

યતીન્દ્રને કસરતનો અનહદ શોખ હતો. લાઠી ફેરવવામાં તેની સ્ફૂર્તિ અજોડ હતી દોડ, કુસ્તી, પગે ચાલી લાંબી મજલો કરવી વગેરે તેને અતિ પ્રિય હતાં. ચાલતી ટ્રેને ચડવું ઉતરવું તેને મન રમત વાત હતી. ઘોડેસવારીમાં તો તે એક્કો હતો. તેના સુંદરી નામની તેજસ્વી ઘોડી પર તેના સિવાય ભાગ્યે જ કોઈ બેસી શકતું. એના જીવનના અનેક પ્રસંગોમાં એ ઘોડી સદા સાથે જ હતી.

નીડરતા અને સાહસ એ એના પ્રધાન ગુણ બીક તો તેને આ દુનિયામાં કશાની પણ ન હતી. સરકારી નોકરીમાં હતો ત્યારે, ૧૯૦૫માં, તેણે કંઇક કારણસર દાર્જીલિંગ-મેલમાં ચાર અંગ્રેજ સોલ્જરોને ફટકાવેલા. તેના પર મુકદ્દમો ચાલ્યો, પણ પોતાની નામોશી થવાના ભયે પેલા સોલ્જરોએ મુકદ્દમો પાછો ખેંચી લીધો. આ પછી ૧૯૦૬માં પ્રસંગવશાત્ એક ચિત્તાનો ભેટો થઈ જતાં તેણે એકલે હાથે તેને પકડીને છરાથી મારી નાખેલો આ સાહસભરી વીરતાને કારણે તો તેને એક ચંદ્રક પણ મળેલો.

વીર યોદ્ધાને છાજે એવા તમામ ગુણ તેનામાં હતા. આ ઉપરાંત તે ધર્મશીલ, સત્યનિષ્ઠ, દયાળુ તથા પરોપકારી પણ તેટલો જ. ગરીબો પ્રત્યે તેને પુષ્કળ હમદર્દી હતી: ગીતાનો તેને નિત્યપાઠ હતો. ફરજ શી છે તે એકવાર નક્કી કર્યા પછી તે યાહોમ તેમાં ઝંપલાવે, અને પછી ગમે તે આફત આવે. ન તેની એ ગણત્રી રાખે; ન પરવા કરે.

જે વખતે પૂર્વ બંગાળની અનુશીલન સમિતિ અને ચંદ્રનગરનું રાસબિહારીનું દળ, એ બે મંડળો મળીને ભારતમાં વિપ્લવની તૈયારીઓ કરી રહ્યાં હતાં તે જ

અરસામાં બંગાળાના એક બીજા ખુણામાં યતીન્દ્રની સરદારી હેઠળ એક બીજું મંડળ કામ કરી રહ્યું હતું. ઉપરનાં મંડળો જોડે આ મંડળને કાંઇપણુ સંબંધ નહોતો.

અસહકારની હીલચાલ અને ગાંધીજીના યુગ પછી પ્રજામાં જે અનેક શુભ પલટા આવી ગયા તેમાં એક છુપાં મંડળોની નાબુદીનો છે. બૉંબ અને દારૂગોળા સંઘરી વિપ્લવની છાની તૈયારીઓ કરનારાં મંડળોના, અને લૂંટફાટ તથા છાનાં ખુન કરનારી પ્રવૃત્તિના સામે ઉગ્ર વિરોધ દર્શાવી ગાંધીજીએ ખાતરી કરાવી આપી કે એ જાતની છુપી અને હિંસાત્મક હીલચાલ અન્યાયી, ભીરૂ અને રાજકીય પ્રગતિની રોધક છે. પરિણામે આજે તો એ નાબુદ થઇ છે; પણુ ૧૯૧૫-૧૬ની સાલ સુધી તેની હસ્તી હિંદુસ્તાનમાં હતી. યતીન્દ્ર મુકરજી એ પ્રવૃત્તિમાં એક ટોળીનો મોવડી હતો સરકારી દફતરો પર પણુ એની નોંધ છે. સિડીશસ કમિટીના રીપોર્ટમાં એને વિષે નીચે મુજબ વર્ણન છે:

'. . . કલકત્તામાં રાજકીય 'ડૅકોઇટી' (ધાડો) બંધ થઇ ગઇ હતી; પણુ ૧૯૧૪માં યતીન્દ્રનાથ મુકરજીએ નવી ઉત્તેજના પાઈ અને ડૅકૉઇટીનું જોર વધી ગયું. આ પછી મોટરની ધાડો શરૂ થઇ. પહેલી ધાડ ૧૯૧૪ના ફેબ્રુઆરીની ૨૨મીએ ગાર્ડન રીચમાં પડી. આ દળના નેતા યતીન્દ્ર મુકરજી અને વિપીન ગાંગુલી હતા. બર્ડ કંપનીનો જમાદાર ચાર્ટર્ડ બૅંકમાંથી વીસ હજાર રૂપિયા લઇ ગાર્ડન રીચ જતો હતો. એ જમાદારને આ ટોળીએ લુંટી લીધો અને ક્રાન્તિવાદીઓના ખજાનામાં એ રૂપિયા જમા કર્યા. બીજી ધાડ બેલિયા-ઘટ્ટામાં પડી. કોઇ વેપારીનો જમાદાર વીસ હજાર રૂપિયાની રકમ સાથે પસાર થતો હતો. તેને પણુ આ ટોળીએ લુંટી લીધો. . . .

'આ બનાવ પછી બે જ દિવસ બાદ પથરિયા ઘટ્ટામાં નીરોદ હલદારનું ખુન થયું. કારણુ એમ જાણુવામાં આવ્યું કે યતીન્દ્ર પોતાના સાથીઓ જોડે એક ઓરડામાં બેઠો હતો, ત્યાં ઓચિંતો એકાએક નીરોદ આવીને તેને ઓળખી લીધો. તરત તેને ઠાર કરવામાં આવ્યો. નીરોદે મરતી વખતની જુબાનીમાં યતીન્દ્રને પોતાના ખુનનો અપરાધી ઠરાવ્યો. યતીન્દ્ર અને તેના સાથીઓ ત્યાંથી પલાયન થઇ ગયા.'

પોલીસે તેનો બરોબર પીછો પકડયો. પરિસ્થિતિ ભયાનક થતી જતી જોઇને સાથીઓ ગભરાયા અને યતીન્દ્રને વિદેશ નાસી જવા આગ્રહ કરવા લાગ્યા. પણુ બહાદુર યતીન્દ્ર પોતાના સાથીઓને છોડી એમ બીકણુની પેઠે નાસી જાય? એ ભાવુક વીરે કરુણાભરિત ગદ્ગદ્ સ્વરે કહ્યું, 'ભાઇઓ, આપણે એકબીજાના જીવન-મરણુના સાથીઓ છીએ. મોતમાં એકબીજાને સાથ દેવાની પ્રતિજ્ઞા લઇને જ ઘરની બહાર નીકળ્યા છીએ. તમને છોડીને હું વિદેશ જવાનો જ નથી. ત્યાં જઇ સુખચેનમાં દિવસ ગાળવા કરતાં તમારી સાથે ભુખતરસથી તરફડીતરફડીને મરવામાં મને વિશેષ આનંદ લાગે છે.'

આવે સમયે કલકત્તામાં રહેવું તો ભયભરેલું હતું, એટલે તેણે બાલાસોર પાસે નવું કેન્દ્ર સ્થાપ્યું અને ચાર સાથીઓ જોડે ત્યાં રહ્યાંરહ્યાં વિપ્લવનું કાર્ય ચાલુ રાખ્યું.

પણુ આ તરફ કલકત્તામાં ધરપકડ શરૂ થઈ અને તેના નવા સ્થાનનો પત્તો પોલીસને લાગી ગયો. યતીન્દ્રને આ વાતની જાણુ થઈ ત્યારે તેના બે મિત્રો બાર માઇલ દૂર જંગલમાં હતા. જો તેણે ધાર્યું હોત તો પોતે એકલો નાસી જઇ પોતાના પ્રાણુ બચાવી શકત. પણુ અસાધ્ય સાધન એ જ તેના જીવનનું વ્રત હતું. તરત જ પોતાના બે સાથીઓને લઇ તે પેલા બંને મિત્રોને લેવા ચાલી નીકળ્યો.

આ લોકો જંગલમાં છુપાએલા છે તેની ખબર પોલીસે આસપાસના ગામડાઓમાં ફેલાવી દીધેલી. માર્ગમાં ઠેકાણે ઠેકાણે ચોકીપહેરા બેસી ગયા હતા. ગામડાંના બધા લોકોને પણુ પોલીસે પોતાની મદદમાં લીધા હતા.

યતીન્દ્રને પોતાના મિત્રો પાસે પહોંચતાંપહોંચતાંમાં તો આખો દિવસ લાગી ગયો. મિત્રોને લઇ ફરી તેણે તાબડતોબ બાલાસોર તરફ ચાલવા માંડયું.

બરોબર મધ્યાહ્ન થયા હતા. સતત બે દિવસ અને રાત સુધી નાસનાસ જ કર્યું હતું. અન્નનો દાણો સરખો મોંમાં પડયો ન હતો. વધારામાં ઉનાળાનો સખત તાપ માથું ફેરવી નાખે તેવો પડતો હતો. એવામાં એક નદીને કિનારે એક માછી મળ્યો. તેને તેઓએ થોડા ભાત આપવાનું કહ્યું. પણુ આ લોકો બ્રાહ્મણુ છે એમ પરખાને, એ હિંદુ ધર્મના ભક્ત માછી પોતાના હાથના ભાત બ્રાહ્મણુને ખવડાવીને ઘોર પાપમાં પડવાને તૈયાર ન થયો! તેને હિંદુધર્મ આગળ બ્રાહ્મણુના પ્રાણુની કીંમત નહોતી!

અંતે બાલાસોર પહોંચતાં પહોંચતાંમાં તેઓ એક જંગલમાં સાંજને વખતે ઘેરાઇ ગયા. હુમલાનો પુરતો સરંજામ સાથે લઇને જીલ્લા મૅજિસ્ટ્રેટ તથા પોલીસ સુપરીન્ટેન્ડેન્ટે જંગલને ઘેરી લીધું અને બંને બાજુથી સર્ચલાઈટનો પ્રકાશ નાખતા નાખતા તેમની પુંઠે પડયા. આ છુપા-પકડીમાં આખી રાત વીતી ગઇ અને સવાર પડયું. બચવાનો હવે કોઇ પણુ આરો રહ્યો નહોતો, એટલે સામે મોંએ લડતાંલડતાં મરવાનો તેઓએ નિશ્ચય કર્યો. એક તરફ અસંખ્ય સશસ્ત્ર પોલીસ તથા ગામ લોકો; બીજી તરફ ભુખ, તરસ, ઉંઘ અને થાકથી અધમુઆ જેવા થઈ ગએલા ફક્ત પાંચ ક્રાન્તિકારો!

ચારે તરફથી ગોળીબાર શરૂ થયો. આકાશ ધુમાડાથી છવાઇ ગયું પાંચે જણુ અજબ શક્તિથી પોતાનો બચાવ કરી રહ્યા હતા. પણુ એ કયાં સુધી ટકી શકે? એક ગોળીએ ચિત્તપ્રિય રાયચૌધરીના પ્રાણુ લીધા; બીજા ચારે જણુ ઘવાઇને પડયા. યતીન્દ્ર તો મરણુતોલ ઘાયલ થયો હતો. ગોળીઓ ખલાસ થઈ જવા આવી હતી. જીવવાની કંઇ જ આશા રહી નહિ.

યતીન્દ્ર બેભાન થઇને જમીન પર ઢળી પડયો. તરસથી

તેનું ગળું સુકાવા લાગ્યું. લોહીથી તરબોળ બાળક મનોરંજન યતીન્દ્રની પાસે જ પડ્યો હતો. યતીન્દ્રનો 'પાણી, પાણી' એવો ક્ષીણ સ્વર સાંભળતાં જ તે પાસેના તળાવમાં પોતાની ચાદર પલાળવાને લથડતો લથડતો ચાલ્યો. આ દૃશ્ય જોઈ પોલીસ અમલદારની આંખમાં પણ પાણી આવી ગયાં. તેણે મનોરંજનને બેસી જવા કહ્યું અને જાતે હેટમાં પાણી લાવી યતીન્દ્રના મુખમાં રેડવા લાગ્યો.

ત્યાંથી તેઓને કટકની ઇસ્પિતાલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ૧૯૧૫ની ૯મી સપ્ટેમ્બરે, રણચંડીના પરમ ઉપાસક એ વીર યતીન્દ્રે માતા ભારતીને સ્વતંત્ર કરવા જતાં પોતાનો અમુલો પ્રાણ છોડ્યો.

આ વખતે પોલીસ કમિશનર મિ. ટેગાર્ટે કહ્યું હતું, 'જોકે હું મારા કર્તવ્યપાલનથી બંધાએલો હતો; પણ તેની વીરતા ઉપર હું મુગ્ધ હતો. મારી જાણમાં તો એ પહેલો જ બંગાળી નવયુવક હતો કે જેણે સશસ્ત્ર સૈનિકો સામે આવી વીરતા તથા સાહસથી મુકાબલો કર્યો અને સામે મોંએ લડતાં ગર્યો.' (હિન્દી 'યુવક' વગેરે ઉપરથી)

## સંગીત વિષે વિવિધ જ્ઞાન

આપણું સંગીત ઉચ્ચમાં ઉંચી કક્ષાએ પહોંચ્યું હતું એ વિષે બે મત નથી. અત્યારે તેના પુનરુત્થાન માટે ઠેરઠેર અનેક પ્રયત્નો થઇ રહ્યા છે તે કાળે લોકોની એને વિષે જાણવાની આતુરતા પણ પ્રગટી છે. પરંતુ સંગીત વિષેનું ચોક્કસ પ્રમાણભૂત ઐતિહાસિક હકીકતોવાળું જ્ઞાન મળવું દુર્લભ છે.

સંગીત વિષે, તેની ઉત્પત્તિ અને વિકાસ માટે, તેના પ્રભાવ અને શક્તિ માટે અત્યારે તો મુખ્ય આધાર જુની આખ્યાયિકાઓનો જ રહ્યો છે. એવી આખ્યાયિકાઓમાંથી નીચેની હકીકતો મળે છે:

કહેવાય છે કે આપણા સંગીતના આદ્ય સૃષ્ટા ભગવાન શંકર. એમણે પ્રથમ પાંચ રાગ પ્રગટાવ્યા: ભૈરવ, શ્રી, હિંડોલ, મેઘ અને દીપક. એ જોઈ પાર્વતીજીને પણ મન થયું અને તેમણે છઠ્ઠો માલકોષ પ્રગટાવ્યો. તે પછી તે રાગોનો પરિવાર બહુ લાંબો થયો. દરેક રાગ છ છ સ્ત્રીઓ પરણ્યો અને દરેકને પાછા છ છ પુત્ર ઉત્પન્ન થયા એવી આખ્યાયિકાઓ છે.

સંગીતના જે મુખ્ય સાત સ્વર છે તે દરેક એકેક પ્રાણીના ધ્વનિને મળતા આવે છે એવી પણ એક હકીકત મળી આવે છે. તે આ પ્રમાણે: સા=મોર; રે=બપૈયો; ગ=બકરો; મ=ક્રૌંચ; પ=કોયલ; ધ=ઘોડો; ની=હાથી. આપણે ઘણે ઠેકાણે વાંચીએ છીએ કે 'પંચમ સ્વરે આલાપતી કોકિલા' તેનો અર્થ હવે સમજાશે. વળી એ સાતે સ્વરનો એકેક ઇષ્ટદેવ (રક્ષક) પણ કલ્પવામાં આવેલો: સા–અગ્નિ; રે–બ્રહ્મા; ગ–સરસ્વતી; મ–શંકર; પ–લક્ષ્મી; ધ–ગણેશ; ની–સૂર્ય.

કયો સ્વર ક્યાંથી નીકળે છે તેનાં સ્થાનો પણ બારીક અવલોકનથી નક્કી કર્યાં છે: સા–ઉદર–નાભિમાંથી, રે–હૃદય, ગ–છાતી, મ–કંઠ, પ–મુખ, ધ–તાળવું, ન–નાસિકા.

દરેક રાગનો કંઇ ને કંઈ પ્રભાવ મનાયો છે એ તો જાણીતી વાત છે. દીપક અને મેઘ રાગની શક્તિઓ વિખ્યાત છે. ઉપરાંત કેટલાક રાગો અમુક પ્રાણીઓને અતિશય પ્રિય હોય છે. આશાવરી રાગથી સાપ અને મોર ખુબ આકર્ષાય છે, ટોડી રાગ હરણાંને અતિ પ્રિય હોય છે, કાન્હરો હાથીને મુગ્ધ કરે છે. માનવ ચિત્ત ઉપર રાગની કેવી રીતે અસરો થાય છે તેને વિષે પણ હમણાં જ એક ભાષણમાં કાકાસાહેબ કાલેલકરે સુંદર સ્પષ્ટીકરણ કર્યું છે:

ઝીંઝોટી રાગથી નિરાશા જતી રહી ઉત્સાહ આવે છે. તેનાથી જુદી અને ઉંડી અસર ભૈરવીથી થાય છે. ચટ્ટોપાધ્યાય કહેતા કે રાગ તો ભૈરવી. તેમાં વિષાદ છે. પણ એ વિષાદ મધુર લાગે છે. ચંચળ મનને સ્થિર કરવાની ભૈરવીમાં શક્તિ છે. વિષાદને ધોઇ કાઢવા માટે માલકોષ રાગ અસરકારક છે. આ રાગમાં ઉંડાણ ખુબ છે. આ જ માલકોષ ઉંચે સ્વરેથી ગવાય તો વીરરસ થાય અને ધીમે સ્વરે ગવાય તો શાંતરસ જામે. દેશ રાગની અસર તો મહીનાઓ સુધી રહે છે. એ રાગમાં આતુરતા છે; અને એ આતુરતા વધતાં વ્યાકુળતા થાય છે તે આશાવરીમાં જણાશે. જોગી રાગમાં કારુણ્યની પરિસીમા છે. સવારે પ્રફુલ્લતા અને ઉત્સાહ આપે એ તો બિભાસ રાગ. પૂર્વિ રાગથી પરિશ્રમ પછી વિરામ મળે છે. અને છેલ્લે ઉદાત્ત જીવનની પરિસીમા તો સારંગ રાગમાં જ મળે.

દરેક રાગને ગાવાના સમયો પણ નિયત થએલા છે. પ્રાતઃકાળના ૪ થી ૯ વાગ્યા સુધી પ્રભાત, બિભાસ, લલિત, ભૈરવ, ભૈરવી, બિલાવલ, આશાવરી અને તોડી રાગ ગવાય. બપોરના ૯ થી ૩ વાગ્યા સુધી સારંગ, ગૌડ સારંગ, ગૌડ મલ્હાર અને ગૌડ. સાંજે ૩ થી ૭ વાગ્યા સુધી મલ્હાર, મુલતાની, પીલુ, ભીમપલાસી, ધનાશ્રી, પૂર્વી, પૂરિયા, શ્રી અને ગારી, રાતના ૭ થી ૧૨ સુધી કલ્યાણી, બિહાગ, ભૂપાલી, હમીર, કેદાર, દેશ, કામોદ, દરબારી કાનડો, તિલંગ, માલકોષ, જયજયવંતી, કાફી, શંકરાભરણ, બડહંસ, તિલક–કામોદ અને ગરવા. પાછલી રાતને વખતે બહાર, વાગેશ્રી, પરજ, સોહિણી, કાલીંગડો, વસંત તથા હિંડોલ, એટલા રાગ ગવાય. આ સિવાય ખમાજ, કાફી, ઝીંઝોટી, ગારો, માંઝ, પહાડી, આશા, માઢ, માંડ, આશા–માંડ, છાયા–ખમાજ, સિંધોરા, સિંધ–કાફી તથા વૃંદ એ રાગો એવા છે કે જે સમે તે સમયે ગાઇ શકાય છે.

ઉપર જણાવેલા ભિન્ન ભિન્ન રાગોના ભિન્ન ભિન્ન સમય ગાનશાસ્ત્રને અનુસરીને રસાનુકુળ તથા ભાવાનુકુળ છે, એટલે બધા રાગ યોગ્ય સમયે જ ગાવા જોઇએ. ક–વખતે રાગ ગાવાથી તે બેઢંગો અને નીરસ બને છે; ઉપરાંત એમાં સંગીતકળાનું અપમાન છે. (વિદ્યાર્થી)

## સંગીત સાર

સંગીત ત્રણ ભાગમાં વહેંચાએલું છે: ગીત, વાદન અને નર્તન. પહેલી જરૂર સંગીતમાં પ્રિય નાદની છે. એવા નાદ હુંચાનીચા કરી તેને જુદાંજુદાં નામ આપી તે જગપ્રસિદ્ધ કર્યાં છે. આપણે તેને સા-રી-ગ-મ-પ-ધ-ની એ અક્ષરોથી ઓળખીએ છીએ. એ જ નાદો અંગ્રેજીમાં સા (c) રી (d), ગ (e), મ (f), પ (g), ધ (a), ની (b) થી ઓળખાય છે.

મનુષ્યનો કંઠ વધુ સપ્તકમાં ચાલી શકતો નથી, પરંતુ ત્રણ સપ્તકમાં કંઠ નીકળી શકે છે. પ્રથમ સપ્તકને મંદ્ર (ખરજ) સપ્તક, બીજાને મધ્ય સપ્તક, અને ત્રીજાને તાર (ટીપ) સપ્તકથી ઓળખે છે.

સંગીતના સાત સ્વરોમાં સા અને પ એ બે સ્વર સ્થાયી—અચળ, અડગ છે ને તે સ્તંભ રૂપ છે. જ્યારે બાકીના પાંચ સ્વર ચલિત છે, એટલે કે તેના મુળ સૂર ઉપરાત તે વધુ ઓછા પણ આપી શકે છે. તેથી તેને વિકૃત કહેવામાં આવે છે. રી-ગ-ધ-ની પોતાના શુદ્ધ નાદથી ઓછો નાદ આપી શકે છે, તેથી તે સ્વરોને કોમળ કહેવામાં આવે છે. યૂરોપ વગેરે દેશો શુદ્ધને Sharp અને કોમળને Flatના નામથી ઓળખે છે. હવે બાકી રહ્યો એક સ્વર મ એ બીજા ચાર સ્વરોની પેઠે કમી નાદ આપી કોમળ થતો નથી, પરંતુ જરા ઉંચો સ્વર થઇ તીવ્ર થાય છે. તેથી તેને તીવ્ર કહે છે. આ પ્રમાણે સાત શુદ્ધ અને પાંચ વિકૃત મળી કુલ બાર સ્વરો થયા. આ બાર સ્વરોની જુદીજુદી રચના કરતાં બત્રીસ તરેહની સ્વરરચના થઈ શકે છે જેને થાટ કહેવામાં આવે છે. આ બત્રીસ થાટ પૈકી કેટલાકમાં નિયમોનો ભંગ થતો હોવાથી માત્ર બાર થાટ જ શક્ય છે.

આ દરેક થાટમાં એક પ્રસિદ્ધ રાગ હોય છે, અને એ રાગના નામ ઉપરથી તે તે થાટનું નામ આપવામાં આવ્યું હોય છે: (૧) શંકરાભરણ (બીલાવલ) થાટ (૨) કલ્યાણ થાટ. (૩) ખમાજ થાટ (૪) મારવા (૫) ભૈરવ (૬) પીલુ (૭) પલાસી (કાફી) (૮) પૂર્વી (૯) જોગિયા (૧૦) કાનરા (આશાવરીનો એક પ્રકાર) (૧૧) તોડી અને (૧૨) ભૈરવી. આ બાર થાટમાંથી પછી અસંખ્ય રાગરાગિણી ઉપસ્થિત થઈ શકે છે. તે માત્ર જાતિ અને સ્વરોના હેરફેર રચનાથી થાય છે.

મુખ્ય જાતિ ત્રણ પ્રકારની છે: (૧) સંપૂર્ણ એટલે સાતે સ્વર ચઢતા. એ ચઢાવને આરોહ કહે છે. જેમાં સાતે સ્વર ઉતરતા આવે તેને (૨) અવરોહ કહે છે. આ પ્રમાણે આરોહ અને અવરોહમાં કોઇ વાર એક સ્વર કમ થાય છે તેને વર્જ અથવા વર્જિત કહે છે, અને એ વર્જ જતાં બાકી રહેલા છ સ્વરોને (૩) ષાડવ જાતિ કહેવામાં આવે છે.

જો બે સ્વર વર્જિત થાય તો બાકીના સૂરોને ઓડવ જાતિ કહેવામાં આવે છે. આરોહ સંપૂર્ણ હોય અને અવરોહમાં એક સ્વર કમ હોય તેને મિશ્ર જાતિ કહે છે. આરોહ ષાડવ અને અવરોહ સંપૂર્ણ પણ હોઇ શકે છે. તેજ પ્રમાણે આરોહ સંપૂર્ણ અને અવરોહ ઓડવ પણ હોય છે. વળી કેટલીક વક્ર જાતિઓ પણ થાય છે; એટલે કે આરોહે કે અવરોહે સ્વર અનુક્રમે ન આવતાં ઉલટપાલટ થઇને આવે છે. જેમકે સા-ગ-રી-મ-ગ-પ. આ પ્રમાણે વિવિધ પ્રકારની જાતિઓ થવાથી અસંખ્ય રાગરાગિણીઓની ઉત્પત્તિ થાય છે.

**વાદન** એ સંગીતની બીજી કળા છે. વાદન એટલે કોઇ પણ રીતે યાંત્રિક રચના કરી કર્ણને મધુર લાગે એવા શુદ્ધ અને વિકૃત સ્વરો ઉત્પન્ન કરવા તે. વાદ્યો સાડા ત્રણ પ્રકારનાં છે. પહેલો પ્રકાર તંતુ વાદ્યનો: જેમાં સિતાર, વીણા, તંબુર આદિ ગણાય છે. તંતુ વાદ્યને પ્રથમ પ્રસિદ્ધિમાં લાવનાર દેવી સરસ્વતી, નારદ અને તુંબુરૂ વગેરે ગનાય છે.

બીજા પ્રકારનું વાદ્ય સુષિર, એટલે હવાથી નાદ ઉત્પન્ન કરનારૂં વાજીંત્ર. આ વાદ્યમાં મુખ્ય પ્રથમ વાંસળીની રચના થએલી, જેને શ્રી કૃષ્ણે પ્રસિદ્ધિમાં આણી.

ત્રીજા પ્રકારનું વાદ્ય તે આનદ્ધ, એટલે કે પોલી વસ્તુને સ્પર્શ કરવાથી નાદ ઉપજાવે એવું વાજીંત્ર. ડમરૂ, ઢોલક, તબલાં વગેરે આ વર્ગમાં આવે. શ્રી શંકરે તાંડવ નૃત્ય વખતે ડમરૂ વગાડી ત્રિલોકને મોહિત કર્યાં.

ચોથું અરધું વાદ્ય તે કરતાલ. એ માત્ર તાલ જ આપી શકે છે. બ્રહ્માજીએ કરતાલ ધારણ કરેલી છે.

વાદન કળા અતિ મુશ્કેલ છતાં ઘણી આકર્ષક છે અને એવાં વાદ્યો પૈકી વીણા (બીન), સારંગી, મૃદંગ, બંસી વગેરે ઘણાં છે. તે બધાં મનને એકાગ્ર કરનારાં છે. ઉપરનાં મુખ્ય ચાર પ્રકારનાં વાદ્યોમાંથી પછી અનેક વાજીંત્રોની ઉત્પત્તિ થઈ છે.

**નૃત્ય** બે પ્રકારનાં છે: તાંડવ અને લાસ્ય. સંગીતને પરિપૂર્ણ કરવાને નૃત્યની ખાસ જરૂર ગણાય છે. તાંડવ નૃત્યના મુળ વિધાયક ભગવાન શંકર છે. આજના જમાનામાં દક્ષિણ હિંદ તરફ એટલે તાંજોર આદિ પ્રદેશમાં તાંડવ નૃત્યને મળતા નાચ થાય છે. એની ખુબી એ છે કે નૃત્ય કરનાર દરેક પ્રકારના કઠિન તાલ પગ વડે ઉપજાવે છે. કેટલાક કુશળ નૃત્યકારો તો એવા હોય છે કે પગમાં મોટા તોડા પહેરીને પણ મૃદંગના બોલ પ્રમાણે ઠેકા આપે છે, એટલું જ નહિ પણ નાચતાં નાચતાં જે જાતના ગજતોડા મૃદંગમાં વગાડાતા હોય તે જાતની આકૃતિ પગ વડે ચીતરતા પણ જાય છે !

લાસ્ય નૃત્ય હાલના જમાનામાં ખાસ કરીને મધ્ય હિંદુસ્તાનમાં અને ઉત્તર તરફ વધારે પ્રચલિત છે. એમાં નર્તનની સાથે શરીરના અવયવો સંગીતના ભાવ સાથે અર્થસૂચક રીતે પ્રદર્શિત કરવામાં આવે છે તેમ જ તાલ આપવામાં આવે છે. આ જાતના નૃત્યમાં કથક નામના લોકો વિશેષ પ્રવીણ હોય છે. તેઓ પણ તાંડવ નૃત્યની પેઠે પગેથી આકૃતિઓ કાઢી આપે છે. (ગાંડીવ) —મહારાણા પ્રભાતદેવજી

## જગતનું સર્વોચ્ચ શિખર

હિમગિરિનું સર્વોચ્ચ શિખર ગૌરશંકર દુનિયામાં સૌથી વધુ ઉંચું હોવાનું માન પામેલું છે. તે દાર્જલિંગથી ૯૦ માઇલ દૂર તિબેટની સરહદમાં આવેલું છે.

અંગ્રેજો તેને 'માઉન્ટ એવરેસ્ટ' કહે છે. હિંદુસ્તાનનું માપકરણ કરનાર અમલદાર કર્નલ સર જ્યૉર્જ એવરેસ્ટનું નામ રાખવા અંગ્રેજોએ તેને એવરેસ્ટ નામ આપ્યું છે. પણ એવરેસ્ટ કાંઇ તેનો શોધક નહોતો. એ તો આ શિખર શોધાયું તેની અગાઉ હિંદુસ્તાનનો સર્વેયર જનરલ હતો અને ત્રિકોણુમિતિથી માપ લેવાનું ખાતું તેણે કાઢયું હતું. આ શિખર તો છેક ઇ. સ. ૧૮૫૨માં તેની પછીના અમલદાર સર ઍન્ડ્રયુ વાઘના વખતમાં એક બંગાળીએ શોધી કાઢેલું. તેનું નામ બાબુ રાધાનાથ સીકદાર. તે કલકત્તાના રહીશ હતા અને એ સમયના જાણીતા ગણિતવેત્તા હતા. હિંદના ઇશાનકોણનું માપકરણ તેને હાથ હતું. એક વખત દૂરની ટેકરીઓનાં માપ લેતાં તેની નજરે આ શિખર પડયું અને તેણે પોતાના અમલદાર સર વાઘને આ હકીકત જણાવી. વાઘે તેનું નામ એવરેસ્ટ પાડયું, ને દુનિયામાં અંગ્રેજનું નામ અમર થયું!

પરંતુ આ તો એ શિખરની આધુનિક યુગની પ્રસિદ્ધિની વાત થઇ. બાકી આમ તો એ હિંદુઓને છેક પ્રાચીનકાળથી જાણીતું છે. તેમણે એને ગૌરશંકર (ગૌરીશંકર નહિ) એવું નામ આપેલું જ હતું. એનું તિબેટી નામ 'જો-મો-કંકર' પણ એવો જ ધ્વનિ આપે છે. એની ઉંચાઇ ૨૯૧૪૧ ફુટ છે.

૨૪૦૦૦ ફુટથી વધુ ઉંચાઈવાળાં ૭૫ શિખરો હિમાલયની ગિરિમાળામાં સોહે છે. તેમાંનાં ૩૨ તો નેપાળની હદમાં જ છે અને નરી આંખે દેખી શકાય છે.

જગતનાં સર્વ પ્રસિદ્ધ શિખરોની ઉંચાઈ નીચેના ક્રમે છે:

| | | |
|---|---|---|
| ગૌરશંકર અથવા એવરેસ્ટ | ૨૯૧૪૧ | હિંદુસ્તાન |
| એકોનકાગુઆ | ૨૨૮૦૦ | દક્ષિણ અમેરિકા |
| કાલીમાની | ૨૨૦૦૦ | ,, |
| શિમ્બારાઝો | ૨૦૫૦૦ | ,, |
| માઉન્ટ મૅકકિન્લે | ૨૦૪૬૪ | ઉત્તર અમેરિકા |
| મોયોકેટીવિટલ | ૧૭૭૮૨ | બ્રાઝિલ |
| માઉન્ટ રોઝા | ૧૭૦૨૭ | યૂરોપ |
| માઉન્ટ બ્લાન્ક | ૧૫૭૬૦ | યૂરોપ |
| માઉન્ટ ફ્યુજીસાન | ૧૨૩૯૫ | જાપાન |
| માઉન્ટ કુક | ૧૨૩૪૯ | ન્યૂ ઝીલાન્ડ |
| બેન-નેવિસ | ૧૨૩૪૯ | બ્રિટિશ ટાપુઓ |

## જર્મનીમાં શિયાળો

હમણાં તો આહીં શિયાળો ચાલે છે. લગભગ એક માસ સુધી ઠીક ઠંડી રહી. અને ઠંડી તો હજુ યે સારીરીતે છે, પણ હવે થરમોમીટર + ડિગ્રી બતાવે છે; જ્યારે પહેલાં —ડિગ્રી બતાવતું. પરંતુ શિયાળામાં પણ આ લોકો બારે મઝાનું જીવન ગાળે છે. બેસતે શિયાળે બરફ હજુ દેખા ન દીધી હોય પણ ઠંડીનું સામ્રાજ્ય શરૂ થઈ ગયું હોય. વૃક્ષો એમનું પત્રસૌંદર્ય છોડીને ઠુંઠાં સમાં બની ગયાં હોય અને જ્યાં જુઓ ત્યાં નિર્જીવતા જ નજરે પડતી હોય. પરંતુ એ નિર્જીવતા જાણે શહેરના શારીરિક અને માનસિક જીવનને સતેજ કરવા માટે આવની ન હોય એમ ઘડીભર તો માનવાનું મન થઇ જાય. શિયાળો બેસતાં જ ભાષણોની જે હારમાળાઓની જાહેરાતો બહાર પડે છે એ નવો આવનાર વાંચે તો એને તો આ લોકોના ધાર્મિક, વૈજ્ઞાનિક, સાહિત્ય ને કલાવિષયક,—એમ અનેક વિવિધ પ્રકારના વિકાસની ઉત્કંઠા માટે ઉંચું માન ઉત્પન્ન થયા વિના ન રહે. ભાષણોમાં તો ફી ભરીને પણ સંખ્યાબંધ માણસો હાજરી આપવાનું ન ચુકે. કાલ્સરૂહ જેવા અમદાવાદથી પણ નાના શહેરમાં કોઇકોઈ સાંજે તો એક સાથે ત્રણચાર જગ્યાએ ભાષણો ચાલતાં હોય. અહીં જર્મનીનાં શહેરોમાં યૂનિવર્સિટી અથવા ટેકનિકલ કૉલેજ એ તો અક્ષરશઃ વિદ્યામંદિરો હોય છે. આ સંસ્થાઓમાં તો ભાષણો ચાલ્યા જ કરતાં હોય. ટુંકમાં શિયાળો એ એમની માનસિક અને આધ્યાત્મિક પ્રગતિના દહાડા.

પછી તો ઠંડીનું જોર વધવા માંડે અને બરફ શહેરોની અનેકવિધ મલિનતા ઉપર નિષ્કલંક શ્વેત પછેડી ઓઢાડી દે. આ દિવસો ખાસ તો ખેલાડીઓના! આનો અર્થ એમ નહિ કે ગણ્યાગાંઠયા રમતરસિયાઓ જ બરફની રમતોનો લહાવો લેવા નીકળે. જ્યારે-૧૦ ડિગ્રી સેન્ટીગ્રેડ કે એથી યે વધારે ઠંડી હોય ત્યારે 'શીઇંગ' કરવા (બરફમાં લપસવા) જતા લોકોથી ભરપુર ટ્રેનો અને ગાડીઓ 'બ્લૅક ફૉરેસ્ટ'ની દિશામાં દોડતી જોનારને તો એમ જ થાય કે જર્મની એટલે ધવલ બરફદેવનું આરાધક ભક્ત. નાનકડાં સરોવરો ને તળાવોનાં પાણી જામીને બરફ બની ગયાં હોય એટલે 'સ્કેટિંગ' કરનારાઓનાં જૂથનાં જૂથ ત્યાં જામે. શહેરોમાં જ્યાં સરોવરો ન હોય ત્યાં મેદાનોમાં ખાસ પાણી છાંટી બરફના થર જમાવે ને એના પર 'સ્કેટિંગ' કરે. ટાઢને ભુલાવી દઇ, શ્વાસોચ્છાસને લાંબા બનાવીને એ પ્રાણવાયુથી છલકાતા વાતાવરણનો ઉપભોગ કરવાની તક આપનારી આ રમતો, આપણે ત્યાંની શિયાળામાં પૌષ્ટિક પદાર્થોના પાક ખાવાની રીત કરતાં વધારે સ્વાસ્થ્યપ્રદ છે એ વિષે કોને શંકા થશે?

હજુ તો આ રમતો ચાલતી હોય એ અરસામાં જ 'કાર્નિવાલ' શરૂ થાય. નૃત્યના રસિયાઓ સાંજના આઠ વાગ્યાથી તે છેક પરોઢના ત્રણ સુધી (ઘણી વાર તો સવારો સવાર સુધી) એ નૃત્યાલયોમાં માણે! બીડી ફુંકનારાઓએ ધુમાડાના ગોટેગોટા વડે નૃત્યાલયને ભરી દીધું હોય, દારૂની

( અનુસંધાન પાગળ પાન ૧૦૭મે )

પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ સત્યને પ્રથમ શોધી કાઢનાર ગૅલીલિયોને તેના વિરોધીઓએ બાંધીને ચિતા ઉપર મુક્યો કે જેથી તે પોતાની માન્યતા છોડી દે. ઘડીભર તો પોપ તથા તેના ચતુર્વેદી પંડિતોની વિકટ દલીલોથી ગૅલીલિયોની બુદ્ધિ ભ્રમિત થઇ ગઈ; પણ જ્યારે ચિતા સળગાવવામાં આવી ત્યારે તેણે દઢતાથી ઉંચે સાદે કહ્યું, 'તમારી દલીલો ભલે ઠીક હોય, પણ પૃથ્વી તો ફરે જ છે.' આનું નામ તે શ્રદ્ધા.

એક ગૃહસ્થ પાસે બહુ નામચીન ઘોડો હતો. પણ તેની કીમત તેણે માત્ર નીચેના હિસાબે જ રાખી હતીઃ ઘોડાના ચારે પગે નાળ હતા ને દરેક નાળમાં છ છ ખીલા હતા. તે ખીલા ઉપર કીમત ઠરાવી હતી. પહેલા ખીલાનો એક ફાર્ધિંગ, બીજાના બે, ત્રીજાના ચાર . . . . એમ બમણા થતાંથતાં ચોવીસે ખીલાના ફાર્ધિંગનો સરવાળો તે ઘોડાની કીમત! તમે શું ધારો છો? કેટલી કીમત હશે? ૧૭૪૭૬ પાઉન્ડ, ૭ શિ. ૪¾ પેન્સ! ગણી જોજો.



બૉયસ્કાઉટના મુદ્રાચિહ્નમાંથી જીવતો સ્કાઉટ બની ગયો!



ઓછામાં ઓછાં સાધનોથી સુખી ને ખુશનુમા જીવન જીવતો આપણો ભરવાડ એક રીતે ખરો સ્કાઉટ છે.

વીએના યૂનિવર્સિટીના એક પ્રોફેસરે વિવિધ ધંધાથી જીંદગી ઉપર થતી અસર શોધીને નક્કી કર્યું છે કે ખેતી અને બુદ્ધિનું કામ કરનારા સૌથી વધારે જીવે છે; તત્ત્વજ્ઞાનીઓ, ગણિતશાસ્ત્રીઓ, વક્તાઓ ને કળાકારો તેથી ઓછું જીવે છે; ને તે પછી રાજદ્વારીઓનો વારો આવે છે. ડાકટરો સામાન્યરીતે બહુ નાની ઉમરમાં મરી જાય છે. કારીગરોમાં સુતાર સૌથી વધુ જીવે છે. તે પછી ક્રમે રસોયા, દરજી ને મોચી આવે છે. જગતમાં સૌથી ઓછું જીવન દારૂ બનાવવાનાં કારખાનાંના મજુરોનું હોય છે.



ગયે મહીને આપેલા કાગળના ટુકડા ગોઠવવાથી બનેલી ચકલી.

પારદર્શક કાચની બરણીમાં સળગેલી મીણબત્તી મુકી બરણી બંધ કરો. થોડી વારે મીણબત્તી ઠરી જાય એટલે તેને બહાર કાઢી, બરણીમાં નીતર્યું ચુનાનું પાણી રેડોઃ તરત દુધ જેવું બની જશે. મીણબત્તી સળગવાથી નીકળેલો કાર્બન બરણીમાંના ઑક્સિજન સાથે ભળવાથી કાર્બોનિક ઍસિડ ગૅસ થયો; એ ગૅસમાં ચુનાનું પાણી ભળવાથી ચાક ઉત્પન્ન થાય છે. થોડી વાર પછી જોશો તો બરણીને તળિયે ચાક ઠરી બેઠો હશે.

મિત્રોની અવલોકનશક્તિ કસવા માટે આ સરસ નાનકડો ટૂચકો છે. મિત્રો જોડે શરત કરવી કે હું કરૂં તે પ્રમાણે તમે કદિ નહિ કરી શકો. અને પછી હાથની વચલી આંગળીથી તમારાં નાક અને કાન ચીંધીને બોલવું કે 'આ નાક છે ને આ કાન છે.' તમારા મિત્રો એ પ્રમાણે કરીને બોલશે તો ખરા, પણ નવ્વાણુ ટકા તે અંગુઠાની જોડેની (તર્જની) આંગળી જ વાપરવાના. પછી તેમની ભુલ બતાવજો. ગજબ થશે.



ઇંડાના ઘાટની આ વિચિત્ર ઓરડી ઉતાકામંડમાં એક ગૃહસ્થના મકાનના દરવાજે ચોકીદારને રહેવા માટે કરેલી છે. વરસાદ, પવન અને તાપથી બચાવ કરવા સાથે તેનો ઘાટ રાહદારીને ખાસ આકર્ષણ કરે એવો છે; ને સુંદર પણ.